ભૂમિપુત્ર

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 073 Issue No. 04 Date : 01-11-2025

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | મનને જાણીએ (૨૨) |
| રમેશ દવે | ૦૫ | શીતળ માનવ્યની ઘટાદાર છાયા : મૂળશંકરભાઈ ભટ્ટ |
| ઇન્દુ રોહિત, ચતુરભાઈ પરમાર, માર્ટિન મેકવાન | ૦૬ | શાંતિ માટેની એક પહેલ |
| અનુરાધા પ્રસાદ, અનુ. રાજેન્દ્ર દવે | ૦૭ | મહાત્મા ગાંધી અને અરવિંદ ઘોષ |
| મહેશ આ. ભટ્ટ | ૦૮ | અંતઃકરણો |
| કપિલ શાહ | ૧૦ | સરકારનો ખેલ, સોનમને જેલ - હવે તો હદ થાય છે! |
| સ્વાતિ દેસાઈ | ૧૨ | ગ્લોબલ સુમુદ ફ્લોટીલા : આ જનસંહાર બંદ કરો! |
| હિદાયત પરમાર | ૧૪ | સફીના હુસૈનને મેગ્સેસે એવોર્ડ |
| મધુરેશ કુમાર | ૧૬ | જનઆંદોલનોનો રાષ્ટ્રીય સમન્વય : ૮ - એન.એ.પી.એમ.નાં ત્રીસ વર્ષ : લોકશાહી અને જન રાજનીતિની યાત્રા - ૬ |
| રમેશ ઓઝા | ૧૯ | પ્રખર સમાજવાદી – ગાંધીવાદી જી.જી. પરીખને સ્મરણાંજલિ |
| સ્વાતિ | ૨૦ | કામિનીબેન દવેની વસમી વિદાય |
| આશા વીરેન્દ્ર | ૨૧ | પુસ્તક પરિચય : શિવા– એક સામાન્ય છતાં અસામાન્ય નારી |
| મહેશ પઢારિયા | ૨૨ | ખુદાના નેક બંદા : ઈસ્માઈલ દાદા |
| આશા વીરેન્દ્ર | ૨૪ | કલ્ચરલ ટ્રેઈનિંગ |


યજ્ઞ પ્રકાશન

(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month
ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર

**BHOOMIPUTRA**
Gujarati Fortnightly
Price Rs.10, Annual Sub. Rs.200.
**Vol.73 Issue No.04 1944 Date : 01-11-2025**
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.

ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# મનને જાણીએ (૨૨)

❍ વિનોબા ❍

(ગતાંકનું ચાલુ....)

## વિવિધા (૩)

● ઘણા બધાને આ બાબત ખબર નથી કે મનમાં કોઈ ખરાબ વિચાર આવે અને તે બહાર પ્રગટ નથી થતા, તો પણ તે વિચારની દુનિયા પર ખરાબ અસર પડે છે અને તેવી રીતે મનમાં જો કોઈ સારો વિચાર આવે અને તે વાણી દ્વારા પ્રકટ નથી થતો, તો પણ આ દુનિયા પર તે વિચારની સારી અસર પડે છે. એટલા માટે અંદર જે ભાવ રહેલો હોય છે, તેનું નિયમન પણ થવું જોઈએ.

● દરેકના મનમાં જ નહીં, પણ મનથી પણ વધુ ઊંડાણમાં અર્થાત્ શરીરની ભીતરમાં જીવવાની ઇચ્છા પોતાનું સ્થાન જમાવી લે છે. આ જે જિજીવિષા છે એ માણસને સૌથી વધુ ભોંકાતું શૂળ (કાંટો) છે. માણસના મનમાં જીવન જીવવાની અભિલાષા હોય તો તેને મરણનો ભયરૂપી કાંટો સતત ભોંકાયા કરે છે. પરંતુ જે નિસ્પૃહ છે કે જેને ન તો જીવનાસક્તિ પણ છે અને ન તો મરણાસક્તિ. મનુના શબ્દોમાં - नाभीनंदेत मरणं नाभिनंदेत जीवनम् ।

● 'અમે અમારું ચિત્ત શુદ્ધ કરીશું અને તમે તમારા ચિત્તને શુદ્ધ કરશો.' - આવું જ્યારે આપણે બોલતા હોઈએ છીએ ત્યારે આપણે અલગ પડી જઈએ છીએ અને આપણે બીજાઓને અલગ કરી દઈએ છીએ. આપણે એવું સમજવા લાગીએ છીએ કે આપણું ચિત્ત તો શુદ્ધ થઈ રહ્યું છે, પણ પડોશીનું ચિત્ત આપણા જેટલું શુદ્ધ નથી થઈ રહ્યું. આવું વિચારવાથી આપણો અહંકાર આપણા મસ્તક પર જઈ બેસે છે. આનો અર્થ એ થયો કે સાધક એક મંજિલ ચઢ્યો તો ખરો પણ પાછો તે નીચે પડી ગયો. પોતાના ચિત્તની શુદ્ધિ કરીને હું બીજાં બધાં કરતાં શ્રેષ્ઠ છું એવી ભાવના રાખવા કરતાં તો વધારે સારું એ હતું કે ચિત્ત શુદ્ધ જ ન થાત. 'હું' બધાંમાં સમાન રહે એ જ સારું હતું.

● મનુષ્યને ક્યારેક ક્યારેક પોતાના દોષોનું ભાન બરાબર થતું હોય છે અને એમના ધ્યાનમાં આવી પણ જતું હોય છે કે હું કાંઈક અંશે પતિત છું. પરંતુ તેમ છતાં પણ એમના મનમાં એવો અહમ્ રહેતો હોય કે મારા કરતાં બીજા લોકો વધારે પતિત છે. એમના કરતાં હું બહેતર છું. ત્યારે ભગવાન આ પ્રકારના મનુષ્યોને કહેશે કે મારી મદદની તને એટલી જરૂર નથી, જેટલી બીજા લોકોને છે. સૂરદાસે ગાયું છે કે, मो सम कौन कुटिल खल कामी । એમણે આ કંઈ કોઈ કવિતા નહોતી લખી, એમના મનમાં આવો ભાસ થતો હતો

● आहे ऐसा देव वदवाची वाणी, नाहीं ऐसा मनीं अनुभवावा – આપણે વાણીથી કહીએ કે દેવ છે અને દેવ નથી એવું મનથી અનુભવ કરીએ. એ આપણાથી ભિન્ન પણ છે અને આપણે પણ એ જ છીએ, આવો અનુભવ કરવો જોઈએ. તે આપણાથી ભિન્ન છે, આવી રીતે બોલીશું તો આખી સૃષ્ટિનો મહિમા હંમેશાં માટે કાયમ રહેશે. અને મનથી અનુભવ કરીએ કે હું જ તો તે છું, તો માનસિકરૂપે એકતાનો અનુભવ આવશે અને બહાર વાણીમાં ભિન્નતાનું પ્રકાશન થશે. ગીતા કહે છે 'તું સત્ છે, તું અસત્ છે અને આ બંનેથી પર પણ છો.

● ઈમોશન્સ (ભાવનાઓ) મનમાં હોય છે. એ ભાવનાઓનું પ્રદર્શન કરવાની, એને વ્યક્ત કરવાની કોઈ જરૂર હોવી ન જોઈએ. કેટલાક લોકો ભક્તિભાવના આવેગમાં જોર-શોરથી નાચતા હોય છે, રડતા હોય છે. મારું મન આના માટે અનુકૂળ નથી. આપણે ભાવનાઓ વ્યક્ત કરીશું તો જેવી રીતે વરાળ ઊડી જાય છે, તેવી રીતે ભાવ પણ ઊડી જશે. ભાવોને હૃદયસંપુટમાં સાચવીને સજાવીશું તો એમાંથી એક તાકાત પેદા થશે.

● ધ્યાનયોગ અર્થાત્ ચિત્તનિરોધયોગ. સામાન્ય રીતે એવું જોવા મળતું હોય છે કે જેમ જેમ વેગ વધે, તેમ તેમ શક્તિ વધતી હોય છે. પરંતુ ચિત્તની સ્થિતિ આનાથી ઊલટી હોય છે. ચિત્ત જેટલું વેગરહિત હોય, એટલું એ શક્તિસંપન્ન હોય છે. વેગના અભાવમાં ચિત્તમાં શક્તિ આવે છે. ચિત્તની શક્તિ માટે શાંતિ જોઈએ. સ્મશાનની કે ઊંઘની શાંતિ નહીં, પણ સમાધિની શાંતિ જોઈએ. નાનકડા અમથા બલ્બમાં વીજળી ભરી દે છે, એવી રીતે યોગ ચિત્તમાં શક્તિ ભરી દે છે. આ બહુ મોટી નાજુક સાધના છે.

● સાધના બધાં માટે એકસમાન હોતી નથી. ચિત્તની હાલત જોઈ-વિચારીને તદનુસાર સાધના કરવી પડે છે, અને તે દરેક માટે જુદી-જુદી હોય છે. જો કોઈ કામી માણસ છે, તો એના માટે અલગ પ્રકારની સાધના કરવાની હોય છે, કોઈ ક્રોધી માણસ છે તો એને બીજા પ્રકારની સાધના કરવાની હોય.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

● ઘરના, ફેક્ટરીના કે સંપત્તિના બધા માલિક બનતા હોય છે. પણ આ એકદમ ફીકા-નિસ્તેજ માલિક છે. એમાં કોઈ સાર અથવા સત્ત્વ હોતાં નથી. એના બદલે માણસ જો પોતાના મન પર કાબૂ રાખવાના પ્રયત્નો કરતા રહીને એનો માલિક બને તો એના હાથમાં આખી દુનિયાની હકૂમત આવી જશે.

● અઘમર્ષણ સૂક્તમાં આ સૃષ્ટિની રચનાનું, એની વિશાળતાનું, એના મૂળમાં જઈને સંશોધન કરીને તત્ત્વ સમજાવ્યું છે. આના પરિણામ સ્વરૂપે ચિત્તમાં અહંકાર રહી શકતો નથી. શરીરની તુચ્છતાનો પ્રતિક્ષણ અનુભવ થયા કરે છે, માટે આવા મનુષ્યોથી પાપ થશે નહીં. શરીરની ક્ષણભંગુરતાનું ચિંતન કરવાથી મન ઊંચાઈ પર પહોંચે છે.

● આજે માણસે ભોગવાસનાને અત્યંત વ્યાપક બનાવી દીધી છે. આખી દુનિયાની ચીજવસ્તુઓનો આપણે આપણા શરીર માટે ઉપયોગ કરવા ઇચ્છીએ છીએ. બીજી બાજુ આપણે અભિમાનમાં સાવ નાના બની ગયા છીએ. નાનાં-નાનાં રાજ્યોનું, નાની-નાની ભાષાઓનું, ધર્મોનું અભિમાન રાખતા થઈ ગયા છીએ અને મુખ્ય આખી માનવતાને ભૂલી ગયા છીએ. પણ આપણું, આપણી શારીરિક જરૂરિયાતો માટે આખી દુનિયા પર અવલંબિત રહેવું અને નાના નાના સમૂહો માટે અભિમાન રાખવું - આ વિજ્ઞાનયુગમાં લાંબું ચાલશે નહીં. માટે આપણે મનો-ભાવનાઓને વ્યાપક કરવી પડશે અને ભોગવાસનાને મર્યાદિત કરવી પડશે. તો જ આપણે વિજ્ઞાનયુગમાં ટકી શકીશું.

● આપણે કોઈની સારી વાત સાંભળીએ છીએ, તો એ વાતને તરત માની લેવા માટે આપણે રાજી થઈ જવું જોઈએ. ચિત્તની આવી વૃત્તિ બની જવી જોઈએ. કોઈના વિષે કંઈક ખોટી ખબર સાંભળીએ, તો આપણું ચિત્ત તે માનવા માટે રાજી નહીં હોય, એવું હોવું જોઈએ. જ્યારે ખોટી વાત સાંભળીએ, તો સર્વપ્રથમ તો આ વાત ખોટી છે, આવો ભાવ આપણા મનમાં રહેવો જોઈએ. અને જો તે વાતનું પ્રમાણ (સબૂત) મળી જાય તો લાચાર થઈને તે માનવું પણ જોઈએ.

● આ દુનિયામાં સતત બૂરાઈ અને ભલાઈ વચ્ચે અથડામણ ચાલતી રહે છે. આપણે ભલાઈનો રસ્તો ન છોડતાં હમેશાં બૂરાઈ સામે ટક્કર લેવાની જ રહેશે. આ જે લડાઈ ચાલી રહી છે તે બહાર પણ ચાલી રહી છે અને આપણી અંદર પણ ચાલે છે. આપણે આપણા મનની ભીતર ઊઠનારા વિકારોનો પણ મુકાબલો કરતા રહેવાનો છે. અને આ પ્રકારની ટક્કરો લેવા છતાં પણ આપણે આપણી ચિત્તવૃત્તિને એકદમ શાંત રાખીને કામ કરતું રહેવાનું છે. આવા સમયે ભલેને કેટકેટલાંય દુઃખોનો આઘાત થતો રહે, તે દુઃખોની પરવાહ ન કરવાની વૃત્તિ રાખવી પડશે. સુખ-સમૃદ્ધિ મળે તો પણ એનાથી અલિપ્ત રહેવાની વૃત્તિ રાખવી પડશે.

● એક છે આર્થિક સામ્ય, જે દરેક વ્યવહારમાં મદદરૂપ થાય છે. બીજું છે સામાજિક સામ્ય, જેના આધારે સમાજમાં વ્યવસ્થા જળવાય છે. અને ત્રીજું છે માનસિક સામ્ય, જેના દ્વારા મનુષ્યના મનનું નિયંત્રણ થાય છે, જે બહુ જરૂરી છે. આમ, આર્થિક-સામાજિક સામ્ય કરતાં માનસિક સામ્ય નિઃસંદેહ રીતે શ્રેષ્ઠ છે, પરંતુ આ ત્રણેયથી પર એક સામ્ય તત્ત્વ છે, જેના પેટમાં આ બધાં સામ્યો સમાઈ જાય છે. અને તે છે આત્યંતિક પરમસામ્ય. આ પરમસામ્ય એ વસ્તુ છે, જે વૈજ્ઞાનિક અને નૈતિક ક્ષેત્ર કરતાં પણ ખૂબ ઊંચાઈ પર જતી હોય છે. અનેકવિધ સામ્યોમાં શ્રેષ્ઠ માનસિક સામ્ય છે. તે મેળવવાની વસ્તુ છે, પરંતુ પરમ સામ્ય તો આ દુનિયામાં જ છે એને પ્રાપ્ત તો શું કરાય; એનો તો આવિષ્કાર જ કરવાનો છે. એ પરમસામ્યને શોધવાનું છે.

● એક જર્મન વિજ્ઞાનીએ કહેલું કે - આપણે જે અનાજ ખાઈએ છીએ, તે અન્નમાંથી ત્રણ પ્રકારની શક્તિ બને છે. એક ફિઝીકલ, બીજી મેંટલ અને ત્રીજી સેક્સ્યુઅલ. માંદા માણસને દૂધ આપ્યું, તો એનું શારીરિક શક્તિમાં રૂપાંતર થશે. જ્ઞાની મનુષ્ય છે, ભલે તે ગમે તે ખાઈ લે, એ એનું પરિવર્તન માનસિક શક્તિમાં કરશે. અને જે વિષયાસક્ત વ્યક્તિ છે તે જે પણ કાંઈ ખાશે, એનાથી એની વિષયવાસના વધશે.

● સાચો ધર્મ આજ સુધી બન્યો નથી. કેમ કે તે માનસિક ભૂમિકા પર રહ્યો છે. એ જ્યારે વિજ્ઞાનની ભૂમિકા પર આવશે, ત્યારે સાચો ધર્મ બનશે. જે ધર્મ બુદ્ધિની કસોટી પર કસવામાં આવ્યો હશે, જે માનસિક કલ્પનાઓ, વાસનાઓ અને કામનાઓ વગેરેથી પર પહોંચ્યો હશે અને જે ધર્મ આખી દુનિયાના તમામ ભેદભાવોને - ઉપાસનાઓના ભેદભાવની સાથે - બહાર કાઢી નાખનાર હશે, તે ધર્મ જ ટકશે. હવે તો વિજ્ઞાન અને આત્મજ્ઞાનની પાંખો દ્વારા ઊડવાનું શીખીને ધર્મસંસ્થાપના કરવાની છે.

**આ અંકમાં**


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | મનને જાણીએ (૨૨) |
| રમેશ દવે | ૫ | શીતળ માનવ્યની ઘટાદાર છાયા : મૂળશંકરભાઈ ભટ્ટ |
| માર્ટિન મેકવાન | ૬ | શાંતિ માટેની એક પહેલ |
| ડૉ.અનુરાધા પ્રસાદ | ૭ | મહાત્મા અને અરવિંદ ઘોષ |
| મહેશ ભટ્ટ | ૮ | અંતઃકરણો |
| કપિલ શાહ | ૧૦ | સરકારનો ખેલ.... |
| સ્વાતિ દેસાઈ | ૧૨ | ગ્લૉબલ સુમુદ ફ્લોટીલા : આ જનસંહાર બંધ કરો ! |
| હિદાયત પરમાર | ૧૪ | સફીના હુસૈનને મેગ્સેસે એવોર્ડ |
| મધુરેશ કુમાર | ૧૬ | એન.એ.પી.એમ.નાં ત્રીસ વર્ષ : લોકશાહી અને જન રાજનીતિની યાત્રા-૬ |
| રમેશ ઓઝા | ૧૯ | પ્રખર સમાજવાદી - ગાંધીવાદી જી.જી. પરીખને સ્મરણાંજલિ |
| સ્વાતિ | ૨૦ | કામિનીબેન દવેની વસમી વિદાય |
| આશા વીરેન્દ્ર | ૨૧ | શિવા - એક સામાન્ય છતાં અસામાન્ય નારી |
| મહેશ પઢારિયા | ૨૨ | ખુદાના નેક બંદા : ઇસ્માઈલ દાદા |
| આશા વીરેન્દ્ર | ૨૪ | કલ્ચરલ ટ્રેઈનિંગ |




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

● હવે માનસિક સ્તરે રહીને કામ કરવાના દિવસો આવી ચૂક્યા છે. માન-અપમાન, રાગ-દ્વેષ વગેરે બધું જ મનમાં ચાલતું હોય છે અને એને આધારે તો રાજનીતિ વગેરે કામો ચાલતાં હોય છે. પણ આનાથી આગળ તે ચાલશે નહીં. હવે તો માણસે વિજ્ઞાન અને આત્મજ્ઞાનને જોઈને જ કામ કરવાનું છે અને તેણે પોતાના મનને શૂન્ય બનાવવું પડશે.

● ખેતી કરવાથી માનસિક આનંદ પ્રાપ્ત થાય છે. બુદ્ધિ સતેજ બને છે અને મન ઉદાર બને છે. ખેતરોમાં ખોદવાના કામથી શારીરિક લાભની સાથોસાથ જે માનસિક લાભ થાય છે, આ તો એક વિશેષ અનુભવ છે. ખેડૂત માટે તો અનંત આકાશ, ખુલ્લી હવા, રવિકિરણોનો સ્પર્શ અને સીધું ઊભું ટટ્ટાર શરીર, આ એક ચતુરંગ યોગ જ છે.

● આપણા લોકોની માનસિક સ્થિતિ સારી છે, ખરાબ નથી થઈ. ખરાબ માનસિક સ્થિતિ તો વેસ્ટર્નાઈઝ્ડ (પશ્ચિમી રંગમાં રંગાયેલા) લોકોની થઈ છે. શહેરવાળાઓનાં મન થોડાંક બગડ્યાં છે, પણ આમ જનતાનું મન બગડ્યું નથી. પ્રયાગમાં, મહારાષ્ટ્રમાં લાખો લોકો યાત્રા માટે જતા હોય છે. એમનું દિમાગ સારું છે. એમનાં હૃદયમાં ભગવાનની ભક્તિ છે.

● જે વ્યક્તિ ડરપોક છે તે ભયથી ભાગી જાય છે. તે શરીરથી હિંસા નથી કરતો, પણ મનથી હિંસા કરે છે. આ માનસિક હિંસા ખૂબ ભયાનક હોય છે. એટલા માટે જે કાયર, ભીરુ, ડરપોક છે, તે અહિંસાનું પાલન કરી શકતો નથી. એવી જ રીતે મનમાં વેરભાવ રાખનાર માણસ પણ અહિંસક નથી. એ તો ખૂબ ખતરનાક છે. એનાથી તો બહેતર એ છે કે જે બહારથી લડી લે છે.

● શારીરિક સંગતિની અપેક્ષા માનસિક સંગતિનું મહત્ત્વ ઘણું બધું છે. શરીરથી પાસે રહીને પણ માણસ મનથી દૂર રહી શકે છે. દિવસ-રાત નદીનું પાણી ઓઢીને સૂતેલો પથ્થર ભીનાશથી એકદમ અલિપ્ત રહી શકે છે. આનાથી એકદમ વિપરીત શારીરિક વિયોગમાં પણ માનસિક સંયોગ થઈ શકે છે. આમાં સંયમની પરીક્ષા થાય છે. શરીરની સંગતિ એ સાચી સંગતિ નથી. મનની સંગતિ જ સાચી સંગતિ છે.

● મનુષ્યનાં પાપ-પુણ્ય અથવા માનસિક ભાવોની સાથે બાહ્યસૃષ્ટિમાં ફરક આવે છે - એના પર પરિણામ આવે છે, કવિઓમાં આ શ્રદ્ધા જોવા મળે છે. આપણે એ કવિતાને વાંચીએ છીએ અને એમાંથી આનંદ લૂંટીએ છીએ. અને સાથોસાથ એ પણ કહીએ છીએ કે આવી શ્રદ્ધામાં માનવું તે બુદ્ધિહીનતા છે.... જેવી રીતે આ શ્રદ્ધા, ભાવના, સિદ્ધાંત છે કે બાહ્ય સૃષ્ટિનો આપણી સાથે સંબંધ છે. બાહ્ય સૃષ્ટિની આપણા પર અસર થાય છે, એવી રીતે હું તો આ પણ માનું છું કે આમાં ઊલટો સિદ્ધાંત આ પણ છે કે આપણી પણ અસર બાહ્ય સૃષ્ટિ પર થતી હોય છે.

● મોટર, ફાઉંટન પેન વગેરે નવા શબ્દો બનતા રહે છે. બનશે પણ ખરા. સત્યાગ્રહ, ગણસેવકત્વ જેવા સામાસિક શબ્દ પણ બને છે. પરંતુ અત્યારે નવા માનસિક શબ્દો બનવાનું બંધ છે, કદાચ એની જરૂર પણ નથી. આ વિષય ઘણો સૂક્ષ્મ છે કે આ માનસિક શબ્દ કેવી રીતે બન્યા હશે, ક્યારે બનવાની શરૂઆત થઈ હશે ! આ બધું વિચારતાં બુદ્ધિ થાકી જાય છે.

● ઝાડુ-સાવરણી લઈને કોઈ નિશ્ચિત - વિશિષ્ટ સ્થળની સફાઈ થઈ શકે, પરંતુ સ્વચ્છ વિશ્વનું કાર્ય તો માનસિક જ રહેવાનું. ક્ષેત્ર જેટલું વ્યાપક, એટલું જ આપણું કાર્ય ભાવનાત્મક રહેવાનું.

● કોઈ પણ ક્રિયા હોય, પછી તે ભલે ને ગમે તે શારીરિક ક્રિયા હોય કે ધ્યાન-ચિંતનાદિ માનસિક ક્રિયા હોય, તે બધી ક્રિયાઓ ઈશ્વરની સાથે જોડાઈ જશે, ત્યારે એને ભક્તિનું રૂપ સાંપડશે. અન્યથા તે એક વ્યાવહારિક શક્તિ બની રહેશે, જે સંસાર સાગરમાં ડુબાડી શકે.

● સંકલ્પ કરવા ન જોઈએ, પણ થવા જોઈએ. કરેલા સંકલ્પ માનસિક હોય છે. જે સંકલ્પ સહજ ભાવે ઉપસ્થિત થતા હોય છે તે આત્મિક સંકલ્પ હોય છે, એ કલ્યાણકારી હોય છે.

● આ જે સમાધિ છે તે પણ એક પ્રકારનું માનસિક કલોરોફોર્મ છે, જેનાથી થોડા વખત માટે ચિત્ત, સુખ દુઃખથી પર થઈ જાય છે. પરંતુ પછી તે ફરીથી સંસારમાં આવી જાય છે. સમાધિનો આનંદ પણ એક અસ્થાયી માનસિક સ્થિતિ છે. આત્માનંદ તો આનાથી પણ પર અને સ્થાયી વસ્તુ છે.

● નિંદક જે રીતે એની પોતાની મનોકલ્પિત દોષોની કલ્પના કરીને મારી નિંદા કરે છે અને એની એ નિંદા ને હું મારી પર લેતો નથી, કેમ કે એ એની માનસિક કુભાવનાની જ નિંદા હોય છે, એવી જ રીતે જે પૂજક છે તે પોતાની મનોકલ્પિત ગુણોને લઈને મારી સ્તુતિ કરે છે તો એ સ્તુતિને પણ આપણે આપણા પોતાના પર લેવાની કોઈ જરૂર નથી, કેમ કે તે પણ એની માનસિક સદ્‌ભાવનાની જ સ્તુતિ છે.

● ભૂઃ ભુવઃ સ્વઃ વગેરે શબ્દો માનસિક અવસ્થાઓના પ્રતીક છે. ભૂઃ ભુવઃ સ્વઃ - આ ત્રણ સ્થૂળ શબ્દ, સૂક્ષ્મ અર્થમાં દેહ, પ્રાણ અને મન (ફીઝીકલ, વ્હાઈટલ, મેન્ટલ) સ્તરના નિદર્શક છે. સ્થૂળમાં તેઓ ત્રણ લોક - પૃથ્વી, અંતરિક્ષ અને સ્વર્ગ દેખાડે છે.

● मनि जीतै जगु जीत - મનને જીતી લીધું તો આખી દુનિયાને જીતી લીધી. આપણો ઉદ્દેશ્ય દુનિયાને જીતવાનો નહીં, પણ મનને જીતવાનો છે.

● બીજાને ખૂંચે તેવું આપણે બોલવું નહીં. પોતાના મનને ખૂંચે તો મુક્ત હાસ્ય કરીએ.

● જ્યાં સુધી જવાબદારીનું કામ જુવાનિયાઓ ઉપાડતા નથી, ત્યાં સુધી ચિત્ત એમના કાબૂમાં આવવું સંભવ નથી.

● સાર્વજનિક ત્યાગમાં અને સાર્વજનિક ભોગમાં એક વિશેષ આનંદ આવે છે. આમાં કોઈના ય મનમાં અભિમાન નથી રહેતું કે હું ત્યાગી છું.

● આત્મપરીક્ષણ દ્વારા મનના, મૌન દ્વારા વાણીના અને કર્મયોગ દ્વારા શરીરના રોગ નાબૂદ થયા વગર આત્માને આરોગ્ય મળશે નહીં.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

● જે સમયે ચિત્ત નિર્વિકાર રહે છે, એટલો સમય સાર્થક. અને જે સમયે ચિત્તમાં વિકાર આવે, પછી ભલે આપણે જે પણ કામ કરતા હોઈએ, તે સમય વ્યર્થ ગયો સમજવો.

● પોતાના ચિત્તથી લઈને સામાન્ય ચીજવસ્તુઓ સુધી જે વસ્તુ જ્યાં જે રૂપમાં છે, તે એ રૂપમાં ત્યાં શા માટે છે, એનો સંતોષકારક ઉત્તર મળે છે, ત્યારે તે સ્થાન ધ્યાનાત્મક બને છે.

● બ્રહ્મવિદ્યા અર્થાત્ ચિત્તની પ્રસન્નતા, ગુણ ગ્રહણની દૃષ્ટિ, ગુણ - સંગ્રહની વૃત્તિ. આનાથી ઊલટું દોષોનો જો સંગ્રહ થાય, તો આપણું મન કચરાનો ખડકલો બની જાય.

● સત્ત્વગુણનું દેહ પર પરિણામ - દેહનું આરોગ્ય પર, મન પર પરિણામ - દયા, ક્ષમા, શાંતિ. બુદ્ધિ પર પરિણામ - સત્યજ્ઞાનની જિજ્ઞાસા.

● બુદ્ધ ભગવાને કહ્યું હતું કે જેવી રીતે રોજ નાહવાથી શરીર સ્વચ્છ રહે છે, રોજ ઝાડુ લગાવવાથી ઘરની સફાઈ થાય છે, એવી જ રીતે રોજ અધ્યયન કરવાથી મન સ્વચ્છ રહે છે.

● યોગ એટલે ચિત્ત પર કેવી રીતે અંકુશ રાખવો, ઇંદ્રિયો પર કેવી રીતે સત્તા રાખવી, મન પર કેવી રીતે કાબૂ મેળવવો, વાણી પર કેવી રીતે સત્તા રાખવી ? -આ યોગનો સાચો અર્થ છે.

● વિચાર એ બુદ્ધિગત શક્તિ છે, પ્રેમ એ હૃદયગત શક્તિ છે, એવી રીતે સંકલ્પ ચિત્તની શક્તિ છે. આત્મશક્તિ માટે, ચિત્તશુદ્ધિ માટે, સંકલ્પને શુદ્ધ રાખવો જરૂરી છે.

● મૌન પ્રાર્થનામાં બે જોખમ છે - (૧) ચિત્ત ચારે દિશાઓમાં ભટકતું રહે છે અને (૨) ઊંઘ આવી જવી. ઊંઘ એ તમોગુણનો પ્રહાર છે અને ચિત્તનું અહીં-તહીં જવું એ રજોગુણનો પ્રહાર છે.

● પ્રાર્થના માટે જે ભેગા થાય છે તેઓ માનસિક સહ-ભોજન ઇચ્છે છે. એનાથી આધ્યાત્મિક મૈત્રી વધે છે.

● જે વિચાર બહુ શક્તિશાળી અને વધારે ચિરંજીવી હોય છે, તે જનમાનસમાં મોડેથી અંકુરિત થાય છે. અને જે વિચાર ક્ષીણ છે તે જલદીથી અંકુરિત થઈ જાય છે.

● જીવનમાં ખરાબ વાતોનો આપણને ડગલે ને પગલે અભ્યાસ થયા કરે છે. આપણે આપણી જીભને, આંખોને, અને કાનને સ્વાદ, લોલુપતા (ચટોરાપણું) શીખવીએ છીએ. આપણે આપણા ચિત્તને આનાથી જુદા અભ્યાસમાં લગાવવો જોઈએ. સારી વાતોમાં ચિત્તને પરોવવું જોઈએ. ચિત્તને એના રંગમાં રંગી દેવું જોઈએ.

● જો અશુભ કાર્ય કરવાનો મનમાં વિચાર આવે તો શું કરવું ? એ વિચારને દૂર ધકેલતા જાઓ. આજે નહીં, કાલે કરીશું. કાલનો દિવસ આવી ગયો તો વળી બીજી કાલ. આમ એ વિચારને દૂર ને દૂર ધકેલતા રહેવાથી છેલ્લે તે ખતમ થઈ જશે - अशुभस्य कालहरणम् ।

● આપણે આપણા પોતાના દોષોના નિવારણ માટે તીવ્રતા લાવવી જોઈએ, બીજાઓના દોષોને સહન કરવા માટે ધીરજ લાવવી જોઈએ. અને કયા ચિત્તમાં કયો દોષ છે, આ જોઈને એ દોષને બહાર આવવાનો મોકો ન મળે એવાં કામોમાં ચિત્તને લગાવી દેવું જોઈએ.

● બીમારીમાં શરીરને જે તકલીફ અનુભવાતી હોય છે, તે તો રહેશે જ, પરંતુ તે સમયે ચિત્ત આત્મ-ભાવના ગ્રહણ કરવા માટે તૈયાર હોય છે. ત્યારે ચિત્તમાં કોમળતા આવે છે. આનાથી ક્યારેક ક્યારેક યોગીઓને જે સધાતું નથી તે રોગીને સધાઈ જાય છે.

● હું શરીર નથી, ઇંદ્રિયો નથી, મન-બુદ્ધિ નથી, કેવળ હું પરિશુદ્ધ આત્મા છું. દેહથી પર એવા દિવ્ય, સુંદર, પરિશુદ્ધ આત્મસ્વરૂપનું ધ્યાન કરવાથી ચિત્ત આત્મરસથી સંપન્ન થઈ જાય છે અને ત્યારે તેના ચિત્તનો લોપ થઈ જાય છે અને ચૈતન્ય પ્રગટે છે.

● અહિંસાની શક્તિ ત્યારે પ્રગટે છે, જ્યારે સામેવાળાના, દોષી માનવામાં આવનાર માટે આપણા મનમાં કંઈક પ્રેમ હોય અને એની ઉન્નતિ માટે આપણું પણ કોઈ એકાદ કદમ એના માટે ઉપાડ્યું હોય તે જરૂરી છે.

● સામેવાળાના વિષયમાં આપણા મનમાં દ્વેષ ન હોવો એટલું પૂરતું નથી, પણ આ પણ એટલું જ જરૂરી છે કે આપણા મનમાં એના માટે પ્રેમ અને કરુણા હોય. આપણી કૃતિથી કરુણા ફેલાવી જોઈએ.

● આત્મદર્શન માટે ભક્તિ, સમત્વબુદ્ધિ જોઈએ અને સૌથી વધુ મહત્ત્વનું તો એ છે કે આપણી ચિત્તશુદ્ધિ થઈ હોવી જોઈએ.

● મન પર કાબૂ મેળવવાનો સરળ કીમિયો એ છે કે મન જે કહે તેના પર તરત અમલ ન કરવો અને કોઈ પણ વાતની અસર મન પર એકદમ થવા ન દેવી.

● સાધકોનાં ચિત્ત એકબીજા માટે અનુરાગથી ભરેલાં હોય, સાધકોમાં અન્યોન્ય અનુરાગ જેટલો વધતો જશે, એટલું વ્યક્તિગત મનનો લોપ થશે.

● બુદ્ધિમાં વિવેક હોય, મનમાં ધીરજ હોય અને હૃદયમાં ભગવદ્-આશ્રય હોય તો આપણા માટે આ સંસાર-સાગર મૃગજળવત્ સાબિત થઈ જશે.

● પોતાનામાં રહેલા મોટા મોટા દોષ ચિત્તને જકડે છે, અને એને બહાર પ્રગટ કરી દેવાથી તે દોષો ક્ષીણ થાય છે. આમ દોષપ્રકાશન કરવાથી દોષ-મુક્તિમાં મદદ મળે છે.

● આપણા મનમાં એકદમ પાક્કો નિશ્ચય થઈ જવો જોઈએ કે આખી માનવતા એક છે અને આપણે માનવતાના પ્રચારક છીએ. અને તેમની સેવા માટે આપણે ભારતીયતાનો ચોળો (વસ્ત્ર) પહેરી લીધો છે.

● આપણા મનમાં આ ભાષા હોવી જોઈએ કે આપણે વિશ્વમાનવ છીએ. આપણે વિશ્વના નાગરિક છીએ, આપણે વિશ્વનું કાર્ય કરવાનું છે, વિશ્વશાંતિની સ્થાપના કરવી છે.

● આપણા મનમાં આ અંગે કોઈ જ દ્વિધા કે સંશય ન હોવાં જોઈએ કે આપણા જીવનનો ઉદ્દેશ્ય શું છે ? જીવનનો ઉદ્દેશ્ય તો પરમાત્મ-દર્શન જ છે.

(સંપૂર્ણ) (સંકલિત)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# શીતળ માનવ્યની ઘટાદાર છાયા : મૂળશંકરભાઈ ભટ્ટ

**સ્વ**ર્ગસ્થ મૂળશંકરભાઈને લોકભારતી-પરિવારે પ્રેમાદરપૂર્વક 'ભાઈ' કહીને સંબોધ્યા હતા. આદરસૂચક આ સંબોધને એમના નામની જગ્યા કાયમને માટે પચાવી પાડી હતી અને એનાથી બૃહદ પરિવાર સાથેની એમની આત્મીયતા પ્રગટ થતી હતી. ભાઈના ચહેરે હંમેશાં પ્રેમ નીતરે. વાતો કરતી વેળા, વ્યક્ત થતો વિચાર પણ ભાવવિહીન ન નીવડે. આ ભાવપ્રવણતા એમને સહજોપલબ્ધ હતી. આજે તો કારણ છે પરંતુ ક્યારેક એમનું અકારણ સ્મરણ થતાં, પૂર્વે અનુભવાયેલી વત્સલતા જ એમના પ્રસન્ન ચહેરા રૂપે તાદૃશ્ય થશે. નાનાં-મોટાં સૌ સાથે હળવે હૈયે મળતાં રચાયેલો ચાહતનો આ સંબંધ જ એમની 'ખરચી ન ખૂટે' એવી સંપત્ત બની રહ્યો.

બોડકાં માથાંવાળા મુરબ્બીઓની મને એલર્જી છે. પહેલી વાર મળતાં મન સંકોચાઈને લગીર સીમિત બની જાય, ઉમળકો ન અનુભવે પણ ભાઈને માથે તો બારે માસ ઘારી ! અર્થાત્ નહિ મુંડન, નહિ બાબરીનો ઘાટ ! પ્રશ્ન પુછાયાની પળોમાં માથું ખંજવાળવાની લાક્ષણિકતા એમની આ પ્રિય હેરસ્ટાઈલ માટે જવાબદાર હશે ? કિશોરાવસ્થાથી ભાઈને એક જ રંગ-રૂપે જોયા છે : ઉપર કહ્યું તેવું બોડકું માથું, બેધડક ભીનો કહી શકાય એવો વાન, પ્રશ્નોરા ઘેર બેઠાં પહેરે એવું ટૂંકું બાંડિયું ને ધોતિયું. પગમાં ગાંધીપટ્ટીનાં ચંપલ. ચાલ સહેજ ઉતાવળી એટલે એનો પટ્ટપટ્ટ અવાજ પણ આવે. પાછલાં વર્ષોમાં, સાંજે ફરવા નીકળ્યા હોય ત્યારે હાથમાં વૉકિંગસ્ટીક પણ હોય. હા, લોકભારતીની બહાર કશેક જવાનું થાય ત્યારે કફની અને ટોપી ઉમેરાતાં ભાઈનો ભદ્ર પોશાક પૂરો થઈ જાય. એક સાંજે ફરીને પાછા ફરતાં ભાઈએ, લોભારતીના અધ્યાપન-મંદિરના આચાર્ય મણિભાઈ પંડ્યાના વચલા દીકરા હેમંતને ગાતો સાંભળ્યો : 'જબ પ્યાર કિયા તો ડરના ક્યા ?' ગવાતી ગીતપંક્તિ પૂરી થવા દઈ હેમંતને ગાલે મીઠો ચીમટો ભરીને ભાઈ કહે : 'આ ગીત ગાવાની તો દોસ્ત, તમારે ઘણી વાર છે ! ને છતાં ગાવું પડે ત્યારે કહેજો, હું મણિભાઈને કહેવા આવીશ !' અમે ક્રિકેટ રમતાં સૌ મિત્રો હસી હસીને લોટપોટ. હેમંત તો ત્યારે બહુ નાનો પણ હું માનું છું, વિક્રમને કે તુષારને આ પ્રસંગ યાદ હશે.

અમારું આખું કુટુંબ : બા અને અમે ત્રણેય ભાંડરું, ભાઈ પાસે ભણ્યું એનું અમને ગૌરવ. આમાં સૌથી છેલ્લા ક્રમે હું તો માત્ર અંજલિ ભરાય એટલું જ પામ્યો પણ એ અંજલિ ભાઈના પ્રેમની ! લોકસેવાના ત્રીજા વર્ષમાં ભાઈએ ભાવનગરથી આવીને અમને ઉમાશંકર જોશીકૃત 'મહાપ્રસ્થાન' ભણાવ્યું હતું. તબિયત એવી હતી કે એક વર્ગ માંડ લઈ શકે. પાછળ મહેમાનગૃહનો મોટો તકિયો મૂકી વર્ગમંત્રીએ ભાઈને બેસાડ્યા હોય. રોજ સવારનો બીજો પિરિયડ ઉમાશંકરની કવિતા ભણાવતાં ભાઈ સાથે વીતે. બે અઠવાડિયાંનો આ અવિરલ યોગ અમારે માટે નિધિરૂપ નીવડ્યો.

જોકે શિક્ષક કહ્યે, ભાઈની ઓળખ અધૂરી રહે. એ ઉત્તમ, શીળા શિક્ષક હોવા ઉપરાંત વત્સલ ગૃહપતિ હતા. એમનામાં વસતા શિક્ષક અને ગૃહપતિનાં રૂપો શબ્દના બહુવચનનેય ગાંઠે નહિ એમ અભિન્ન ને ઓતપ્રોત થઈ ગયાં હતાં. એ બેમાંથી ક્યું ચઢિયાતું એ વિશેની અમારી વિદ્યાર્થીઓની સદષ્ટાંત ચર્ચા ક્યારેય પૂરી થઈ નથી પણ એક દિવસ અચાનક એનું નિરાકરણ આમ થઈ ગયું : 'દીપનિર્વાણ' ભણતી વેળા અમારામાંથી કોઈએ કહ્યું કે આની ફિલ્મ બનાવીએ તો મજા પડે ! બસ, થઈ ગઈ પાત્રવરણથી શરૂ. છગન પંડ્યા કહે, મનુભાઈ વજન ઘટાડે તો એમને મહાકશ્યપનો રોલ અપાય. ત્યાં મેરવાન કહે, પણ મહર્ષિ ઐલ તો ભાઈ જ બને ! થયું, વાત પતી ગઈ. ભાઈ ન તો ગૃહપતિ, ન તો શિક્ષક. એ તો બસ, 'દીપનિર્વાણ'ના અદ્દલ ઐલ જ!

ભાઈ મૂળે સંગીતના સ્નાતક. વિદ્યાપીઠમાં અંતિમ વર્ષની પરીક્ષા ટાણે અલગ અલગ પરીક્ષકોએ લીધેલી મૌખિક પરીક્ષાના ગુણનો સરવાળો બે વાર ગણ્યા પછીયે સોથી વધી જાય ને પરીક્ષકો મૂંઝાય. આ કિંવદંતી હોય તો પણ જેમણે ભાઈનું સિતારવાદન સાંભળ્યું છે અને એમની સ્વરયોજના અનુસાર રસિકભાઈ અંધારિયાના યુવાન કંઠે આપણા લાડકવાયા કવિ પ્રહ્લાદ પારેખનાં ગીતો ગવાતાં સાંભળ્યાં છે એ સૌ કહેશે કે ભાઈની સંગીતસાધના તત્ત્વતઃ જીવનલક્ષી હતી. અગાઉ જેણે ન સાંભળ્યું હોય એ, સૂર રેલાયાની પૂર્વપળ સુધી કળી ન શકે કે ભાઈ આલા દરજ્જાનું સિતારવાદન કરી જાણે છે. સંગીતકલાને એમણે જીવનથી જુદી ક્યારેય જોઈ ન હતી. ગાવું એટલે સહજભાવે ગાવું. સાયંકાલીન પ્રાર્થનામાં ગવાયેલાં 'આશ્રમભજનાવલિ'નાં પદભજનો એમની આવી સહજ સરવાણી હતી.

આજથી પચીસ વર્ષ પૂર્વે, સંગીતની લગીરેય સમજ ન ધરાવતા કિશોર તરીકે ભાઈ સાથેની એક શરદપૂર્ણિમા આમ યાદ રહી છે : લોકભારતી-પરિવાર દૂધપૌંઆ-પ્રકરણથી પરવારી ભાઈનું સિતારવાદન સાંભળવા એમની ફરતે કૂંડાળું વળીને ઉત્કર્ણ બેઠો છે અને એક ચંચળચિત્ત કિશોર એના જીવનમાં પહેલી વાર જ એક સ્થળે પલાંઠી વાળીને પચાસ મિનિટ સ્થિર બેસી રહે છે. એને આ દત્તચિત્ત કરનારી પેલી અજબ મોહિની, માથે વરસતી શરદ-ચાંદનીની હતી કે ભાઈની આંગળીએથી રેલાતા સિતાર-સૂરોની, ન જાને !

ભાઈનાં બા રેવાબા ભારે તીખાં, બહેરાં અને વત્સલ ! તો સામે એમનાં પત્ની હંસુબહેને (અમારાં હંસુમાડી) ય ગાંજ્યાં જાય એવાં નહિ. એ ધારે તો આજે ય અમારા સૌના કાન પકડી સાધિકાર ઊઠબેશેય કરાવે. લોકભારતીમાં ભાઈના ઘરની ઓસરીમાં હંમેશ બપોરે જોવા મળતું એક દૃશ્ય યાદ આવે છેઃ હંસુમાડીની સામે કોતરણીવાળા ગ્રંથાધાર પર મૂકેલો ભાગવત કે રામાયણનો ગ્રંથ ખુલ્લો છે અને એમના હાથમાં રબ્બરની નળીના બેય છેડે, કેરોસીન ગાળવાની બે ગરણી (કરવાળાં) લગાવેલું, લોકભારતીમાં જ સંભવે એવું શ્રવણયંત્ર છે. બાજુમાં બેઠેલાં રેવાબાના હાથમાં રહેલો પેલો શ્રવણયંત્રનો કરવાવાળો બીજો છેડો એમણે પોતાના કાને ધર્યો છે. હંસુમાડી શબ્દો છુટ્ટા પાડી પાડીને રેવાબાને ધર્મગ્રંથો વાંચી સંભળાવે છે. નિત્ય બપોરે કલાક-દોઢ કલાક જોવા મળતું આ પાવનકારી દૃશ્ય મૂળે ભાઈની જીવનવ્યાપી સંગીત-સમજની સરજત હતું



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

એ તો બહુ મોડેથી સમજાયું પણ બાળવયે એ દશ્ય જોવા ઘડીભર થંભી જવાતું તેમાં જિજ્ઞાસા ઉપરાંત કશુંક અન્ય તત્ત્વ પણ કારણભૂત હતું.

લોકભારતીના વિશાળ ગ્રંથાલયનો પહેલો પરિચય પણ ભાઈની કલમે અનૂદિત થયેલી જુલે વર્નની સાહસકથાઓ દ્વારા થયો હતો. 'સાહસિકોની સૃષ્ટિ' સૌ પ્રથમ વાંચી હતી અને પછી તો જાણે વિસ્મયનો ખજાનો ખૂલી ગયો ! એ આખા કલ્પનાલોકે અમારી કિશોરમંડળીનાં કુતૂહલ-વિસ્મયને તે દિવસોમાં અજબ રીતે પોષ્યાં ને પ્રેર્યાં હતાં. ગિરીશ શુક્લનું તો અમે નામ જ બદલી નાખ્યું હતું : 'કેપ્ટન નેમો' ! પણ ભાઈએ એમની અનુવાદ પ્રવૃત્તિથી પણ એમની સંવેદનાનો પરિચય આપ્યો છે : એક બાજુ એ 'લે મિઝરેબલ' હાથમાં લે છે તો બીજી બાજુ એ ટૉલ્સ્ટૉયકૃત 'પાવર ઑફ ડાર્કનેસ'ને 'અંધારના સીમાડા' રૂપે અવતારે છે. કવીશ્વર દલપતરામને 'સુધારાનો માળી' તરીકે નિરૂપતી એમની એક લેખમાળા 'કોડિયું' ચાલતી હતી એવું પણ યાદ છે. જોકે સૌથી વિશેષ નોંધપાત્ર નીવડ્યું 'શિક્ષકની નિષ્ઠા અને દષ્ટિ'. ભાઈએ કરેલાં સંપાદનોમાંના 'ધરતીની આરતી'માં સંગૃહિત સ્વામીદાદાનું સાહિત્ય વયભેદનો વિચાર કર્યા વિના સૌને માટે સુપેય બની રહે છે.

પારાવાર, નર્યા પ્રેમના માણસ તરીકે ભાઈએ લોકભારતીના એમના કાર્યકાળ દરમિયાન વહીવટીય બાબતો સંદર્ભે પ્રામાણિક મતભેદો અનુભવેલા અને એથી અડચણ પણ ઊભી થયેલી. નર્યું પ્રેમનું જ શાસન કરવા ટેવાયેલા ભાઈ, માત્ર નિયમોના આધારે થતા નિયમનમાં નિષ્ફળ નીવડે એ સમજી શકાય તેવી વાત છે. એક તબક્કે સ્થળાંતર કર્યું. એ ઘટના એમની જીવનશૈલી સૂચવે છે. સંઘર્ષ વેઠીને કશું સિદ્ધ કરવાની એમની પ્રકૃતિ ન હતી. નિવૃત્ત થયા પછી ય ભાઈ નિષ્ક્રિય ન બન્યા. ભાવનગરમાં લોકશક્તિ સંગઠનનું નેતૃત્વ સંભાળી એમણે કટોકટીના દિવસો દરમિયાન નૈતિક નિષ્પક્ષતા સિદ્ધ કરી, વિવિધ પક્ષોના પ્રતિનિધિઓને એક મંચ પૂરો પાડવાનું તેમ જ મતદાતાજાગૃતિ અને કેળવણીનું પાયાનું કામ કર્યું હતું.

વર્ષો પૂર્વે લોકભારતીના સમગ્ર સંચાલન અંગે અમે કેટલાક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ મનુભાઈ સાથે વિચારવિમર્શ શરૂ કરેલો. એમાં ભાઈની સાથે સંબંધ ધરાવતી એક-બે બાબતો પણ હતી. અમે લોકોએ એમને પૂછ્યું તો પહેલાં તો એમણે સાફ ના પાડી પણ અમારા શુદ્ધ આશયની ખાતરી થતાં એમણે પળાવી જોઈતી કેટલીક આચારસંહિતા સૂચવીને તેનો ભંગ ન થાય એમ વિવેકપૂર્વક વાત કરવાની સલાહ આપી હતી. એ વિચાર-વલોણાના એક તબક્કે તેમણે નિર્દેશેલો વિવેક, જે દિવસે અમારાથી અજાણપણે ચુકાયો તેની વળતી સવારે સાડા પાંચ વાગ્યે જોયેલો ભાઈનો વ્યથાપૂર્ણ ચહેરો કદી નહિ ભુલાય. એમના વેદનાયુક્ત મૌને અમને જે શીખવ્યું તે અમિટ છે. આજે ભાઈ ભલેને ન હોય, એમની પાસેથી શિક્ષક તરીકે પમાયેલી શીળી વિદ્વત્તા, ગૃહપતિ રૂપે એમણે વરસાવેલું વાત્સલ્ય અને એક અદના માણસ તરીકે એમણે જીવન પરત્વે દાખવેલાં ધૈર્યપૂર્ણ સમજ અને નરવા હાસ્યરૂપે ભાઈ એમના પુત્રવત્ વિદ્યાર્થીઓમાં સંક્રેત થઈને સચવાયા છે, એ ભાવ મનમાં ઘોળાય છે.

(લોકભારતીના વિદ્યાર્થીમાંથી સ્મરણો — **રમેશ દવે**
'નિરીક્ષક' સાપ્તાહિકમાં અંજલિ રૂપે પ્રકાશિત)

# શાંતિ માટેની એક પહેલ




**પે**લેસ્ટાઇનમાં પ્રવર્તમાન પરિસ્થિતિ અત્યંત ગંભીર છે. આ ભયાનક પરિસ્થિતિનો સૌથી મોટો ભોગ નિર્દોષ બાળકો સતત બની રહ્યાં છે. ગોળીબારથી વીંધાઈ જવા ઉપરાંત માનવસર્જિત ભૂખમરો તેમના મૃત્યુનું મોટું કારણ છે. 'વસુધૈવ કુટુંબકમ્' (વિશ્વ એક કુટુંબ છે) તે આપણી સાંસ્કૃતિક ભાવના છે અને દુઃખની ક્ષણોમાં અન્ય માનવોના પડખે ઊભા રહેવું તે આપણી ભારતીય સંસ્કૃતિ છે.

સામાન્ય નાગરિકો તરીકે આપણી ઇચ્છા રાજકારણથી દૂર રહેવાની અને સમાજમાં શાંતિ સ્થપાય તે છે. દલિત શક્તિ કેન્દ્રમાં વિદ્યાર્થી-શિક્ષકોના પરિશ્રમથી એક નવતર સંદેશ આપતી મીણબત્તી બનાવવામાં આવી અને તારીખ ૫ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ આ મીણબત્તી જાહેરમાં ખુલ્લી મૂકવામાં આવી.. આ મીણબત્તીના દર્શન કરવા અને શ્રદ્ધાંજલિ આપવા ગુજરાતના ૧૪ જિલ્લાઓ તથા અમદાવાદ અને વડોદરાના ૩૦૦થી વધુ લોકો દલિત શક્તિ કેદ્ર ઉપર પહોંચી ગયાં હતાં. આ પ્રસંગે ભારત ખાતેના પેલેસ્ટાઇનના રાજદૂત માનનીય શ્રી હીસ એક્સેલેનસી, શ્રીમાન અબ્દુલ્લાહ મોહમ્મદ અબુ શવેશ, દલિત શક્તિ કેન્દ્રમાં હાજર રહીને આ કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. જાણીતા માનવતાવાદી કાર્યકર સઇદા હમીદ તેમજ અશોક ચક્રવર્તી, જે NID અમદાવાદના ડાયરેક્ટર હતા, તેમણે પણ હાજરી આપી.

નવતર સંદેશ આપતી મીણબત્તી પ્રગટાવીને હાજર રહેલા સહુ મિત્રોએ તેના દ્વારા શાંતિનો સંદેશ બળવત્તર બનાવવા આશા જગાડી હતી. એકત્ર થયેલ લોકોને સંબોધતા રાજદૂતશ્રીએ કહ્યું હતું કે હું આપ સહુની ભાવના અને સહાનુભૂતિનો આદર કરું છું. આજની પરિસ્થિતિમાં આપનો શાંતિ સંદેશ ખૂબ મહત્ત્વ ધરાવે છે.

નવસર્જન ટ્રસ્ટના ગગન સેઠી અને માર્ટિનભાઈ મેકવાને પોતાના વક્તવ્યમાં પેલેસ્ટાઈનની પરિસ્થિતિ કેટલી ભયાનક છે તેની વાત કરી તેમજ જો પરવાનગી મળે તો આપણે બાળકો અને નાગરિકો માટે અહીંથી સહાય મોકલીશું તેવી ખાતરી આપી હતી. વિશ્વશાંતિની પ્રાર્થના કરીએ.

**ઇન્દુ રોહિત   ચતુરભાઈ પરમાર   માર્ટિન મેકવાન**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# મહાત્મા ગાંધી અને અરવિંદ ઘોષ

*(આજે સાંપ્રદાયિકતાની સમસ્યાથી સમસ્ત વિશ્વ પીડા અનુભવી રહ્યું છે. સામાજિક શાંતિ અને સલામતી માટે પણ તે પડકારરૂપ છે. આ પરિપ્રેક્ષ્યમાં મહાત્મા ગાંધીજી અને શ્રી અરવિંદના રાજકીય અને સામાજિક દષ્ટિકોણ વિશેષ રૂપે ઉલ્લેખનીય છે. આ બંને દાર્શનિકોએ એ સ્પષ્ટ કર્યું છે કે ધર્મ અને રાજનીતિનો સમન્વય કરી એક એવા સમાજનું નિર્માણ કરી શકાય છે જેનાથી વ્યક્તિનું જીવન સુખી અને સમુન્નત થાય. આ જ ઉદ્દેશ્યથી આ બંને મહાન વિચારકોએ 'ભાવિ આધ્યાત્મિક સમાજ'ની કલ્પના કરી છે. - અનુવાદક)*

**રા**જકીય દર્શનના ક્ષેત્રમાં ભાવી સામાજિક વ્યવસ્થાની આંકણી રાજકીય વિચારકોની મહત્ત્વપૂર્ણ પરંપરા રહી છે. સામાન્ય રીતે બધા મહાન રાજકીય દાર્શનિકોએ રાજકીય વિચારધારાઓના નિર્માણને માટે સર્વપ્રથમ સામાજિક, રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક વ્યવસ્થાઓની ખામીઓને પ્રકાશિત કરી છે. એ પછી શોષણવાદી વ્યવસ્થાના સમાપન માટે અને નવી વ્યવસ્થાના નિર્માણને માટે વિવિધ સાધનોની ચર્ચા કરાઈ છે. આખરે તેઓએ ભાવી આદર્શ સમાજનું ચિત્ર સ્પષ્ટ કર્યું છે. આ જ પરંપરાનું પાલન કરતા મહાત્મા ગાંધીજી અને શ્રી અરવિંદે ભાવી આધ્યાત્મિક સમાજ અંગે પોતાના વિચાર અભિવ્યક્ત કર્યા છે.

વીસમી સદીમાં સાંપ્રદાયિકતાની સમસ્યાએ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાને ગંભીર પડકાર ફેંક્યો છે. આ સમસ્યાએ રાષ્ટ્રીય સ્વતંત્રતા, અખંડતા, વિકાસ અને પ્રગતિના માર્ગને અવરોધ્યો છે. સાંપ્રદાયિક તણાવથી સામાજિક શાંતિ અને વ્યવસ્થા છિન્ન-ભિન્ન થઈ ગઈ છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ સાંપ્રદાયિકતાની સમસ્યાએ શાંતિ, સુરક્ષા અને સદ્‌ભાવને ખતરામાં હોમી દીધાં છે. આજે સ્થિતિ અતિશય ભયાનક થઈ ગઈ છે, કેમ કે ભારત સહિત વિશ્વના અનેક દેશ સાંપ્રદાયિકતાના પ્રભાવમાં આવી ચૂક્યા છે.

વર્તમાન સમયમાં ભારત અને વિશ્વના અનેક દેશોમાં સાંપ્રદાયિકતાને સમૂળગી નષ્ટ કરવા માટે ધર્મને રાજનીતિથી અલગ રાખવાના વિચાર વ્યક્ત કરવામાં આવે છે. આ ઉદ્દેશ પાર પાડવા બંધારણમાં ફેરફાર કરવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. આ પરિપ્રેક્ષ્યમાં મહાત્મા ગાંધીજી અને શ્રી અરવિંદના રાજકીય અને સામાજિક દષ્ટિકોણ વિશેષરૂપે ઉલ્લેખનીય છે. આ બંને દાર્શનિકોએ ધર્મ અને રાજનીતિના પરસ્પરના સંબંધ અને માનવીય, નૈતિક અને ઉદારવાદી દષ્ટિકોણ પ્રસ્તુત કર્યો છે. બંને વિચારકોએ સ્પષ્ટ કર્યું છે કે ધર્મ અને રાજનીતિને અલગ કરવાની વાત એ જ લોકો કરે છે, જેઓ ધર્મનો સાચો અને વાસ્તવિક અર્થ સમજતા નથી, કાં પછી જાણી-જોઈને સમજવા ઇચ્છતા નથી. મહાત્મા ગાંધીજી અને શ્રીઅરવિંદના મતે ધર્મ રાજનીતિ અને સામાજિક વ્યવસ્થાને પથભ્રષ્ટ થતા બચાવે છે તથા તેને માનવીય મૂલ્યોની રક્ષા માટે દિશા-નિર્દેશ પ્રદાન કરે છે. આ જ પૃષ્ઠભૂમિમાં મહાત્મા ગાંધીજી અને શ્રી અરવિંદના દ્વારા 'ભાવી આધ્યાત્મિક સમાજ'ની કલ્પના કરાઈ છે.

મહાત્મા ગાંધીજી અને શ્રી અરવિંદ બંને અધ્યાત્મવાદી અને રાજકીય દાર્શનિક છે. બંનેએ રાજનીતિક, સામાજિક અને આર્થિક વ્યવસ્થાઓની વ્યાખ્યા ધાર્મિક અને નૈતિક દષ્ટિકોણથી કરી છે, ગાંધીજીએ 'રાજનીતિનું અધ્યાત્મિકરણ'ના સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું છે, જ્યારે શ્રી અરવિંદે 'રાષ્ટ્રધર્મ'ની અવધારણાની વ્યાખ્યા રજૂ કરી છે. આ બંને દાર્શનિકોએ લોકશાહી, મૂડીવાદ, સામ્યવાદ, સમાજવાદ તથા અન્ય નિરંકુશ વ્યવસ્થાઓની એ આધાર પર આલોચના કરી છે કે ઉપરોક્ત બધી રાજકીય વ્યવસ્થાઓ માનવીના પૂર્ણ નૈતિક, આધ્યાત્મિક અને ભૌતિક વિકાસને માટે અયોગ્ય છે. તેમનો મત છે કે આ બધી વ્યવસ્થાઓ માનવીનો આરોપિત ઢંગે નૈતિક વિકાસ કરવા માગે છે જે પૂર્ણત્વની પ્રાપ્તિને માટે અપેક્ષિત નથી.

ગાંધીજીએ 'રાજનીતિનું અધ્યાત્મિકરણ'ના સિદ્ધાંતનું નિરૂપણ કરતા કહ્યું છે કે ધર્મ રાજનીતિનો આત્મા છે. ધર્મ રાજનીતિને બધા પ્રકારની ખરાબીથી અલગ રાખે છે. ધર્મનો વ્યાપક અને સાચો અર્થ માનવીમાં સદ્‌ગુણોનો વિકાસ કરવાનો છે, અને માનવીને બધા પ્રકારની ખરાબીઓથી મુક્ત રાખવાનો છે. ધર્મ માનવીને પારસ્પરિક પ્રેમ, એકતા, ધૈર્ય, દયા, નૈતિકતા અને આધ્યાત્મિકતાના પાઠ ભણાવે છે. ધર્મ વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વ સમુદાયને માનવીય જવાબદારીઓના નિર્વાહ પ્રત્યે સચેત કરે છે. આથી ધર્મ રાજ્ય અને સમાજમાં સાંપ્રદાયિકતાનું બીજારોપણ ક્યારેય કરી શકતો નથી. ખરેખર સ્થાયી તત્ત્વ જ ઘૃણિત લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે ધર્મની આડશમાં સમાજ અને રાજ્યમાં અશાંતિ, અવ્યવસ્થા અને અરાજકતાની સ્થિતિ પેદા કરે છે. આથી આપણે ધર્મ અને રાજનીતિને ક્યારેય અલગ કરી શકતા નથી. જો આવું થાય છે તો રાજનીતિ અમાનવીય, મૂલ્યવિહીન તથા નિરંકુશ થઈ જશે જેના પરિણામરૂપે વ્યક્તિના વ્યક્તિત્વનો ચોતરફ વિકાસ નહીં થાય. આ જ કારણ છે કે ગાંધીજીએ ભાવી સમાજના રૂપમાં 'આધ્યાત્મિક સમાજ'ની સ્થાપના પર ભાર મૂક્યો છે જેના સ્વરૂપની કલ્પના તેઓએ 'રામ-રાજ્ય'ની માફક કરી છે.

ગાંધીજીના ભાવિ આધ્યાત્મિક સમાજનો આધાર 'રામ-રાજ્ય' છે. ગાંધીજીએ સ્પષ્ટ કહ્યું છે કે વર્તમાન પરિસ્થિતિમાં રામ-રાજ્યની સ્થાપના વ્યાવહારિક દષ્ટિએ શક્ય નથી, પરંતુ સૈદ્ધાંતિક દષ્ટિકોણથી શક્ય છે. અર્થાત્ વર્તમાન શાસન વ્યવસ્થાનું સંચાલન તત્કાલીન રામ-રાજ્યના વિશિષ્ટ ગુણોના આધાર પર કરાય તો નિશ્ચિત રૂપે રાષ્ટ્ર અને વિશ્વ ભૌતિક, આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોને પ્રાપ્ત કરવામાં પૂર્ણપણે સફળ થઈ શકે છે. શ્રી અરવિંદે પણ રાજનીતિક અને સામાજિક દષ્ટિકોણનું પ્રતિપાદન ગાંધીજીની સમાન આધ્યાત્મિક અને નૈતિક દષ્ટિકોણની સાથોસાથ મનોવૈજ્ઞાનિક દષ્ટિકોણથી પણ કર્યું છે. શ્રી અરવિંદે ગાંધીજીની માફક માનવીને ઈશ્વરનું અંગ માન્યો છે. એટલે માનવીનું અંતિમ લક્ષ્ય આધ્યાત્મિક સત્તાને પ્રાપ્ત કરવાનું છે. તેમના મતાનુસાર વિકાસની પ્રક્રિયાના ક્રમમાં માનવીની પ્રથમ સ્થિતિ ભૌતિકવાદ છે. તે ઉપરાંત વ્યક્તિનો વિકાસ 'માનસ' તથા 'અતિમાનસ'ના રૂપે થાય છે. વર્તમાન સમયમાં વ્યક્તિનો

(જુઓ પાન નં. ૧૧)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# અંતઃકરણો

**પ**રમાત્માએ આપણને મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર – એમ ચાર અંતઃકરણો આપ્યાં છે. તેમના વિશે અનુભવ આધારિત સાચી અને સ્પષ્ટ સમજણ ખૂલે તે ખૂબ જ જરૂરી છે. હજી સુધી તે વિશે સચોટ સમજણ ઊભી થઈ શકી નથી. તેના અભાવમાં લાંબા સમયથી આપણી ઉત્ક્રાંતિયાત્રા અંતઃકરણોના સ્તરે ચકરાવામાં ફર્યા કરે છે; અથવા ખૂબ જ ધીમી ગતિમાં આગળ વધી રહી છે. ઊલટું, અંતઃકરણો વિશેના અધૂરા તથા ઉપરછલ્લા જ્ઞાને માનવ તથા સૃષ્ટિના જીવનમાં ગંભીર સમસ્યાઓ ઉત્પન્ન કરી છે; પ્રકૃતિમૈયા સાથેનો સુમેળ ખોરવીને અસ્તિત્વને જોખમમાં મૂકી દીધું છે. આથી આપણી અંદર તેમના વિશે સાચી સમજણ કેળવાય તથા તેમનો પ્રકૃતિમૈયા સાથે સુમેળ સાધીને સર્વને માટે કલ્યાણકારી ઉપયોગ થાય તે જરૂરી છે.

આ લેખમાં ચાર અંતઃકરણો તેમનાં શુદ્ધ, નૈસર્ગિક સ્વરૂપમાં ખરેખર શું છે, તેમનાં શક્તિ, પ્રભાવ શું છે, પરમાત્મા તથા પ્રકૃતિમૈયા વચ્ચે કડીરૂપ બનીને પૂર્ણતાનાં લક્ષ્યને શી રીતે સાકાર કરી શકીએ ઇત્યાદિ વિશેનું એક અંતઃસ્ફુર્ત મૌલિક દર્શન ખોલવાનો તેમનો નમ્ર પ્રયાસ છે.

### (૧) મન

સામાન્ય રીતે મન મનુષ્યનું સૌથી વધારે પ્રભાવકારી અંતઃકરણ રહ્યું છે. તેનું મૂળ શાશ્વત આનંદમાં છે. સર્વ પ્રકારના આનંદનો અનુભવ કરવો તે મનનો સ્વભાવ છે. તે અસ્તિત્વમાં બધા સ્તરે આનંદ અનુભવી શકે છે. તેને માટે હર ક્ષણ આનંદનો અવસર છે; હર સ્થળ આનંદનું ધામ છે. જેમ પાણી વગર માછલીનું; તેમ આનંદ વગર મનનું અસ્તિત્વ અસંભવ છે.

મનને પ્રકૃતિમૈયાની સર્વોપરિતામાં પૂરો વિશ્વાસ છે. તેણે તેની વ્યવસ્થા, કાર્યશૈલી, કાનૂન, શાસન બધું જ હોંશથી સ્વીકારેલું છે. સદા સાર્વત્રિક સુમેળમાં પ્રકૃતિમૈયાની બધી ઓળખ સમાઈ જાય છે. મન બરોબર સમજે છે, કે જ્યાં સુમેળ છે ત્યાં પ્રેમ, આનંદ, સુખ, સફલતા, સલામતી, પૂર્ણતા બધું જ છે. સદા સર્વત્ર સુમેળદર્શન એ મનના આનંદનું રહસ્ય છે. એ સુમેળ અસ્તિત્વનાં અનંત ફલક પર નિત્ય નવો અને વિકસતો રહે છે.

એ સુમેળદર્શન આપણા જીવનને સમૂળું બદલી શકે છે. તેના થકી આપણું જીવન એક અનંતવ્યાપી સુમેળ કે આનંદયાત્રા બની જાય છે; જેમાં અસ્તિત્વનાં સ્થૂળ-સૂક્ષ્મ, વ્યક્ત-અવ્યક્ત બધાં ઘટકો સુમેળ-પૂર્વક જોડાઈ જાય છે. તેને કારણે તેમની અંદર છુપાયેલી અનંત શક્તિઓ, ગુણો, સંભાવનાઓ ખૂલવા લાગે છે; જીવન-વહેણ સર્વાંગ પરિપૂર્ણતા તરફ આગળ વધે છે. અને તે સાથે તેમાં દિવ્ય રૂપાંતરની પ્રક્રિયા શરૂ થાય છે.

અસ્તિત્વની સમગ્રતામાં સુમેળપૂર્વક રૂપાંતર પામતાં અનેકવિધ અભ્યાસો, સાધનાઓ, તપસ્યાઓ, કાર્યો, અનુભવો, દર્શનો વગેરેનો અવિરત પ્રવાહ એ પ્રકૃતિમૈયાનો મહાયોગ બને છે.

આવું આ માનવીનું મન, તેની અભિપ્સા માનવ તથા સૃષ્ટિ-જીવનને કઈ ઊંચાઈ પર લઈ જશે તેની કલ્પના કરવી જ મુશ્કેલ !

### (૨) બુદ્ધિ

બુદ્ધિ બીજું અંતઃકરણ છે. તે જ્ઞાનનું અંતઃકરણ છે. પરમ સત્યમાંથી તેનો ઉદ્‌ભવ થયો હોઈ, તે સત્યનો સ્વયંભુ પ્રકાશ છે. સદા સર્વત્ર સત્યદર્શન તેનો સ્વભાવ, કાર્ય અને આનંદ છે. તેના પ્રકાશથી સમગ્ર અસ્તિત્વ આલોકિત થાય છે.

બુદ્ધિનું દર્શન સમગ્રલક્ષી છે. અનંત વૈવિધ્યમાં એકતાનાં દર્શન તેનો પ્રેરણામંત્ર છે. 'એકં સત્ વિપ્રાઃ બહુધા વદંતિ – વિદ્વાનો એક જ સત્યને જુદા જુદા શબ્દોથી વ્યક્ત કરે છે.' બુદ્ધિ એ સત્યને ખૂબ જ ઝીણવટ અને સ્પષ્ટતાપૂર્વક જોઈ સમજી શકે છે.

સર્વત્ર એકતાનાં દર્શન કરનારી બુદ્ધિ બાળક જેવી સરળ, ઋજુ, સૂક્ષ્મ, તટસ્થ, નિર્લેપ અને નિર્વિશેષ હોય છે. તેથી જ તે ધીરજપૂર્વક સાચા નિર્ણયો લઈ શકે છે. આવી બુદ્ધિની અંતર સ્થિતપ્રજ્ઞતાનાં બધાં લક્ષણો વિદ્યમાન છે.

આમ સમગ્ર દૃષ્ટિથી જોતાં કહી શકાય કે, બુદ્ધિ-રૂપી અંતઃકરણ માનવજાતને માટે ખૂબ જ ઉપયોગી અને ઉપકારક છે. તે સરસ્વતી-મૈયાનું સાક્ષાત્ સ્વરૂપ છે. તેનો પરમાત્મા સાથે આત્મીયતાભર્યો નાતો છે. તે બંને સાથે મળીને ધરતી પર દિવ્ય સૃષ્ટિ રચી શકે છે.

### (૩) ચિત્ત

પરમાત્માનું એક સ્વરૂપ ચૈતન્ય છે. ચિત્તનો ઉદ્‌ભવ ચૈતન્યમાંથી બન્યો છે. તેને આપણે સચેતતા કે સભાનતા તરીકે ઓળખી શકીએ. તેને સચેત, સજ્ઞાન પ્રાણ શક્તિ પણ કહી શકાય. એ ચેતના નિરંતર આપણી સાથે છે. આપણી અંદર, બહાર અને વિશ્વમાં સર્વત્ર વ્યાપ્ત છે. તેને કારણે આપણને આપણી અંદર-બહાર જે કંઈ થાય છે તેનું સહજ ભાન રહે છે. સભાનતા પરમાત્માની ગતિશીલ શક્તિ છે, જેના થકી સૃષ્ટિનાં બધાં કાર્યો થાય છે.

તે સર્વથા નિરાળી, નિર્લેપ, તટસ્થ અને નિર્વૈયક્તિક છે. તે સ્થળ-કાળ, નામ-રૂપ, જન્મ-મૃત્યુ, સંકલ્પ-વિકલ્પ સર્વથી પર છે. ત્યાં હું-તુંનો ભેદ કે અન્ય વિકારોનો સ્પર્શ નથી. તે સ્વયં શુદ્ધ છે, બુદ્ધ છે. શુદ્ધ હોવાપણામાં રહેવું તેનો સહજ સ્વભાવ છે. તેના થકી અન્ય ત્રણે અંતઃકરણો ગતિશીલ રહે છે અને તેમનામાં નિત્ય નવો પ્રાણ પુરાય છે.

તે સર્વજ્ઞ અને સર્વશક્તિમાન પ્રકૃતિમૈયા જ છે. તેને આપણે આપણું સંપૂર્ણ જીવન સમર્પીને અપરંપાર હળવાશ અને આનંદ અનુભવી શકીએ, સાચી દિશામાં આગળ વધી શકીએ, જીવનનાં રહસ્યો જાણી શકીએ, અંતઃસ્ફુરણાથી મળતું તે જ્ઞાન નિર્મળ અંતઃકરણોમાં આપમેળે પ્રગટ થાય છે.

તે દ્વારા પ્રકૃતિમૈયા આપણને માર્ગદર્શન આપે છે. વ્યક્તિ, સમાજ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અને વિશ્વની સમસ્યાઓનાં કારણો તથા ઉપાયો બતાવે છે, એટલું જ નહીં પણ તેમને મૂળમાંથી ઉકેલવાની શક્તિ પણ આપે છે. દિવસ-રાત એ મા સાથે ઓતપ્રોત રહીને જીવવાથી આપણો પરમ ઉત્કર્ષ થાય છે. તેની પ્રેમ, વાત્સલ્યભરી સંગતિ આપણને સભાનતાની સમગ્રતામાં અખંડપણે જીવવાની પ્રેરણા આપે છે.

**(૪) અહંકાર**

અહંકાર ત્રીજું અંતઃકરણ છે. તેનો ઉદ્ભવ અનાહત નાદમાંથી થયો છે. તે સ્વયં નાદસ્વરૂપ છે. અહંકાર એટલે હુંનો ગુંજારવ કે ગુંજન.

તે જુદા જુદા જીવોમાં જુદા જુદા સ્વરે ગુંજતો હોય છે. તે દ્વારા તેઓ પોતાની ઓળખ, અનુભવ, સમજ, સંદેશા, ઇચ્છાઓ, અભિપ્સાઓ, ખુશી, મસ્તી, પ્રેમ, અણગમો, મદદ માટેનો પોકાર વગેરે વ્યક્ત કરે છે અને એ રીતે તેઓ પરસ્પર સંપર્કમાં રહી એકંદરે સુમેળભર્યું સહજીવન જીવે છે. ભૌતિક અણુ પરમાણુઓમાં પણ સૂક્ષ્મ મીઠું નાદ-ગુંજન સંભળાય છે, જેના થકી તેઓ પારસ્પરિક સુમેળભર્યું સહજીવન જીવી શકે છે તથા વિવિધ પ્રકારના પદાર્થોનાં સર્જન, વિકાસ તથા વિસર્જનનાં કાર્યોમાં પ્રકૃતિમૈયાને સાથ આપે છે.

આ નાદમાં કોઈ અલૌકિક સંકલ્પ તથા સર્જનશક્તિ રહેલાં છે. જેના થકી અનંત વૈવિધ્યસભર સૃષ્ટિ રચાય છે. અને જુદા જુદા જીવો પોતપોતાની આહાર, નિવાસ, સુરક્ષા, સંવર્ધન ઇત્યાદિ જરૂરિયાતને અનુરૂપ વ્યવસ્થા તથા સર્જનો કરી શકે છે. અને એ રીતે તેમનાં જીવનને સરળ, સુખદ, રસમય અને સુરક્ષિત રાખે છે.

જ્યારે દૃષ્ટાનું દર્શન સંકલ્પ બની શબ્દ રૂપે અવતરે છે, ત્યારે તેમાં સર્વનું કલ્યાણ કરનારી પ્રચંડ શક્તિ હોય છે જેનો અનુભવ આપણને મહાપુરુષોની સંગતિ તથા તેમના ગ્રંથ-અધ્યયનથી થાય છે. આ સર્વ સૃષ્ટિજીવનને મધુર, મંગલમય બનાવનારાં અહંકારના વિવિધ સ્વરૂપો છે.

ઉપરોક્ત વિવરણથી એટલું સ્પષ્ટ થાય છે કે અહંકારશુદ્ધ અંતઃકરણના સ્વરૂપમાં કોઈ વિકાર નથી. એ તો પ્રકૃતિમૈયાએ તેના દરેક બાળકને આપેલી અભિવ્યક્તિ, પરિવર્તન અને નવસર્જનની વિશિષ્ટ શક્તિ છે, જે દુઃખો-મુસીબતોને સહી શકે છે, પડકારોને ઝીલી લે છે, સતત લાગેલા રહીને મહાન કાર્યો પાર પાડે છે; સમાજ અને વિશ્વમાં બનતી ઘટનાઓ, સમસ્યાઓ તથા ઉકેલો ઉપર સમગ્રલક્ષી ધ્યાન રાખે છે; પોતાની સાચી ઓળખ, કેળવણી તથા ઘડતર માટે સતત પ્રયત્નશીલ છે; અન્યને તેમાં સહયોગ આપે છે. ચીવટ અને શાંતિપૂર્વક જીવન-નૈયાને લક્ષ્ય ભણી દોરી જાય છે. બધું વિધાયક દૃષ્ટિએ જોનાર અહંકાર સદ્ સ્મૃતિઓનો ભંડાર છે. જે અંધકાર દૂર કરી સર્વત્ર ઉજાસ ફેલાવે છે.

અહંકાર વિશેનું શુદ્ધ સ્પષ્ટ જ્ઞાન આપણી સમક્ષ ઉજળી સંભાવનાઓનું અંનત આકાશ ખોલી નાંખે છે. વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના સંબંધો તથા વ્યવહારોમાં સુમેળ સર્જી પરસ્પરને સમજવામાં ઉપયોગી થાય છે. માનવજાતની ધીમી પડેલી ઉત્ક્રાંતિયાત્રામાં વેગ લાવી તેને સરળ, રસમય અને સમગ્રલક્ષી બનાવે છે.

આપણે જોયું તેમ, સૃષ્ટિજીવન પરમાત્માએ રચેલી ઉત્ક્રાંતિલીલા છે. નાદ થકી તેનો ઉદ્ભવ, નાદ થકી તેનો વિકાસ અને નાદ થકી તેનો વિલય થાય છે. એકમાંથી અનેક થવાનો આનંદ; તો અનેકમાંથી એક થવાનો પણ આનંદ.

હાલ, માનવજીવનની ઉત્ક્રાંતિયાત્રા અનેકમાંથી એક થવા તરફ ગતિ કરી રહી છે. અહંનાદ સદાય તેની સાથે છે. યોગ અભ્યાસથી તેને કેળવી શકાય છે; યોગ દિશા અને લક્ષ્ય તરફ દોરી શકાય છે અને ધીમી પડેલી ઉત્ક્રાંતિયાત્રામાં વેગ તેમજ પૂર્ણતા લાવી શકાય છે. અન્ય યોગ-અભ્યાસોના સંગાથમાં મંત્ર તથા લયયોગ વિશેષ ઉપયોગી થઈ શકે છે.

અહંકારમાં જ્યારે અજ્ઞાન ભળે અર્થાત્ પોતે સર્વથી જુદો અને વિશેષ હોવાનો ભાવ ભળે, ત્યારે તે વિકાર બને છે, જેને આપણે ઘમંડ કે મિથ્યાભિમાન કહીએ છીએ. અને તે જ આપણાં સુખ, શાંતિ, પ્રગતિ અને અસ્તિત્વ માટે ખતરો બની જાય છે.

ઉત્ક્રાંતિની અંતિમ અવસ્થામાં અહમ્ શુદ્ધ હોવાપણામાં તથા તેના ગુંજારવ અનાહદ નાદમાં લય પામે છે.

આશા છે, પ્રકૃતિમૈયાની કૃપાથી, આપણે આ મહત્ત્વના વિષય પર સહચિંતન અને સંવાદ કરીએ, પરસ્પરના અનુભવ, દર્શન, પ્રતિભાવ વગેરેની આપ-લે કરીએ, ચારે અંતઃકરણો વિશેની આપણી સમજણ વધુ સ્પષ્ટ કરીએ; જેથી આપણી ઉત્ક્રાંતિયાત્રા વધુ સરળ, ઝડપી તથા સર્વસમાવેશક બને. હરિ ૐ.

મો.: ૯૪૨૭૧૪૮૫૫૦ **– મહેશ આ. ભટ્ટ**

**नूतन वर्षाभिनंदन**



**મૌનની સાંકળ તોડી શકાય, તો ઠીક!**
**શબ્દનું બારણું ખોલી શકાય, તો ઠીક!**

**છે બધીય ધારણાઓ પરપોટામાં કેદ**
**એકાદ પરપોટો ફોડી શકાય, તો ઠીક!**

**ભૂમિપુત્ર પરિવાર તરફથી સહુ વાચકમિત્રોને**
**દિવાળી અને નવા વર્ષની શુભેચ્છાઓ.....**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સરકારનો ખેલ, સોનમને જેલ - હવે તો હદ થાય છે!

**તા.** ૧૮મી માર્ચ, ૧૯૨૨ના રોજ અમદાવાદમાં મહાત્મા ગાંધીને બ્રિટિશ સરકારે રાષ્ટ્રદ્રોહના ગુના હેઠળ છ વર્ષની કેદ ફરમાવેલી. એ જાણીતા કેસમાં ગાંધીએ જજ બ્રૂમફિલ્ડને કહેલું, ''…હું અશાંતિ ટાળવા ઇચ્છતો હતો, હજીય ઇચ્છું છું. અહિંસા મારા ધર્મનો પહેલો મંત્ર છે, અને એ જ મારા ધર્મનો છેલ્લો મંત્ર છે. પણ મારે તો બૂરાઈઓ વચ્ચે પસંદગી કરવાની હતી. કાં તો મારે મારા દેશને પારાવાર નુકસાન કરી રહેલી રાજ્યપદ્ધતિને વશ થવું રહ્યું, નહીં તો મારે મુખેથી દેશની વાસ્તવિક સ્થિતિ વિષે સાંભળ્યા પછી મારા દેશબંધુઓનો પિત્તો ઊછળે એનું જોખમ ખેડવું રહ્યું. મારા દેશબંધુઓ કેટલીક વાર ગાંડા બન્યા છે તે હું જાણું છું. તે માટે મને ખૂબ દુઃખ થયેલું છે.'' તે પછી આપેલ લેખિત નિવેદનમાં જણાવેલું કે, ''…જજ સાહેબ, આપને માટે એટલો જ માર્ગ ખુલ્લો છે કે જે કાયદાનો અમલ કરવાનું તમને સોંપવામાં આવ્યું છે તે કાયદો જ ખરું જોતાં દુષ્ટ છે અને હું વસ્તુતઃ નિર્દોષ છું એમ જો તમે માનતા હો તો તમારે તમારી જગ્યાનું રાજીનામું આપી દેવું અને એ રીતે પાપની ભાગીદારીમાંથી નીકળી જવું. આથી ઊલટું, જે તંત્ર અને જે કાયદો ચલાવવામાં તમે અત્યારે મદદ કરી રહ્યા છો તે હિંદની પ્રજા સારુ હિતકર છે અને તેથી મારી પ્રવૃત્તિ જાહેર હિતને નુકસાન કરનારી છે એવો જો તમારો વિશ્વાસ હોય તો તમને ઘટે છે કે તમારે મને સખતમાં સખત સજા દેવી.'' આ વાત એટલે યાદ આવી કે જેનો ઉપયોગ આતંકવાદી અને રીઢા ગુનેગાર સામે કરાય છે, તે રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમનો ઉપયોગ કરીને લોકો જેને લડાખના ગાંધી કહે છે તેવા સોનમ વાંગ્ચૂકને જેલમાં ધકેલવામાં આવ્યા છે ! પરંતુ, હરકત નહીં, ગાંધી જયંતીએ દેશના કાર્યકર્તાઓ દ્વારા રાજઘાટ પર ગાંધીજીને અંજલિ આપી દેવાઈ છે !

આ બે ગાંધીમાં કેટલીક સમાનતા છે. બંનેએ ક્યારેય રાજકીય સત્તાની કામના નથી સેવી, સત્તાધીશો પ્રત્યે નફરત રાખ્યા વિના પૂરી સૌમ્યતા દાખવી, કૂચ કાઢી, ઉપવાસ કર્યા, અહિંસક આંદોલન કર્યું અને જ્યારે હિંસા થઈ ત્યારે તેનો વિરોધ કર્યો. બંનેએ સત્તા પાસે સ્વરાજ માંગ્યું, એકે દેશને માટે, બીજાએ લડાખ માટે! લડાખના લોકોને જોઈએ છે સ્વરાજ, જેને આજની ભાષામાં છઠ્ઠી અનુસૂચિમાં સામેલ કરવાની માગણી કહે છે. આ છઠ્ઠી અનુસૂચિ બંધારણની એક વિશેષ જોગવાઈ છે, જેમાં આદિવાસીઓને પોતાના પ્રાકૃતિક સ્રોતો (જંગલ-જળ-જમીન)ના વ્યવસ્થાપન અને ઉપયોગ માટે તથા પોતાની સંસ્કૃતિ અને સામાજિક માળખાની જાળવણી થાય તે હેતુથી તેમના જીવન-વ્યવહાર અને વિકાસ માટે સ્વાયત્ત જિલ્લા પરિષદો થકી અમુક પ્રકારના શાસનની છૂટ આપવામાં આવી છે. હાલમાં આસામ, મેઘાલય, મિઝોરામ, ત્રિપુરાના વિસ્તારોનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

લડાખ અગાઉના જમ્મુ અને કાશ્મીર રાજ્યનો હિસ્સો હતો, ત્યાંની વિધાનસભામાં લડાખના ચાર સભ્યો ચૂંટાઈને પહોંચતા હતા. વર્ષ ૨૦૧૯થી તે કેન્દ્રશાસિત પ્રદેશ બનતાં વિધાનસભા જ અલોપ કરી દેવાઈ છે. લોકસભાની માત્ર એક સીટ છે, રાજ્યસભાની એકે ય નહીં. પ્રજા માગે છે કે, લડાખને અલગ રાજ્ય બનાવો તો ઉત્તમ, કમ સે કમ અમને વિધાનસભા તો આપો, છઠ્ઠી અનુસૂચિમાં સમાવેશ કરો, લોકસભાની એક વધુ સીટ આપો અને જાહેર સેવા આયોગની સ્થાપના કરી નોકરીની તક વધારો. લડાખની ૯૦ ટકા વસ્તી આદિવાસી છે. વર્ષ ૨૦૧૯ની લોકસભાની અને તે પછી સ્થાનિક હીલ ડેવલપમેન્ટ કાઉન્સિલની ચૂંટણીમાં ભાજપ દ્વારા વચન અપાયેલું કે લડાખનો સમાવેશ છઠ્ઠી અનુસૂચિમાં કરાશે. પણ બંને ચૂંટણી જીત્યા પછી આ વચન પળાયું નથી. સરકારની ત્રણ-ત્રણ સમિતિઓએ તે માટે ભલામણ કરી છે તેમ છતાં આ માગણી સ્વીકારાતી નથી. પ્રજાને અકળામણ એ છે કે અમારા માટેના કાયદા-કાનૂન અને વિકાસની યોજનામાં અમારો ફાળો કેમ નહીં? એની સત્તા અમારી પાસે કેમ નહીં?

લડાખમાં માંડ બે-ત્રણ ઇંચ વરસાદ પડે છે, નથી જંગલ કે વનરાજી. બર્ફીલા પહાડોમાં પથરાયેલું આ રણ છે, જ્યાં ભૌગોલિક વિસ્તારના ૦.૪% વિસ્તારમાં ખેતી થાય છે! પાણી માટે લોકોએ હિમનદીઓ પર આધાર રાખવો પડે છે. પૃથ્વીના વધતા તાપમાનની અસર હેઠળ હિમરેખા ઉપર ચઢતી જાય છે અને હિમનદીઓમાં પાણી ઘટતું જાય છે. રોજગારનો મુખ્ય આધાર છે - પ્રવાસન, ખેતી, ઘેટાં-બકરાં-યાકનું પશુપાલન, લશ્કરમાં ભરતી, થોડી હસ્તકલા અને વેપાર. ત્યાંના સંસ્કૃતિ અને રિવાજો પોતાની રીતે આગવાં છે. કારગીલ મુસ્લિમબહુલ અને લેહ બૌદ્ધબહુલ છે, કોમી એખલાસ નમૂનારૂપ છે. પ્રજા એકંદરે સંતોષી, સુખી, શાંત અને પ્રામાણિક છે. ગામડાંમાં તો સલામતી એટલી છે કે ઘરને તાળું મારવાની પ્રથા નથી. વળી, દેશના આ ભૂ-ભાગની સરહદો પાકિસ્તાન અને ચીનને સ્પર્શે છે. આમ, માત્ર પર્યાવરણીય દૃષ્ટિએ જ નહીં, દેશની સલામતીની દૃષ્ટિએ પણ લડાખ અત્યંત સંવેદનશીલ છે.

ચાર સવાલ ચિંતાપ્રેરક છે. એક, આ વિસ્તારના લોકોને સ્થાનિક સ્વરાજ કેમ નથી અપાતું? પણ તેનાથી મોટો બીજો સવાલ, આવું સ્વરાજ માગનારની શી દશા કરવામાં આવી રહી છે? માંગ ભલે ને ગમે તેટલી વ્યાજબી હોય, પણ જો તે સત્તાધીશોને ગમતી ન હોય તો લોકશાહીની ઐસી કી તૈસી, હકીકતોની તોડ-મરોડ કરીને, હળહળતાં જૂઠ્ઠાણાં ફેલાવીને, મનઘડંત આરોપો મૂકીને પ્રજાના પ્રતિનિધિઓનું ચારિત્ર્યહનન કરવામાં આવે છે, જે અકલ્પનીય છે. યુએન દ્વારા આયોજિત કોન્ફરન્સમાં ભાગ લેવા કાયદેસર વીઝા લઈને પાકિસ્તાન જનાર અને ત્યાં જઈને ભારતના વડાપ્રધાનના ક્લાયમેટ ચેન્જ અંગેના પ્રયાસના વખાણ કરનારને, લડાખના ચરિયાણ વિસ્તારોમાં ચીનની ઘૂસણખોરી સામે અવાજ ઉઠાવી, ચીની પેદાશોના બહિષ્કારની અપીલ કરનાર સોનમને 'વિદેશી હાથો' તરીકે બદનામ કરવામાં આવે છે. કેળવણી અંગેના તેમના પ્રયોગો એટલા પંકાયા છે કે આંબેડકર યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં તેમણે પ્રવચન આપ્યું છે. કહેવાય



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

છે કે જાણીતી ફિલ્મ થ્રી ઈડિયટ્સ માટેની પ્રેરણા તેમના પ્રયોગોમાંથી મળેલી. તેમણે લડાખની ઠંડીમાં જ્યારે બહાર -૧૫ ડિગ્રી સે. ઉષ્ણતામાન હોય ત્યારે અંદર +૧૫ ડિગ્રી સે. ઉષ્ણતામાન રહે તેવા સૌર-ઊર્જાથી ચાલતા તંબુની શોધ કરી છે અને ભારતીય લશ્કર તેને વાપરે છે. તેમણે લડાખના નપાણિયા પ્રદેશ માટે બરફના સ્તૂપ બનાવીને જળ-સંરક્ષણનું અદ્‌ભુત સંશોધન કર્યું છે. આ બધા યોગદાન બદલ તેમને એશિયાના નોબેલ ગણાતા મેગ્સેસે એવાર્ડથી નવાજવામાં આવ્યા છે. દેશના લશ્કરના અનેક નિવૃત્ત અધિકારીઓએ સોનમના કામને બિરદાવ્યું પણ છે.

દેશનો કોઈ પદ્મ એવોર્ડ આપવાને બદલે સોનમને ગોદી મીડિયા અને સત્તાધારી પક્ષ રાષ્ટ્રદ્રોહી ચીતરવાના તમામ પ્રયાસો કરી ચૂક્યું છે. ગઈકાલ સુધી જેના કામનાં વખાણ થતાં, જેમનો સરકારી તંત્ર ઉપયોગ કરતું કે સલાહ લેતું તેમની પર અચાનક રાષ્ટ્રદ્રોહીનું લેબલ કેમ લગાવી દેવાયું? સોનમનો એક જ વાંક છે - તેમણે મદાંધ સત્તાધીશો સમક્ષ તેમને ન ગમતી માગણીઓ કરતી પ્રજાને નેતૃત્ત્વ પૂરું પાડ્યું છે. તેમના પર મુકાયેલ એકે ય આરોપમાં વજૂદ નથી એ સરકાર જાણે છે અને એટલે જ તેમને એવા કાયદા હેઠળ જેલમાં ધકેલ્યા છે, જેમાં આરોપ મૂકયા વિના એક વર્ષ સુધી જેલમાં ગોંધી શકાય. આ જોઈને કહેવાતા રાષ્ટ્રવાદ વિશે શંકા પેદા થાય છે કે ખરો રાષ્ટ્રદ્રોહી કોણ છે? એ વાત નક્કી જો સોનમને જેલમાં નાખી શકતા હોય તો હવે કોઈ બાકી રહી શકે તેમ નથી! દેશભરમાં પ્રજાની વાજબી માગણી માટે આંદોલન કરનાર કે કોર્પોરેટનાં હિતો સાચવવાની સરકારી ચેષ્ટા સામે દીવાદાંડીરૂપ બનનાર અનેક કર્મશીલો પર આવી તવાઈ આવી રહી છે.

ચિંતાનો ત્રીજો મુદ્દો અત્યંત ગંભીર છે. ભારતની પ્રજાનો બોલકો હિસ્સો આ અપપ્રચાર અને જૂઠાણાંની અસરમાં આવી જતો જણાય છે. શું ભારતનો આમ નાગરિક લોકશાહીના પાયા સમા નાગરિક-સ્વાતંત્ર્યનો બલિ ચડાવવા તૈયાર થઈ ચૂકયો છે? શું તેને સરમુખત્યારશાહી સહન કરી લેવાની તાલીમ અપાઈ રહી છે? લોકશાહીના અંચળા હેઠળ સરમુખત્યારશાહીનો સાણસો પકડ જમાવી રહ્યો હોય તેમ નથી લાગતું? કેટલાક લોકો આને અઘોષિત કટોકટી પણ કહે છે. છેલ્લે ચોથો પણ મહત્ત્વનો સવાલ. સરહદ પરના લડાખની દેશપ્રેમી પ્રજા તેમના નેતા સાથે સરકાર દ્વારા થઈ રહેલા આ વ્યવહારને જોઈને શું વિચારતી હશે? તેમના મોરલને નુકસાન તો નહીં થાય ને? અને આવું નુકસાન થશે તો એની શી કિંમત દેશે ચૂકવવી પડશે?

ખરી વાત તો એ છે કે તાજેતરમાં લડાખના ભૂગર્ભમાં અનેક કીમતી ખનીજો હોવાનું ધ્યાનમાં આવ્યું છે. વળી, અફાટ રણ વિસ્તારમાં સૂર્ય-ઊર્જાના પ્લાન્ટ નાખવામાં પણ કોર્પોરેટ કંપનીઓને રસ છે. જો વિકાસના નિર્ણયો સ્થાનિક પ્રજાને સોંપાય તો ચૂંટણી જીતવા માટેના ફંડ આપનાર કોર્પોરેટનાં હિતોનું શું? અને કદાચ એટલે જ લડાખને છઠ્ઠી અનુસૂચિમાં સામેલ કરવાની માગણી સ્વીકારાતી નથી.

ગાંધી-અર્વિન કરારથી પ્રસિદ્ધ અને પાછળથી બ્રિટનના વિદેશ સચીવ બનેલા લોર્ડ હેલીફેકસને (પાછળથી નામ બદલેલું) ૧૯૩૭માં હિટલરે સલાહ આપેલી, "Shoot Gandhi, and if this doesn't suffice to reduce them to submission, shoot a dozen leading members of the Congress, and if that doesn't suffice shoot 200, and so on, as you make it clear that you mean business." (ગાંધીનું ખૂન કરી નાંખો. જો તેનાથી તેઓ શરણે ન આવે તો કોંગ્રેસના ડઝન નેતાઓનું ખૂન કરી નાંખો, અને તે પણ અપૂરતું હોય તો ૨૦૦નું ખૂન કરી નાંખો, અને (શરણે ન થાય ત્યાં સુધી) આમ ખૂન કરતાં રહો!) શું 'ગાંધી'નું ખૂન થઈ શકે ? શું 'ગાંધી' જોહુકમીની શરણે આવે ખરા ? યાદ કરીએ, હિટલરે જાતે પોતાનું ખૂન કરેલું અને આજે જર્મનીની પ્રજા હિટલર પ્રત્યે ઘૃણા અને તેનાં કૃત્યો પ્રત્યે શરમ અનુભવે છે. આશા રાખીએ કે વિશ્વની સૌથી મોટી લોકશાહીનું સુપેરે જતન થાય!

- કપિલ શાહ

---

**મહાત્મા ગાંધી અને અરવિંદ...** (પાન ૦૭નું ચાલુ)

વિકાસ ભૌતિકવાદી માનસના રૂપમાં થઈ ચૂક્યો છે, પરંતુ અતિમાનસના રૂપમાં થવાનો હજુ બાકી છે. જ્યારે વ્યક્તિ અતિમાનસની સ્થિતિમાં પહોંચી જશે ત્યારે તે 'સચ્ચિદાનંદ'ની પ્રાપ્તિ કરવાને સક્ષમ થઈ જશે. સચ્ચિદાનંદ આધ્યાત્મિક, નૈતિક અને ભૌતિક મૂલ્યોનું પ્રતીક છે.

શ્રી અરવિંદે પોતાના આધ્યાત્મિક સિદ્ધાંતોનું અમલીકરણ રાજનીતિક અને સામાજિક ક્ષેત્રોમાં કરતાં ભાવિ આધ્યાત્મિક સમાજ અંગે વિચાર અભિવ્યક્ત કર્યા છે. તેમના મતાનુસાર રાષ્ટ્રધર્મ સર્વોચ્ચ ધર્મ છે. માતૃભૂમિ એ દેવી છે જેના પ્રત્યે આપણા હૃદયમાં સમર્પણ અને ત્યાગની ભાવના હોવી જોઈએ. શ્રી અરવિંદના ભાવિ આધ્યાત્મિક રાજ્યમાં વ્યક્તિ રાષ્ટ્રની પૂજા ઈશ્વરના રૂપમાં કરશે તથા રાષ્ટ્રીય સ્વતંત્રતા અને અખંડતાને રક્ષણાર્થે સહર્ષ પોતાના પ્રાણોનો ઉત્સર્ગ કરી દેશે. તેઓ રાષ્ટ્રીય આંદોલનને રાજનીતિક આંદોલન ન માની ધાર્મિક આંદોલનની સંજ્ઞા પ્રદાન કરે છે. તેમના મતાનુસાર વ્યક્તિનો પૂર્ણ વિકાસ માત્ર આધ્યત્મિક રાષ્ટ્રમાં જ શક્ય છે.

જોકે ગાંધીજી અને શ્રી અરવિંદ બંનેએ ભાવિ આધ્યાત્મિક સમાજનું ચિત્ર પ્રસ્તુત કર્યું છે, પરંતુ બંને ધારણાઓમાં કેટલુંક મહત્ત્વનું અંતર પણ છે. ગાંધીજીના રાજનીતિક વિચાર શ્રી અરવિંદના સમાન ઉગ્ર રાષ્ટ્રવાદી સિદ્ધાંતો પર આધારિત નથી. જ્યાં સુધી ગાંધીજીનો પ્રશ્ન છે, તો તેઓએ સાધ્ય અને સાધનમાં એક તારતમ્યનું સમર્થન કર્યુ છે. જ્યારે શ્રી અરવિંદે સિદ્ધાંતનું નિર્ધારણ સાધ્યની અનુસાર કરવાની તરફેણમાં પોતાના વિચાર વ્યક્ત કર્યા છે. ગાંધીજીનું રાજનીતિક અને સામાજિક દર્શન નૈતિક અને આધ્યાત્મિક સિદ્ધાંતોથી વધારે પ્રભાવિત છે, જ્યારે શ્રીઅરવિંદનું દર્શન આધ્યાત્મિક અને નૈતિક સિદ્ધાંતો ઉપરાંત મનોવૈજ્ઞાનિક પાસાંઓ પર આધારિત છે. ગાંધીજી અને શ્રીઅરવિંદનું ભાવિ આધ્યાત્મિક દર્શન વર્તમાનકાળમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય હિતોની પ્રાપ્તિ તથા વિવિધ પ્રકારની સમસ્યાઓના નિરાકરણમાં ઉલ્લેખનીય ભૂમિકા ભજવી શકે છે.

અનુ. રાજેન્દ્ર દવે — ડૉ. અનુરાધા પ્રસાદ

('મહાત્મા ગાંધી અને શ્રી અરવિંદ ઘોષ તુલનાત્મક અભ્યાસ પુસ્તકમાંથી સાભાર)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગ્લોબલ સુમુદ ફ્લોટીલા : આ જનસંહાર બંદ કરો !

**વિ**શ્વ આખામાંથી હિંસાના સમાચારો આવે અને આપણે સુન્ન થઈ જઈએ છીએ. યુક્રેન યુદ્ધથી દ્રવિત થતા અને અસહાયતા અનુભવતા આપણે ગાઝામાં થઈ રહેલા જનસંહારથી અરેરાટી અનુભવીએ છીએ. ૧૬.૯.૨૦૨૫નો અંક ‘અહિંસાની ખોજ’ની વાત લઈને આવ્યો. તેમાં યુદ્ધો કેમ થાય છે તેની વિગતવાર રજૂઆત થઈ છે. અને છતાં માનવી ઇચ્છે છે શાંતિ -શાંતિમાં જ તેને સુખની પ્રાપ્તિ થાય છે.

ભયંકર સ્વાર્થ, સત્તાલોલુપતા, નફાની લાલચ અને અહમ્‌ની વચ્ચે ચોમેર કાળાં વાદળોની વચ્ચે જેમ સૂર્યનાં કિરણો દર્શન દેતાં હોય છે તેમજ વિશ્વમાં શાંતિ માટે, પ્રેમ માટે, સત્ય અને અહિંસાની રાહે કામ કરનારા લોકો હજુ પણ મોજૂદ છે અને પોતાના જાનની પરવા કર્યા વિના તેઓ યુદ્ધ જેવી પરિસ્થિતિમાં પણ ઝંપલાવે છે. વાત છે 'Gaza Freedom Flotilla'ની.

‘ગ્લોબલ સુમુદ ફ્લોટીલા’ જેને ક્યારેક ક્યારેક ‘ગ્લોબલ ફ્રીડમ ફ્લોટીલા’ પણ કહેવાય છે, વર્ષ ૨૦૨૫માં શરૂ કરવામાં આવેલ આ એક નાગરિક સમાજના નેતૃત્વવાળી સમુદ્રી પહેલ છે. જેણે ગાઝાપટ્ટીની નાકાબંદી તોડવાનો પ્રયાસ કર્યો, પરંતુ ઇઝરાઇલી નૌસેના દ્વારા તેને રોકી દેવાયો. આનું નામ ‘સુમુદ’ એટલે અરબીમાં ‘દઢતા’ અથવા ‘લચીલાપણું’ એવો થાય છે. અને ફ્લોટીલા એટલે નાનાં વહાણોનો કાફલો. આ પહેલની શરૂઆત જુલાઈ ૨૦૨૫માં થઈ. જેનું આયોજન ફ્રીડમ ફ્લોટીલા નેટવર્ક, ગ્લોબલ મુવમેંટ ટુ ગાઝા, માઘરેબ સુમુદ ફ્લોટીલા તેમજ સુમુદ નુઅંતારાએ મળીને ગાઝા યુદ્ધ દરમિયાન કર્યું હતું. ફ્લોટીલામાં ૪૪થી વધુ દેશોના ૫૦૦ જેટલા પ્રતિનિધિઓ ૫૦ જહાજોમાં ગાઝા તરફ વધી રહ્યા હતા. ઇતિહાસમાં આ સૌથી મોટો નાગરિક નેતૃત્વ વાળો કાફલો બની રહ્યો. અહીં યાદ કરીએ કે ઈરાક યુદ્ધના વિરોધમાં ૮૦ દેશોનાં ૬૦૦ શહેરોમાં એક કરોડથી વધુ લોકાએ શાંતિ માટે દેખાવો કર્યા હતા.

ફ્લોટીલાએ ઑગસ્ટ ૨૦૨૫ના અંતમાં પ્રતિનિધિ મંડળો સાથે ઓટ્રાન્ટો, જીનોઆ (ઈટાલી) તેમજ બાર્સેલોના (સ્પેઈન)થી પ્રસ્થાન કર્યું. સપ્ટેમ્બરની શરૂઆતમાં કૈટેનીયા, સિરોસ તેમજ ટ્યુનિસિયા ગયા. શરૂઆતમાં ખૂબ તીવ્ર પવનોનો સામનો તેમને કરવાનો આવ્યો. તેમજ એક મોટા સમુદ્રી તોફાનમાંથી પણ તેઓ હેમખેમ બહાર આવ્યા - જેને કારણે ધાર્યા કરતાં પહોંચવામાં મોડું પણ થયું.

ઈટલીથી આવેલો કાફલો ૩જી સપ્ટેમ્બરે સિસિલી પહોંચ્યો તેમજ ચાર દિવસ પછી સ્પેનિશ કાફલાનો એક ભાગ ટ્યુનિશિયા પહોંચ્યો. ૯મી સપ્ટેમ્બરે તેમજ તેના બીજા દિવસે જહાજો પર નાના મોટા હુમલા થયા, જેને કારણે આગ લાગી.



જમીન પર લોકોનો દરિયો
બર્લિનમાં સિત્તેર હજાર લોકોની રેલી

જહાજોમાં સવાર આ ૪૪ દેશના મરજીવાઓની અહિંસાની તાલીમ, એકતા-મૈત્રી-પરિચય માટેના કાર્યક્રમો વગેરે કરવામાં આવ્યા. આ જહોજામાં કલકત્તાથી એક ભારતીય પ્રતિનિધિ મંડળ પણ જવાનું હતું, પરંતુ સુરક્ષાના કારણોસર તે જઈ ન શક્યું. જ્યારે સુમુદ ફ્લોટીલાનું પ્રસ્થાન થવાનું હતું ત્યારે જીનોઆમાં ૪૦,૦૦૦ (હા, ચાળીસ હજાર) નાગરિકોની ભીડે આ સાથીઓને સલામી આપીને વિદાય આપી જે પોતાના જાનને જોખમે ગાઝા તરફ પ્રસ્થાન કરી રહ્યા હતા.

આ એવા મિત્રો છે જે પોતાનો વિચાર કર્યા વિના વિશ્વમાં થઈ રહેલા અન્યાય માટે અને માનવની ગરિમા માટે દુનિયાને રસ્તો બતાવી રહ્યા છે. તેમનાં સાધન કહો કે હથિયાર કહો તે છે અહિંસા, નૈતિકબળ અને સાહસ અથવા હિંમત. તેઓ કહે છે,

*ઇઝરાયેલ અમારી નાવોને જપ્ત કરી શકે છે*
*પરંતુ અમારા ઈરાદાઓને નહીં,*
*તે અમારી નાવો પર હુમલા કરી શકે,*
*પરંતુ અમારા આંદોલનને મારી નહીં શકે.*
*ઇઝરાયેલ તેમજ દુનિયાને યાદ રહે કે,*
*સમુદ્રનાં મોજાં સતત ફરી-ફરી આવ્યા જ કરે છે....*

આ માત્ર માનવીય મદદ પહોંચાડવાની યાત્રા ક્યાં હતી ? આ તો હતી, સત્તાના અનૈતિક ગઠબંધનને પડકાર આપતી એક ઉદાત્ત યાત્રા. ભૂમધ્ય સાગરના એ સુંદર ભૂરા પાણીમાં માનવના (હજુ પણ બચેલા) નૈતિક-બળનો ઇતિહાસ લખી રહેલી આ યાત્રા.... આવી જ એક યાત્રા ૧૯૪૭માં ૭૮ વર્ષના એક ડોસાએ કરેલી નોઆખલીમાં. આજે ગ્રેટા થનબર્ગ અને તેના સાથીઓ ગાંધીની જેમ ઇઝરાયલના ગાંડપણ સામે હિંમતભેર ઊભાં છે.

રાજ્ય જ્યારે હિંસા, દમન આચરે છે ત્યારે એ જરૂરી બની જાય છે કે તેના સમાચાર બહાર ન જાય, પછી તે લદાખ હોય કે ગાઝા. ગાઝાની બોર્ડર ચારે બાજુથી જડબેસલાક સીલ કરી દેવાઈ છે. ખોરાક, દવા જેવી જરૂરી વસ્તુઓ પણ ગાઝાની અંદર મોકલવી કે ન મોકલવી તે ઇઝરાયેલ જ નક્કી કરે છે. વિશ્વભરમાંથી આવતી મદદ પણ સીમા પર જ રોકી દેવાય છે. પત્રકારોને પણ પ્રવેશ મળતો નથી. હમણાં સુધીમાં ૨૦૦ જેટલા પત્રકારોને મારી નાંખવામાં આવ્યા છે. એટલું જ નહીં ઇઝરાયેલ ફાવે તેમ ફ્લોટીલા અંગે દુ:પ્રચાર કરી રહ્યું છે કે તેઓ હિંસા કરવા અહીં આવતા હતા વગેરે. જેમ જેમ આ વહાણોનો કાફલો (આપણે એને ફ્લોટીલા કહીશું) ભૂમધ્ય સાગરમાં ઇઝરાયેલની નજીક પહોંચતો હતો તેમ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

તેમ જહાજમાં સવાર મરજીવાઓ માટે મોતનો સામનો કરવાનો સમય નજીક આવતો જતો હતો.

ઇઝરાયેલ દ્વારા કરવામાં આવી રહેલ આપણા સમયના સહુથી ભયાનક જનસંહારને રોકવામાં જ્યાં સરકારો મહદ્અંશે નિષ્ફળ સાબિત થઈ રહી છે તેવા સમયે માનવતાના વિવેકનો અવાજ ક્યારેક ક્યારેક વધુ અસરકારક બની જતો હોય છે. 'ગ્લોબલ સુમુદ ફ્લોટીલા' એ આ પેઢીના આવા અવાજનું સૌથી ધ્યાન ખેંચનારું મૂર્ત સ્વરૂપ છે.

આ આંતરરાષ્ટ્રીય નાગરિક સમાજની પહેલ કોઈ રાષ્ટ્રપતિના મહેલમાં નહીં, પરંતુ વિશ્વના આમ લોકોના દિલમાં પેદા થઈ છે. તે એક જ વાત કરે છે : **''ગાઝામાં ઇઝરાયેલ દ્વારા થઈ રહેલો ગેરકાનૂની જનસંહાર તેમજ નાકાબંદી તોડવી જોઈએ તેમજ ભૂખી વસ્તીને જીવનરક્ષક મદદ પહોંચાડવી જોઈએ.''** આ મિશન અપાર પડકારો તેમજ જોખમોનો સામનો કરતા માનવોના કાફલા કરતાં પણ ઘણું વધારે છે. કારણ કે તેણે વિશ્વભરની તાકાતવાન સરકારોની મૂક તેમજ જાહેર સંમતિને કારણે ઇઝરાયેલ જે મનફાવે તેમ વર્તે છે તેની સામે વ્યૂહાત્મક તેમજ કાયદાકીય પડકાર ફેંક્યો છે.

સુમુદ ફ્લોટીલા વૈશ્વિક ભાઈચારાની વધતી જતી જરૂરિયાતના પ્રતીક સમું છે. આ કાફલામાં છ ખંડોના ૪૪ દેશોના લોકો છે. તેમાં સૈનિકો નથી; તેમાં સાંસદો છે, ડોક્ટરો, વકીલો, કલાકારો, પત્રકારો અને કર્મશીલોનો સમાવેશ થાય છે. તેમાં જાણીતા પર્યાવરણ કર્મશીલ ગ્રેટા થનબર્ગ, બાર્સેલોના (સ્પેઈન)ના પૂર્વ મેયર પણ સામેલ છે. દક્ષિણ આફ્રિકા એકલાના પ્રતિનિધિઓમાં ખ્રિસ્તી, મુસ્લિમ, યહુદી, અજ્ઞેયવાદી, નાસ્તિક બધા જ સામેલ છે. આ બધી બાબતો બતાવે છે કે સહુનો હેતુ એક છે. બધાં નાનકડાં જહાજોમાં નીકળી પડ્યાં છે - હથિયાર નહીં અન્ન સામગ્રી સાથે, દવાઓ સાથે.

ગ્રેટા થનબર્ગ કહે છે, ''મને ઇઝરાયેલથી ડર નથી લાગતો, મને એવી દુનિયાથી ડર લાગે છે જેમાં માનવતા ખતમ થઈ રહી છે. અમે જે પ્રયોગ કરી રહ્યા છીએ તે બતાવે છે કે માનવતા બચી છે, આજે પણ એવા લોકો બચ્યા છે જેમને બીજાને દુઃખે દુઃખી થાય છે. આ અમારો છેલ્લી પાટલીનો મરણિયો પ્રયાસ છે. પણ આવી સ્થિતિ પર આવવું પડે એ કંઈ ઇચ્છવા યોગ્ય પરિસ્થિતિ નથી. અમારી સરકારોએ જે કરવું જોઈતુ હતું તે કરવા તે આગળ નહીં આવી તેવે સમયે અમે તમને કહેવા આવ્યા છીએ કે અમે તમારી સાથે છીએ.''

જ્યારે પેલેસ્ટાઈનના લોકોએ ફ્લોટીલા વિશે સાંભળ્યું ત્યારે તેમણે કહ્યું,






ગ્રેટા થનબર્ગ અને સાથીઓ

''ભલે તમારાં જહાજોને અમારા દેશના કિનારે લાંગરવા ન દે, તમે અમારાં હૃદય સુધી પહોંચી ગયાં છો, તમારા જાનના જોખમે, તમે અમારા માટે, અમારાં બાળકો માટે અહીં સુધી આવ્યાં, પોતાનાં ઘર-બાર-કુટુંબ-કામકાજ છોડીને આવ્યાં - અમે તમારો આદર કરીએ છીએ, તમારો તહેદિલથી આભાર માનીએ છીએ. તમારે લીધે અમે જીવતાં રહીશું - તમે છો એટલે અમે જીવતાં રહીશું - અમને હવે ખાતરી થઈ છે કે પેલેસ્ટાઈન એકલું નથી !''

હિંસાથી કોઈને નુકસાન કરવું સહેલું છે, પછી તે સ્થાનિક સ્તરની હિંસા હોય કે બે દેશો વચ્ચેની. એનો વિકલ્પ અહિંસા છે, સમાજરચનાના પાયામાં અહિંસા જરૂરી અને મૂલભૂત છે એ બાબત પ્રસ્થાપિત થતા વાર લાગશે. હજુ માનવઉત્ક્રાંતિ ત્યાં સુધી પહોંચી નથી. તેને માટે અનેક પ્રયત્નો કરવા પડશે. ફ્લોટીલા જેવા પ્રયોગો હિંસાથી થતા નુકસાનને સમજે છે અને તેથી દુનિયા સામે એક વિકલ્પ આપી રહ્યા છે. ફ્લોટીલા અહિંસક સમાજરચનાની દિશામાં એક સીમાચિહ્નરૂપ પગલું છે.

ઇઝરાયેલની સત્તા પોતાના અસ્તિત્વને લઈને હંમેશાં ભયમાં રહી છે અને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે ગમે તેટલી હિંસા કરવી પડે તો પણ તેને યોગ્ય માને છે. ઉત્તર અમેરિકા જેવી દુયિનાની એકમાત્ર મહાશક્તિનું ધન, સત્તાનું પીઠબળ તેમજ સૌથી શ્રીમંત ગણાતી અમેરિકાની જ્યુઈશ (યહુદી) લોબી બધું તેમની સાથે છે. આમ, રાજ્યસત્તા, શસ્ત્રાસ્ત્રો, પૈસો બધું એક તરફ છે. તો બીજી તરફ છે ફિલસૂફી, બુલંદ ઇરાદો, નિષ્ઠા અને દુનિયાને એક સ્વસ્થ, સુંદર, શાંતિમય સ્થાન બનાવવાની ખ્વાહેશ સેવનારા મરજીવાઓ.

પૈસા અને સત્તાથી કાબૂમાં લેવાયેલ સંચારમાધ્યમો ગમે તે દુઃપ્રચાર કરે, ઇઝારાયેલે ફ્લોટીલાને ભલે રોકી દીધું, દવા, ખાદ્ય સામગ્રીઓ જપ્ત કરી લે, આ કર્મશીલોને જેલમાં પૂરે, ત્રાસ આપે - પણ કોઈ પણ તટસ્થ નજરે જુએ તો સમજાશે કે જીત તો આ ફ્લોટીલાના મિત્રોની જ છે. આ હિંસાથી અહિંસા તરફ જનારી યાત્રાની જે સુંદરતા છે તેમાં જીત તો બેશક ફ્લોટીલાના મિત્રોની જ છે. માનવઉત્ક્રાંતિનું 'એક અગલું કદમ' છે.

પરંતુ સત્તામાં ધૂત ઇઝરાયેલ કંઈ આ બધું સાંખી શકે ? આખરે જેનો ડર હતો તે થઈને જ રહ્યું. જેમ જેમ ફ્લોટીલાનો કાફલો ગાઝાની નજીક આવતો ગયો તેમ હુમલા શરૂ થઈ ગયા. દસ જહાજો પર નાના બોમ નાંખવામાં આવ્યા. આગ લાગી. ઇન્ટરનેટ જેમ કરવામાં આવ્યું. મનોવૈજ્ઞાનિક હુમલા અને સૈનિક હુમલા થયા. તો પણ આ મિત્રો મનોબળ હાર્યા (જુઓ પાન નં. ૧૫)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સફીના હુસૈનને મેગ્સેસે એવોર્ડ

**આધુનિક યુગનાં 'ફાતિમા શેખ' સફીના હુસૈનને રેમન મેગ્સેસે એવોર્ડ બદલ મુબારકબાદી**

સફીના હુસૈન જેમણે ૨૦૦૭માં રાજસ્થાનમાં 'એજ્યુકેટ ગર્લ્સ' (Educate Girls) નામની એનજીઓની સ્થાપના કરી હતી, તેમની સંસ્થા વિશ્વની પ્રખ્યાત રેમન મેગ્સેસ એવોર્ડ (Ramon Magsaysay Award) 2025 માટે પસંદ થઈ છે. આ ભારતીય સંસ્થા પ્રથમ વખત આ પ્રતિષ્ઠિત પુરસ્કાર જીતી છે, જેને એશિયાના નોબેલ પુરસ્કાર તરીકે ઓળખવામાં આવે છે.

૭ નવેમ્બર ૨૦૨૫, મનિલા (ફિલિપાઇન્સ)માં મેટ્રોપોલિટન થિયેટરમાં આ સમારોહ યોજાશે. શિક્ષણ દ્વારા દીકરીઓમાં સાંસ્કૃતિક વિભાજનને દૂર કરવા, નિરક્ષરતાથી મુક્તિ અને તેમને કુશળતા, હિંમત અને સ્વાયત્તતા આપવા માટે આ એનજીઓએ ૫૫ હજારથી વધુ સ્વયંસેવકોના સાથ-સહકારથી ૨૦ લાખથી વધુ દીકરીઓને શાળાઓમાં પ્રવેશ કરાવ્યો છે અને ૧.૫૫ કરોડથી વધુ લોકોને પ્રભાવિત કર્યા છે. ૩૦,૦૦૦થી વધુ ગ્રામીણ વિસ્તારોમાં પોતાની પહોંચ બનાવી ચૂક્યાં છે. દસ વર્ષમાં એક કરોડથી વધુ બાળકો સુધી પહોંચવાનું તેમનું લક્ષ્ય છે. લંડન સ્કૂલ ઑફ ઇકોનોમિક્સમાં અનુસ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કર્યા બાદ તેઓ અમેરિકાના સાન ફ્રાન્સિસ્કોમાં કોર્પોરેટ જોબ છોડીને ૨૦૦૫માં ભારત પાછાં ફર્યાં અને દીકરીઓના શિક્ષણ માટે કાર્યરત થયાં. તેઓ પ્રખ્યાત ફિલ્મ ડિરેક્ટર હંસલ મહેતાનાં જીવનસાથી છે.

શાહીના અલીને પણ ૨૦૨૫ના રેમન મેગ્સેસ એવોર્ડ (Ramon Magsaysay Award) માટે પસંદ કરવામાં આવ્યાં છે. તેઓ માલ્દીવ્સના પર્યાવરણ કાર્યકર્તા છે અને સુમદ્ર સંરક્ષણ તથા હરિત કર્મશીલતા (green activism) માટે આ એવોર્ડથી સન્માનિત થવાનાં છે. એશિયામાં અસાધારણ નેતૃત્વ અને સમાજસેવા માટે આપવામાં આવતા આ એવોર્ડમાં ૨૦૨૫ના વિજેતાઓમાં માલ્દીવ્સનાં શાહીના અલી ઉપરાંત ભારતના 'એજ્યુકેટ ગર્લ્સ' સંસ્થા અને ફિલિપાઇન્સના વતની ફ્લેવિયાનો આંટોનિયો એલ. વિલાનુએવા પણ સામેલ છે. આ એવોર્ડની જાહેરાત ૩૧ ઑગસ્ટ, ૨૦૨૫ના રોજ કરવામાં આવી હતી.

સફીના હુસૈન કહે છે, ''આ ભારત માટે ઐતિહાસિક ક્ષણ છે અને તે એક એવા લોકોની ચળવળ તરફ વૈશ્વિક ધ્યાન કેન્દ્રિત કરે છે જે દૂર ગામડાની એક દીકરીથી શરૂ થયું હતું.'' આ પુરસ્કાર ભારતીય વ્યક્તિઓ જેમ કે મધર ટેરેસા, સત્યજિત રે અને અરવિંદ કેજરીવાલ તથા જાણીતા કર્મશીલ સંદીપ પાંડે, શ્રીમતી અરુણા રૉય તેમજ સોનમ વાંગચુકને પણ અગાઉ મળી ચૂક્યા છે. પરંતુ ભારતીય એનજીઓને આ એવોર્ડ પ્રથમ વાર એનાયત થઈ રહ્યો છે. ભારતમાં લાખો બાળકીઓએ શાળા દૂર હોવાના કારણે, વહેલાં લગ્ન, ઘરની જવાબદારીઓ જેવાં કારણોસર અભ્યાસ અધવચ્ચે છોડી દેવો પડે છે. ગ્રામીણ વિસ્તારોમાં ઘણી બાળકીઓ ક્યારેય શાળાએ ગઈ નથી, તેઓ ભણવા ઇચ્છે છે પરંતુ તેમને તક મળતી નથી. આવી બાળકીઓને તેમનાં સપનાં પૂરાં કરવા, આશાઓ સાથે ઊડવા, શિક્ષણ પૂર્ણ કરવા, પોતાની ઓળખ બનાવવા અને આત્મનિર્ભર બનવા માટે તક અને સમર્થનની જરૂર હોય છે. આ તક અને સમર્થન સફીના હુસૈન અને તેમની સંસ્થા 'એજ્યુકેટ ગર્લ્સ' દ્વારા આપવામાં આવી. તેમની દુરંદેશી પહેલ અને મજબૂત ઇચ્છાશક્તિ સાથે, સફીના હુસૈને લાખો બાળકીઓના જીવનને સંપૂર્ણપણે બદલી નાખ્યું અને તેમને શિક્ષણની અમૂલ્ય ભેટ આપી.

૨૦૨૩માં આપેલા એક ઇન્ટરવ્યૂમાં સફીના હુસૈને કહ્યું, ''હું એવું વિશ્વ જોવા ઇચ્છું છું જ્યાં દરેક બાળકી શિક્ષણનો આનંદ માણે, જ્યાં દરેક બાળકીને સમાન તકો મળે, જેથી તેમની પાસે પસંદગીઓ હોય અને તેમનો પોતાનો અવાજ હોય.'' સફીના હુસૈન મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ છે, જેમણે બાળકીઓને શિક્ષણ આપવાનો સંકલ્પ લીધો. દરેક અડચણને પાર કરીને, તેમણે ઘણી બાળકીઓના ભવિષ્યને અંધકારમાંથી બહાર લાવવાનું ઉમદા કાર્ય કર્યું છે.

સફીના હુસૈનનો જન્મ ૨૧ જાન્યુઆરી ૧૯૭૧ના રોજ નવી દિલ્હીમાં થયો હતો. તેમના પિતા પ્રખ્યાત બોલિવુડ અભિનેતા શ્રી યુસુફ હુસૈન. તેમની માતાનું નામ ઉષાબહેન. સફીના હુસૈને કેટલાંક વ્યક્તિગત કારણોસર ૧૨મું ધોરણ પાસ કર્યા બાદ અભ્યાસ છોડી દીધો હતો. તેઓ કહે છે, ''મેં ત્રણ વર્ષ સુધી કંઈ કર્યું નહીં.'' પછી બધા લોકો કહેવા લાગ્યા : ''તેનાં લગ્ન કરાવો. હવે બીજું શું બાકી છે ?''

પછી તેમનાં એક કાકી ''માહે હસન''એ સફીના હુસૈન તરફ મદદનો હાથ લંબાવ્યો અને કહ્યું, ''આ દીકરીની જવાબદારી મને સોંપી દો.'' તેમનાં કાકીની મદદથી, સફીનાએ આગળનો અભ્યાસ શરૂ કર્યો. તેમણે લંડન સ્કૂલ ઑફ ઇકોનોમિક્સમાંથી ડેવલપમેન્ટ સ્ટડીઝમાં ડિગ્રી મેળવી. તેમનાં કાકીએ શિક્ષણ માટે આપેલી મદદ અને આ અનુભવે તેમના જીવનમાં જાગૃતિ લાવી. તેમને સમજાયું કે તેઓ જે અનુભવમાંથી પસાર થયાં તે જ અનુભવમાંથી ભારતની ઘણી બાળકીઓને પસાર થવું પડતું હશે. તેમને પણ અભ્યાસ પૂર્ણ કરવા માટે મદદની જરૂર હશે. જેમ તેમની કાકીએ તેમને મદદ કરી, તેમ સફીનાએ ભારતની લાખો બાળકીઓ તરફ મદદનો હાથ લંબાવ્યો. તેઓ કહે છે, ''મેં શિક્ષણની શક્તિનો અનુભવ કર્યો છે, અને આજે હું જે છું તે મારા શિક્ષણનું પરિણામ છે.'' સફીના હુસૈનને શિક્ષણનું મહત્ત્વ સમજાયું અને ૨૦૦૫માં ''બાળકીઓમાં શિક્ષણની ટકાવારી સુધારવા'' અને તેમને વધુ સારી તકો પૂરી પાડવાના મિશન સાથે ભારત પરત ફર્યાં.

સફીના હુસૈને પોતાની સંસ્થા શરૂ કરતા પહેલાં ''પ્રથમ સંસ્થા''માં કામ કરીને આ ક્ષેત્રનો અનુભવ મેળવ્યો. ભારત જેવા દેશમાં, જ્યાં આજે પણ બાળકીઓના શિક્ષણ વિશે લોકોની વિચારસરણી ખૂબ સંકુચિત છે, ગ્રામીણ વિસ્તારોમાં બાળકીઓના શિક્ષણને કોઈ મહત્ત્વ આપવામાં આવતું નથી. આવા વાતાવરણમાં, બાળકીઓનાં માતા-પિતાને તેમના શિક્ષણ માટે પ્રેરિત કરવાં એ સરળ કામ નહોતું. સફીના હુસૈને તેમની ઝુંબેશ શરૂ કરવા માટે એવા વિસ્તારો પસંદ કર્યા જ્યાં બાળકીઓના



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

શિક્ષણની ટકાવારી ખૂબ ઓછી હતી. તેમણે રાજસ્થાનના ભીલવાડા નજીકના એક નાના ગામથી શરૂઆત કરી.

જ્યારે સફીના હુસૈન એક ગામમાં ગયાં અને એક ઘરનો દરવાજો ખટખટાવીને પૂછ્યું કે તેમની દીકરી શાળાએ જાય છે કે નહીં, ત્યારે તેમને ખૂબ કડવો અનુભવ થયો. તેમના પ્રશ્નને સીધો નકારી દેવામાં આવ્યો અને કોઈ પણ માહિતી આપવાનો ઇન્કાર કરવામાં આવ્યો. પરંતુ સફીના હુસૈને હાર ન માની. તેઓ તે ઘરે એક વાર નહીં, પરંતુ ચાર વખત ગયાં, પરંતુ દરેક વખતે તેમને નિરાશા જ હાથ લાગી અને તે મહિલાએ પોતાની દીકરીને શાળાએ મોકલવાનો સ્પષ્ટ ઇન્કાર કર્યો. આ આપણા ભારતની સૌથી મોટી વિડંબના છે કે ઘણી વખત બાળકીઓના શિક્ષણમાં, તેમની માતાઓ જ તેમના શિક્ષણ પ્રત્યે બેદરકારી દર્શાવે છે. સફીના હુસૈન આ કડવા અનુભવથી હતાશ થયાં નહીં અને ફરી એક વાર તે ગામમાં ગયાં. આ વખતે તેમણે તે બાળકીના પિતાને શિક્ષણનું મહત્ત્વ સમજાવ્યું. તેમની મહેનત અને સમર્પણ રંગ લાવ્યાં, અને તે બાળકીના પિતા તરફથી મળેલા સકારાત્મક પ્રતિસાદે સફીના હુસૈનના પ્રયાસોને નવી ઊર્જા આપી.

સફીના હુસૈનની સંસ્થા 'એજ્યુકેટ ગર્લ્સ' ખાતરી કરે છે કે પસંદ કરેલા વિસ્તારોમાં કોઈ બાળકી શિક્ષણથી વંચિત ન રહે. તેમની સંસ્થા પોતાના ઉદ્દેશ્યને પૂર્ણ કરવા માટે ઘણા તબક્કામાં કામ કરે છે. સૌ પ્રથમ, ગ્રાઉન્ડ લેવલનો સર્વે કરવામાં આવે છે જેથી ખબર પડે કે કેટલી બાળકીઓ શાળાએ જતી નથી અથવા કયા કારણસર અભ્યાસ છોડી દીધો છે. બાળકીઓની ઓળખ થયા બાદ, તેમના પરિવારોને બાળકીઓના શિક્ષણ માટે પ્રેરિત કરવામાં આવે છે અને તેમને નજીકની શાળામાં દાખલ કરાવવામાં આવે છે. આ સંસ્થા ફક્ત બાળકીને દાખલ કરાવીને જવાબદારીમાંથી મુક્ત થતી નથી, પરંતુ તેમના કાર્યકર્તાઓ સમયાંતરે મુલાકાત લઈને ખાતરી કરે છે કે બાળકી નિયમિત શાળાએ જાય છે કે નહીં અને તેની શૈક્ષણિક પ્રગતિનું નિરીક્ષણ થાય છે.

સફીના હુસૈન કહે છે, ''હું ખરેખર માનું છું કે જ્યાં સુધી છેલ્લી બાળકીને સમાનતા ન મળે ત્યાં સુધી આપણી મહિલાઓ સમાન નહીં ગણાય. એટલે જ આપણે ખાતરી કરવી પડશે કે દરેક બાળકીને શિક્ષણનો અધિકાર મળે.'' 'એજ્યુકેટ ગર્લ્સ' સંસ્થાએ 'પ્રગતિ' નામનું બીજું મિશન શરૂ કર્યું છે. આ મિશન એવી બાળકીઓ માટે છે જેમણે કોઈ કારણસર અભ્યાસ અધવચ્ચે છોડી દીધો છે. આવી બાળકીઓને ઓપન સ્કૂલ દ્વારા આગળનું શિક્ષણ પૂરું કરાવવામાં આવે છે.

સફીના હુસૈનને તેમના ઉમદા કાર્ય માટે ઘણા પુરસ્કારો મળ્યા છે : ૨૦૧૪ અને ૨૦૨૩માં તેમને WISE એવોર્ડથી નવાજવામાં આવ્યાં. (WISE એ શિક્ષણમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે કતારમાં આપવામાં આવતો એવોર્ડ છે.) ૨૦૧૯માં તેમને ET Prime Women Leadership Award મળ્યો. ૨૦૧૭માં તેઓ NITI Ayog Women Transforming India Awardના વિજેતા બન્યાં. ૨૦૧૬માં તેમને NDTV-L'Oreal Paris Women of Worth Award મળ્યો. ૨૦૧૫માં Skoll Award for Social Enterpreneurshipથી નવાજ્યાં.

સફીના હુસૈન એક જીવંત, ઉત્સાહી અને પ્રભાવશાળી મહિલા છે. તેમના બે દાયકાના ઉમદા કાર્યમાં, તેમણે ઘણાં સીમાચિહ્નો સ્થાપિત કર્યાં છે અને લાખો બાળકીઓના જીવનની સ્થિતિ અને દિશા બદલી છે. આપણે આશા રાખીએ કે તેમની ઝુંબેશ આગળ વધતી રહે અને સફીના હુસૈન છેલ્લી હાંસિયામાં રહેલી બાળકી સુધી પહોંચે.

(સૌજન્ય : NDTV પરના સમાચારોમાંથી) **– હિદાયત પરમાર**

## ગ્લોબલ સુમુદ ફ્લોટીલા..

(પાન ૧૩નું ચાલુ)

નહીં. તેમણે બધી તૈયારીઓ કરેલી હતી. ૧લી ઑક્ટોબરે ડ્રોન હુમલા શરૂ થયા અને આગળ ન વધવાની કડક ચેતવણી આપી. ૧૫૦ નોટીકલ માઈલ (દરિયામાં મપાતું અંતર) એ જોખમી વિસ્તાર કહેવાય. આખરે ૩જી ઑક્ટોબરે ૪૨.૫ નોટીકલ માઈલ પહેલાં આ જહાજોને અટકાવી દેવામાં આવ્યાં અને ફ્લોટીલામાં જે સાથીઓ હતા તેમને અટકાયતમાં લેવામાં આવ્યાં. ગાર્ડીયન વિકલીના અહેવાલ પ્રમાણે જેલમાં આ મિત્રોને મારવામાં આવે છે, તેમની સામે બંદૂકો તાકી રાખવામાં આવે છે. ઊંઘવા દેવામાં નથી આવતા, તેમના પર કૂતરા છોડવામાં આવે છે, તેમને અપમાનિત કરવામાં આવે છે, તેમને જરૂરી દવાઓ પણ આપવામાં નથી આવતી અને ઇઝરાયેલ હમાસ પર હુમલો કરે છે તેનું ફુટેજ જોવાની ફરજ પડાય છે. આ લેખ પ્રેસમાં જાય છે ત્યારે માહિતી મળી છે કે ૧૩૭ કર્મશીલોને દેશનિકાલ (ડીપોર્ટ) કરવામાં આવ્યા છે.

ફ્લોટીલા જ્યારે ગાઝા તરફ રવાના થઈ રહ્યું હતું ત્યારે વિશ્વભરમાંથી તેને ટેકો મળી રહ્યો હતો. ઈટલીના જીનોઆ શહેરના મેયરે તેમને વિદાય આપી હતી. જ્યારે આ જહાજોને રોકી દેવામાં આવ્યાં ત્યારે વિશ્વભરમાં તેનો વિરોધ થયો. આખી દુનિયા પ્રત્યેક મિનિટે ફ્લોટીલાને 'ફોલો' કરી રહી હતી, જહાજો ક્યાં પહોંચ્યાં, શું થયું વગેરે. લંડન, બર્લિન, પેરીસ, ઈટલીનાં વિવિધ શહેરો, સીડની વગેરે સ્થળોએ મળીને એક લાખ લોકોએ રેલીમાં ભાગ લીધો. ઈટલીમાં સ્કૂલ, રેલવે સ્ટેશન વગેરે પણ બંધ કરી દેવાયાં. ફ્લોટીલા દરિયામાં હતું તો જમીન પર પણ લોકોનો સમુદ્ર હતો. લોકો પોતાની સરકારોને કહી રહ્યા હતા, ગાઝા પર હુમલો કરવા માટે હથિયાર ના મોકલો, ઇઝરાયેલ સાથે વ્યાપાર બંધ કરો. એમનો સંપૂર્ણ બોયકોટ કરો. એક તરફ જમીન પર આ ચિત્ર હતું તો ફ્લોટીલામાં આટલી કપરી પરિસ્થિતિમાં પણ આ મિત્રો પોતાની યાત્રા વિશે લખી રહ્યા હતા, ક્યારે મૃત્યુ આવશે તેની ખબર નથી, છતાં માઈલે માઈલે ઇતિહાસ રચી રહ્યા છે, આ મિત્રો !

અહંકારનું ભૂત જેને વળગેલું છે, તે સત્તા ગમે તે કરે, આ માનવતાના ફિરસ્તાઓ કોઈ ભૂખ્યું ન મરે, કોઈ દવા વિનાનું ન રહે તેને માટે ઇન્સાનિયતના કાયદાનું પાલન કરતા જે સહન કરવું પડે તે કરવા તૈયાર બેઠા છે. શું આ અત્યારના સમયની સૌથી સુંદર કવિતા નથી ?

(સમાચારો પરથી સંકલિત) **– સ્વાતિ દેસાઈ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# એન.એ.પી.એમ.નાં ત્રીસ વર્ષ : લોકશાહી અને જન રાજનીતિની યાત્રા - ૬

(ગતાંકનું ચાલુ...)

**● સંવિધાન સન્માનયાત્રા (૨૦૧૮) : બંધારણીય લોકશાહીની રક્ષા**

લોકશાહીની જુદી જુદી સંસ્થાઓ પર અગાઉ ન જોયા હોય તેવા હુમલાઓ થવા માંડ્યા ત્યારે NAPM એ ૨૦૧૮ની સાલમાં સંવિધાન સન્માનયાત્રા કરવાનું નક્કી કર્યું. આ દેશવ્યાપી યાત્રાનો હેતુ હતો - દેશ આખામાં એ સંદેશ આપવો કે ધર્મનિરપેક્ષતાને નબળી પાડવાનું, બંધારણના અધિકારોને કચડવાનું તેમજ સત્તા-કેન્દ્રિકરણ તરફ આગળ વધવાનું થઈ રહ્યું છે, તે અંગે નાગરિકોની જાગૃતિ જરૂરી છે. ૨૬ રાજ્યોમાં ૬૫ દિવસમાં ૨૫,૦૦૦ કિ.મી. કાપનારી આ યાત્રામાં વકીલ, વિદ્યાર્થી, પત્રકાર તેમજ પાયાના આંદોલનકર્તાઓ સામેલ હતા. આ યાત્રાએ નાગરિક-સ્વાતંત્ર્ય, દલિત-આદિવાસીના અધિકારો તેમજ અભિવ્યક્તિની સ્વતંત્રતા અંગે દેશમાં સંવાદ શરૂ થયો. સાથેસાથે જે લોકો નફરત તેમજ હિંસાના ભોગ બન્યા હતા તેમને ન્યાય મળે તેમજ સમાજમાં શાંતિની પુનઃસ્થાપના થાય તે માટેના દરેક પ્રયત્નને આ યાત્રાએ ટેકો આપ્યો.

આ યાત્રાનો હેતુ કોઈ વિશેષ નીતિ પરિવર્તન કરવાનો ન હતો, પરંતુ બંધારણીય લોકશાહીને જનતાની રાજનીતિના કેન્દ્રમાં લાવવાનો હતો. આગળ કહ્યું તેમ આ યાત્રા એવા સમયે શરૂ કરવામાં આવી હતી જે વખતે ભારતનો આત્મા જ જોખમમાં મુકાઈ રહ્યો હતો. આ પહેલમાંથી પ્રેરણા લઈને 'બાતેં અમનકી' જેવી યાત્રાઓ (અનહદ તેમજ NFIW દ્વારા) પણ થઈ. જે સમાન ચિંતાઓને લઈને શરૂ કરવામાં આવી હતી. આમ દેશના ફલક પર બંધારણ અંગેની નિસ્બતને ઉજાગર કરવામાં NAPM એ મહત્ત્વની ભૂમિકા અદા કરી. ત્યારબાદ દેશના વિરોધપક્ષોએ પણ આ વાતને ઉપાડી.

**● સંઘીય માળખું, નાગરિકતા અને અસહમતી પર હુમલો :**

૨૦૧૯માં પુરી, ઓડિશામાં NAPM નું અધિવેશન થયું. અનુચ્છેદ ૩૭૦ હટાવવામાં આવ્યો - જેને કારણે જમ્મુ-કશ્મીરનો વિશેષ દરજ્જો સમાપ્ત થયો. કશ્મીર ઘાટીમાં જવા પર કડક પ્રતિબંધો મૂકવામાં આવ્યા, તેમજ બધા જ મુખ્ય રાજકીય પક્ષના નેતાઓ તેમજ માનવઅધિકાર કાર્યકર્તાઓની ધરપકડ કરવામાં આવી. ત્યારબાદ ૨૦૧૯માં નાગરિકતા સંશોધન અધિનિયમ (CAA) અને રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર (NRC) લાવવામાં આવ્યા, જેનો સમગ્ર દેશમાં વ્યાપક વિરોધ થયો. NAPM વિદ્યાર્થીઓ, મુસ્લિમ સમુદાય તેમજ નાગરિક સમાજનાં જૂથો સાથે મજબૂતાઈથી ઊભું રહ્યું. આ નીતિઓ ભારતની ધર્મનિરપેક્ષ લોકશાહી પર સીધો પ્રહાર છે તેવું આ આંદોલને ઉજાગર કર્યું જેનો ઉદ્દેશ્ય લઘુમતીને મતાધિકારથી વંચિત કરવી તેમજ ધાર્મિક ભેદભાવને સંસ્થાગત બનાવવાનો હતો.

NAPM ના આગેવાનોએ દિલ્હીના શાહીનબાગ તેમજ દેશભરનાં આવાં તમામ ધરણાઓમાં સક્રિય ભાગીદારી લીધી અને નાગરિકતાના અધિકારોની લડાઈ ન્યાય અને સમાનતાના વ્યાપક આંદોલન સાથે જોડાયેલી રહે તેવું સુનિશ્ચિત કર્યું. આ આંદોલનોના દબાણને કારણે સરકારને નિયમ બનાવવા તેમજ કાયદો લાગુ કરવાની પ્રક્રિયાને આગળ ઠેલવી પડી.

આ ગાળાની એક વિશેષતા એ રહી કે સંસદની પ્રક્રિયાઓને કોરાણે મૂકીને મોટાભાગના કાયદા તેમજ વિધેયક કોઈ ચર્ચા વિચારણા વિના પસાર કરવામાં આવ્યા. વિપક્ષ કે અન્ય હિતધારકોને વિશ્વાસમાં લીધા વિના, સંસદીય સમિતિઓને પણ નજરઅંદાજ કરવામાં આવી. આ જ પદ્ધતિથી કોઈ ચર્ચા વિના સપ્ટેમ્બર ૨૦૨૦માં ત્રણ કૃષિ કાયદા સંસદમાં પસાર કરવામાં આવ્યા, જેને લીધે કૃષિના કોર્પોરેટીકરણ અને સરકારી ખરીદ વ્યવસ્થા ખતમ થવાનો ડર ફેલાઈ ગયો. પહેલેથી જ સરકારી નીતિઓથી નારાજ ખેડૂતો, જેમણે ૨૦૧૪ થી ૨૦૧૯ દરમિયાન ભૂમિ અધિકાર આંદોલન તેમજ AIKSCC (ઑલ ઇન્ડિયા કિસાન સંઘર્ષ કો-ઑર્ડિનેશન કમિટી)ના માધ્યમથી સતત સંઘર્ષ કર્યો હતો, તેમણે નવેમ્બરના અંતમાં દિલ્હી તરફ કૂચ શરૂ કરી અને આગળનું એક વર્ષ સાતત્યપૂર્ણ રીતે ત્યાં ટકી રહ્યા. અંતમાં સરકારે ૨૦૨૧માં આ કાયદાઓ પાછા લેવા પડ્યા.

૨૦૨૦-૨૧ના કિસાન આંદોલન દરમિયાન NAPM એ કાયદાકીય સમર્થન, દેશભરમાંથી લોકો આ આંદોલનમાં ભળે તે માટેના પ્રયત્નો તેમજ કોર્પોરેટ વર્ચસ્વની વિરુદ્ધમાં થનારાં આંદોલનોને વ્યાપક રીતે આ આંદોલન સાથે જોડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી. NAPM ના સભ્યોએ મિટ્ટી સત્યાગ્રહ, કિસાન સંસદ, ધરણાં તેમજ પોત-પોતાનાં ક્ષેત્રોમાં તેમજ દિલ્હીના મુખ્ય પ્રદર્શન સ્થળ પર વિવિધ આયોજનો કર્યાં. આ કાયદાઓનું પાછું લેવાવું તે હાલના પરિવર્તનના ઇતિહાસમાં સૌથી મોટી જીતોમાંની એક ગણાવી શકાય.

કોવિડની આપદા દરમિયાન જ્યારે માર્ચ ૨૦૨૦માં અચાનક લોકડાઉનની જાહેરાત કરવામાં આવી અને પ્રવાસી મજૂરોનો મોટો પ્રશ્ન સામે આવ્યો ત્યારે NAPMના સભ્યોએ ઠેર-ઠેર મજૂર હેલ્પલાઈન, ભોજન, આશ્રય, દવાઓ, લોકોને જે-તે સ્થળ પર પહોંચાડવાની વ્યવસ્થા વગેરે કર્યાં. તેમજ અન્ય આંદોલનો સાથે મળીને રાહતકાર્ય પણ કર્યું. કાયદાકીય કાર્યવાહીઓ, નીતિના સ્તરે રજૂઆતો, એકતા જળવાય તે માટેના કાર્યક્રમો, વ્યૂહરચના તેમજ સંસાધન એકત્ર કરવા જેવાં કામોથી લોકોને મદદરૂપ બનાવવાનું એવા સમયે કર્યું જ્યારે સરકારો તત્કાલ રાહત આપવામાં અસફળ સાબિત થઈ રહી હતી. આ બાબત NAPMની એ પરંપરાનો ભાગ છે, જેમાં તેણે દરેક આપદા - પછી કચ્છનો ભૂકંપ હોય કે ગુજરાતનાં તોફાનો, બિહારની રેલ હોય કે ઓરિસ્સાનું વાવાઝોડુંમાં તત્કાલ પહોંચી જઈને પોતાનો નાગરિક ધર્મ નિભાવ્યો છે.

**● લોકશાહી વિરોધ માટે સાંકડાં થતાં જતાં સ્થાનો**

૨૦૧૯ પછી અને ખાસ કરીને કોવિડ પછી લોકશાહી પદ્ધતિથી



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

થનારા વિરોધોની જગ્યાઓ ખૂબ ઝડપમાં સાંકડી થવા માંડી. કાર્યકર્તાઓ, વિદ્યાર્થીઓ, પત્રકારો તેમજ નાગરિક સમાજનાં સંગઠનોને કડક કાયદાઓ મારફતે નિશાન બનાવવામાં આવ્યાં અને જાહેર સભાઓ પર રોક લગાવવામાં આવી. કોવિડનું બહાનું કરીને પણ જાહેર પ્રવૃત્તિઓને સીમિત કરવામાં આવી.

છેલ્લાં કેટલાંક વર્ષોથી યુએપીએ (ગેરકાનૂની પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ) જેવા કાયદાઓ અને દેશદ્રોહના આરોપ આંદોલનકારીઓ, પત્રકારો તેમજ માનવઅધિકાર માટે ઝઝૂમતા કર્મશીલો વિરુદ્ધ હથિયાર બની ગયો છે. જેને કારણે લોકોના સંગઠિત થવા પર હજુ વધુ મોટું જોખમ આવી ગયું છે. ભીમા કોરેગાંવનો કિસ્સો, દિલ્હીનાં તોફાનો વગેરે ઘણા દાખલાઓ કર્મશીલોને ડરાવવા, ધમકાવવા અને જેલમાં નાંખવા માટેના હથિયારસમા બની ગયા છે. કર્મશીલો પરની દેખરેખ વધુ કડક કરી દેવાઈ છે, સરકારી એજન્સીઓ ડીજીટલ ટ્રેકિંગ, એન.જી.ઓ. પર છાપા મારવા અને FCRA દ્વારા આવતા ફંડને ફ્રિઝ કરીને જનતાના અવાજને પાંગળો બનાવવાનું કામ સતત થઈ રહ્યું છે.

જે જગ્યાઓએ વિરોધ પ્રદર્શનો થતાં આવ્યાં છે ત્યાંથી લોકોને ખૂબ કડકાઈથી હટાવી દેવાયા ખાસ કરીને ૨૦૧૯-૨૦ના સી.એ.એ.નાં વિરોધ પ્રદર્શનો અને ૨૦૨૦-૨૧ના કિસાન આંદોલન દરમિયાન. સંદેશો ખૂબ સ્પષ્ટ હતો : રાજ્યની નીતિઓ, કોર્પોરેટ કબજા કે હિંદુત્વના વર્ચસ્વને પડકારનારાઓ સાથે કડકાઈથી વર્તવામાં આવશે. પ્રગતિશીલ વિશ્વ-વિદ્યાલયોના પરિસરો પર પણ કબજો કરી લેવાયો, જ્યાં ચોક્કસ પ્રકારની વિચારધારાના લોકોને નીમી દેવાયા છે.

આના જવાબમાં આંદોલનોએ તેમજ NAPM એ પોતાની વ્યૂહરચના બદલવી પડી. મોટા પ્રમાણમાં ભૌતિક રીતે (વાસ્તવિક રીતે) એકત્રિત થવાને બદલે ડીજીટલ પ્લેટફોર્મના માધ્યમથી કેટલીક પ્રવૃત્તિઓ તરફ વળવું પડ્યું. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, ઓનલાઈન અરજીઓ, અને વર્ચ્યુઅલ કેંપેન આ બધાં સાધનોથી વિરોધ નોંધાવવાનું શરૂ કરવું પડ્યું. પણ આ બધું સહેલું ન હતું. ઘણાં પાયાનાં સંગઠનો પાસે ડીજીટલ સંગઠન ઊભું કરવા માટેની ટેકનિકલ જાણકારી કે સંસાધન ન હતાં. તેમ છતાં, કાર્યકરોએ સંઘર્ષને જીવતો રાખ્યો, તેને માટેના રસ્તાઓ શોધ્યા - લાઈવ સ્ટ્રીમીંગ, ટ્વીટર કેંપેન વગેરે દ્વારા અવાજને તીવ્ર બનાવવો, જેલમાંના કાર્યકરો માટે લોકો પાસેથી - જાહેર જનતા પાસેથી ફાળો ઉઘરાવવો વગેરે રસ્તાઓ અપનાવ્યા. કોર્પોરેટ નિયંત્રિત મુખ્યપ્રવાહના સંચારમાધ્યમોની સામે સ્વતંત્ર ડીજીટલ મીડિયાનાં પ્લેટફોર્મ ઊભાં થયાં જેમણે માનવ-અધિકારના હનનની વાત દેશ સામે લાવી અને પાયાના અવાજો માટે જગ્યા ઊભી કરી.

આપણે જાણીએ છીએ કે ડીજીટલ આંદોલનની પોતાની મર્યાદાઓ છે. એ સાચું છે કે તેને કારણે આંદોલન વધુ લોકો સુધી પહોંચ્યું છે. પરંતુ આ પદ્ધતિની અસરકારકતા ધરતી પરના આંદોલનની સરખામણીમાં ઓછી જ રહેવાની. રાજ્યે પણ ડિજીટલ વિરોધને કેવી રીતે પહોંચી વળવું તેની પદ્ધતિઓ શોધી કાઢી છે - દરેખરેખની ટેકનિક, આલ્ગોરીધમ સાથે છેડછાડ અને મોટા પ્રમાણમાં સરકારી પ્રચાર. સોશિયલ મીડિયા આલ્ગોરિધમે આંદોલન સાથે સંલગ્ન સામગ્રીની પહોંચ સીમિત કરી દીધી છે. જેને કારણે કાર્યકર્તાઓ માટે જન-સમર્થન મેળવવો મુશ્કેલ થઈ ગયો છે. રાજ્યના ટેકાથી ચાલતી ટ્રોલ-આર્મી અને ફેક ન્યુઝ કેંપેન દ્વારા આંદોલનોને બદનામ કરાય છે, કાર્યકર્તાઓની છબી બગાડવામાં આવે છે અને જનતાના મતને વાળી લેવાય છે. જ્યારે વિરોધ ખૂબ તીવ્ર બની જાય ત્યારે એવું જોવા મળે છે કે આ વિસ્તારમાં ઇન્ટરનેટ બંધ કરી દેવાય છે - જેવું કે દિલ્હીના કિસાન આંદોલનમાં તેમજ તાજેતરમાં લદાખમાં જોવા મળ્યું.

## ● ડીજીટલ દમનની પેલે પાર : એકતાનું વિખેરાવું તેમજ આંદોલન-કારી માળખાનું તૂટવું

ડીજીટલ દમનથી પણ ગંભીર સમસ્યા એ છે કે આંદોલનોમાં અંદરની એકતા તેમજ સંપ અગાઉ કરતાં ઓછાં થયાં છે. પહેલાનાં આંદોલન, જેમ કે નર્મદા બચાઓ આંદોન અથવા સેઝની વિરુદ્ધનું આંદોલન - સાતત્ય-પૂર્વકની હાજરી, સહિયારા અનુભવો અને પાયાની ભાગીદારીને કારણે ઊંડા સંબંધો બાંધનારા હતા. તેનાથી ઊંધું આજનું ડીજીટલ એક્ટીવીઝમ ઘણી વાર થોડા સમયના ગુસ્સા સુધી સીમિત બની જાય છે, જે માત્ર હેશટેગ અને ટ્રેડીંગ મુદ્દાથી સંચાલિત થાય છે, પાયાના સંગઠનના નિર્માણથી નહીં. સંઘર્ષો વધારે પડતા સ્થાનિક બની જાય તે પણ એક પડકાર છે. કારણ કે કોર્પોરેટ મૂડી પણ ઝડપમાં ફેલાઈ રહી છે અને સમુદાયોને વિસ્થાપિત કરી રહી છે, તેથી જો સંગઠિત થઈને વિરોધ નહીં કરવામાં આવે તો સ્થાનિક આંદોલનો પોતાની અસરકારકતા ખોઈ બેસશે.

આ કઠણ સમયમાં એક બીજું સંકટ એ ઊભું થયું છે કે પ્રગતિશીલ નાગરિક સમાજની સંસ્થાઓને યોજનાબદ્ધ રીતે ખતમ કરાઈ રહી છે. થિંક ટેંક, વિશ્વવિદ્યાલયો, નાગરિક અધિકાર સંગઠન, સ્વતંત્ર કાયદાકીય મંચ તેમજ સ્વતંત્ર મીડિયા - જે દશકાઓથી જન આંદોલનોની સાથે ઊભાં છે - તેમને કાં તો અપરાધી જાહેર કરી દેવાયાં છે અથવા તો તેમને મળતાં દાન રોકી દેવાયાં છે. અથવા તેમને ચૂપ રહેવા માટે મજબૂર કરાયાં છે. વિદેશી અનુદાન પર પ્રતિબંધ લગાવીને, કાર્યકર્તાઓ-કર્મશીલોને 'રાષ્ટ્રવિરોધી' કહીને બદનામ કરીને તેમજ કાયદાકીય હથકડીઓથી અસહમતિના અવાજો બંદ કરીને રાજ્ય એ આખું માળખું જ તોડી નાંખવાના પ્રયત્નમાં છે જે દસકાઓ સુધી જનસંઘર્ષોની કરોડરજ્જુ બનીને કામ કર્યું છે. આ શૂન્યાવકાશે આંદોલનોને હજુ વધુ અસુરક્ષિત બનાવી દીધાં છે, જેને કારણે તેમને અગાઉથી વધુ મુશ્કેલ હાલતમાં કામ કરવું પડે છે.

## ● આપણી સામેના પડકાર : લોકશાહીના પાયાને બચાવવો

જેમ જેમ દમન વધતું ગયું, જન આંદોલનો સામેના પડકારો વધતા ગયા. આ પડકાર એ છે કે તેઓ ફરી એક વાર સાર્વજનિક સ્થાનોને આંદોલનોનાં સ્થાન બનાવે, મજબૂત એકતા માટેના નેટવર્ક બનાવે, અને એવા નવા રૂપમાં આંદોલનો થાય જે માત્ર ડીજીટલ સેંસરશીપ જ નહીં, રાજ્યની મશીનરીની પણ ઝીંક ઝીલી શકે. હવે લડાઈ માત્ર



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અધિકારોની નથી રહી - હવે આ લોકશાહીને બચાવવાની લડાઈ બની ચૂકી છે - આ બાબતની ગંભીરતા આપણે સહુએ સમજવાની છે.

આ બધા છતાં લોકોનાં સંગઠનો, એ આજે પણ આંદોલનોની સૌથી મજબૂત શક્તિ છે. ૨૦૨૦-૨૧નું કિસાન આંદોલન એ બાબતનું ઉદાહરણ છે કે જ્યારે લોકો મોટી સંખ્યામાં રસ્તાઓ પર ઊતરે છે ત્યારે તેઓ સરકારને પણ ઝુકાવી શકે છે, ભલે પછી તે સરકાર ગમે તેટલી મજબૂત કેમ ન હોય ! NAPMએ સમયની સાથે પોતાની પદ્ધતિઓ બદલી છે - આજે એ પરંપરાગત વિરોધની પદ્ધતિઓની સાથે સાથે ડિજીટલ ટૂલ્સનો ઉપયોગ પણ કરવા માંડ્યું છે. પરંતુ એક પાયાનો પ્રશ્ન આજે પણ જેમનો તેમ ઊભો છે. એવા દોરમાં જ્યારે અસહમતિને અપરાધ બનાવી દેવાયો છે, મીડિયા સરકારની સાથે છે, અને સાર્વજનિક સંવાદ પર નિયંત્રણ છે, શું આંદોલનો જીવતાં રહી શકશે ખરાં ?

આ પ્રશ્નનો જવાબ છે - હાઈબ્રીડ વ્યૂહરચના. એટલે કે આપણે ડીજીટલ સાધનો તો જરૂરથી વાપરીશું - લોકો સુધી પહોંચવા, સમન્વય તેમજ દસ્તાવેજીકરણ માટે, પરંતુ આંદોલનની ખરી શક્તિ તેની સહિયારી તેમજ જમીન પરની ભાગીદારીમાં જ રહેલી છે. આ એ પડકાર છે જેમનો સામનો માત્ર NAPM જ નહીં, પરંતુ સમગ્ર દુનિયાનાં આંદોલનોએ આવનારાં વર્ષોમાં કરવાનો છે. જ્યારે રાજ્ય અને કોર્પોરેટ શક્તિઓ ભેગી મળીને પૂરી તાકાત લોકશાહી પર કબજો કરવામાં લગાડી રહી હોય ત્યારે આંદોલનો તો જ બચશે જો તે ફરીથી પાયાનાં જોડાણ, વ્યાપક ગઠબંધનો તેમજ વ્યૂરહચનાપૂર્વક ડીજીટલ ઉપયોગના સહારે પોતાને મજબૂત કરે.

**● આગળનો રસ્તો : જનસંઘર્ષોના એક નવા દોર તરફ**

આ પડકારોના જવાબમાં, ગયાં પાંચ વર્ષમાં NAPMએ સક્રિયતા તેમજ વિરોધના બદલાના સ્વરૂપને સમજી લઈને નવી વ્યૂહરચના અપનાવી છે. કોવિડ ૧૯ના રોગચાળા દરમ્યાન જ્યારે શારીરિક રીતે (ભૌતિક રીતે) ભેગા થવાનું અઘરું હતું, ત્યારે NAPM એ 'ગ્રાઉન્ડેડ વોયસેસ', 'યુવાસંવાદ' અને 'વી શેલ સ્પીક' જેવા લાંબા સમય સુધી ચાલનારી ઓનલાઈન સંવાદ શ્રૃંખલાઓના માધ્યમથી વ્યાપક ડીજીટલ હસ્તક્ષેપ શરૂ કર્યો હતો. આ મંચો દ્વારા તે વખતે ચાલનારા સંઘર્ષોને ટેકો મળ્યો એટલું જ નહીં, પરંતુ અંતરિયાળ વિસ્તારોમાંથી ઊભા થતા તેમજ ઓછી ઓળખાણ પામેલા કર્મશીલોના અવાજને દેશ આખામાં પહોંચાડવાનું પણ બન્યું.

આ ઊર્જાને આગળ વધારતા NAPMએ છેલ્લાં થોડાં વર્ષોમાં મુદ્દા આધારિત મંચોની રચના કરી છે જે યુવાનો, બુદ્ધિજીવીઓ, વ્યાવસાયિકો તેમજ સ્થાનિક સંઘર્ષોને એક સહિયારા મંચ પર લાવવાનો પ્રયત્ન છે. આમાં રાષ્ટ્રીય કિસાન સમુદાય મંચ, અખિલ ભારતીય શ્રમિક સંઘ, રાષ્ટ્રીય શહેરી સંઘર્ષ મંચ, અખિલ ભારતીય નદિયાઁ મંચ, જલવાયુ ઔર પારિસ્થિતિક ન્યાય કે લિએ રાષ્ટ્રીય ગઠબંધન (NACEJ), અખિલ ભારતીય ઇન્કલાબી યુવા ઔર છાત્ર મોર્ચા (ALIFA), ન્યાય, જવાબદેહી ઔર અધિકારોં કે લિએ રાષ્ટ્રીય ગઠબંધન (NAJAR) તેમજ અખિલ ભારતીય સ્વાસ્થ્ય અધિકાર અભિયાન. આ મંચ એક વ્યૂહરચનાત્મક પરિવર્તનનો સંકેત આપે છે - નવા કાર્યકર્તાઓને સંગઠિત કરવા, પાયાના સંઘર્ષોને જોડવા અને નાગરિક સમાજની બદલાઈ રહેલી પરિસ્થિતિનો જવાબ આપવાનો આ પ્રયત્ન છે.

NAPM જ્યારે પોતાની ત્રીસ વર્ષની યાત્રા પૂરી કરી રહ્યું છે ત્યારે આ એક મહત્ત્વના વળાંક પર તે ઊભું છે. કોર્પોરેટ તેમજ રાજશક્તિનું કેન્દ્રીકરણ, ડીજીટલ દેખરેખ તેમજ ચૂંટણીના રાજકારણમાં પૈસાની બોલબાલા - આ બધાંને કારણે આંદોલન કરવું અગાઉ કરતાં ઘણું વધારે અઘરું થઈ ગયું છે. આમ છતાં, તેનો વારસો - કોર્પોરેટ દ્વારા જમીન સંપાદિત કરવાના વિરોધથી લઈને બંધારણીય લોકશાહીની રક્ષા સુધી ભારતમાં જન આંદોલનોના ભવિષ્યને આકાર આપતો રહેશે. પડકાર હવે માત્ર દમનનો વિરોધ કરવાને લઈને નથી, પરંતુ રાજકીય શક્તિ તેમજ આંદોલનના નિર્માણને નવેસરથી આકાર આપવાનો છે, એ પણ એવા સમયમાં જ્યારે મીડિયા તેમજ ડીજીટલ સ્પેસ સામૂહિક કાર્યવાહીને બદલી રહ્યાં છે.

તેથી મુખ્ય પ્રશ્ન આ છે : શું કોઈ આંદોલન એવી લોકશાહીમાં ટકી શકશે જે નાગરિકોના જાગૃત હોવાને, સક્રિય હોવાને અપરાધ બનાવી દે છે ? શું તે પોતાના ક્રાંતિકારી આત્માને સાચવી રાખી શકશે, જ્યારે રાજનૈતિક તેમજ આર્થિક માળખાં ઝડપથી બદલાઈ રહ્યાં છે ? શું દમન, રેખરેખ (Vigilanceના અર્થમાં) તેમજ સાંકડાં થતાં જતાં નાગરિક સ્થાનો છતાં ફરીથી જાહેર વિરોધ ઊભો કરી શકાશે ? આ પ્રશ્નોના જવાબો જ NAPMની ભાવિ દિશા નક્કી કરશે.

ઇતિહાસ સાક્ષી છે કે સામાજિક આંદોલન ખતમ નથી થતાં, હા તે બદલાય છે ખરાં. વિરોધ નોંધાવવાની પદ્ધતિઓ ભલે બદલાય, પરંતુ ન્યાય, સમાનતા અને લોકશાહીની લડાઈ ચાલુ રહે છે. NAPM અને આવાં બધાં આંદોલનોનું ભવિષ્ય એ વાત પર આધાર રાખે છે કે સાર્વજનિક (જાહેર) સ્થળોને તેઓ કઈ રીતે ફરીથી મેળવી શકે છે, કાયદાકીય તેમજ ડીજીટલ સુરક્ષાને કેવી રીતે મજબૂત કરે છે, અને દેશની અંદર જ નહીં, પરંતુ સીમા પાર પણ વૈશ્વિક એકતા કેવી રીતે બનાવી શકે છે. આ કાળ વિરોધનું નવું મોડેલ બનાવવાનો છે - જેમાં સીધું એકશન, કાયદાકીય લડાઈ, વૈશ્વિક એકતા તેમજ ડીજીટલ વિરોધ એકીસાથે ચાલે - જેથી આંદોલન માત્ર પ્રતિક્રિયાત્મક ન બની રહે પરંતુ નવા રાજનૈતિક અને આર્થિક ભવિષ્યની રૂપરેખા તૈયાર કરી શકે. માર્ચ ૨૦૨૫માં યોજાયેલ હૈદરાબાદના સંમેલનમાં આ જ મુદ્દાઓ અંગે ચર્ચા-વિચારણા-મંથન કરવામાં આવ્યું.

ભારતમાં લોકશાહી માટેની લડાઈ હજુ પૂરી થઈ નથી. પરંતુ એ એક નવા નિર્ણાયક વળાંક પર પહોંચી છે. NAPM જેવા આંદોલન માત્ર રાજ્ય અને કોર્પોરેટ તાકાતની વિરુદ્ધમાં ઊભાં રહેશે, એટલું જ નહીં પરંતુ એકવીસમી સદીને માટે લોકશાહી ન્યાય તેમજ વિરોધની નવી પરિભાષા પણ બનાવશે. સવાલ એ નથી કે આંદોલન ટકશે કે નહીં - સવાલ એ છે કે તે આગળ કેવી રીતે વધશે.

(સંપૂર્ણ) **- મધુરેશ કુમાર**

(મધુરેશકુમાર NAPMના ભૂતપૂર્વ રાષ્ટ્રીય સમન્વયક છે.)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# પ્રખર સમાજવાદી-ગાંધીવાદી જી.જી.પરીખને સ્મરણાંજલિ



**બીજી** ઑક્ટોબરે જી. જી. પરીખે વિદાય લીધી એના અઠવાડિયા પહેલાં તેમનો મને ઈ-મેઈલ આવ્યો કે 'વૈકુંઠભાઈ મેહતા રીસર્ચ સેન્ટર ફોર ડીસેન્ટ્રલાઈઝ્ડ ઇન્ડસ્ટ્રીઝ' નામની સંસ્થાને ફરીથી ધબકતી કરવા મેં આવતા બે મહિનામાં ૨૦ થી ૩૦ લાખ રૂપિયા એકઠા કરવાની જવાબદારી લીધી છે અને એમાં તમારે બે લાખ રૂપિયા અપાવવાની જવાબદારી લેવાની છે. જવાબદારી લેનાર અને તેને સ્નેહાગ્રહથી મિત્રોમાં વહેંચી દેનાર જી. જી. ત્રણ મહિના પછી જીવનનાં ૧૦૨ વર્ષ પૂરાં કરવાના હતા. દીર્ઘાયુ તો ઘણા લોકોને મળે છે, પણ જી.જી.નું દીર્ઘાયુ વિલક્ષણ હતું. એક વરસ પહેલાં પડી ગયા હતા એટલે ખાટલાવશ હતા, પરંતુ થાકોડો નામનો નહોતો. ૧૦૧ વરસની ઉંમરે નવી જવાબદારી લે અને નવાં સપનાં જુએ.

બૃહદ વૈચારિક પરિવાર માટે તેઓ જીજી હતા અને તે ટૂંકાક્ષરી બે અક્ષરનું નામ એટલું બધું પ્રચલિત હતું કે કદાચ તેમને પોતાને જીજી એટલે હું ગુણવંતરાય ગણપતલાલ પરીખ એમ યાદ અપાવવું પડતું હશે. બાકી બિરાદરીએ જીજીનું નામ જાણવાની ભાગ્યે જ કોશિશ કરી હશે. જીજી એટલે જીજી. ખાન અબ્દુલ ગફારખાન જેવી જ કદકાઠી, નાકનકશો અને દાઢી ધરાવતા જીજી પ્રેક્ટીસ કરનારા ડોક્ટર હતા અને મને લાગે છે કે ૮૫ વરસની ઉંમર સુધી પ્રેક્ટીસ કરી હશે. મિત્રો પાસેથી આર્થિક સહયોગ માગવો ન પડે અને બીજા જરૂરતમંદ કાર્યકરોને મળતા સહયોગમાં ભાગ પડાવવો ન પડે એટલા માટે તેઓ પ્રેક્ટીસ કરતા. તેમણે ક્યારેય અંગત જરૂરિયાત માટે કોઈની પાસે એક રૂપિયો નથી માગ્યો, પણ અન્યથા તેઓ હંમેશા કોઈ ને કોઈ હેતુ માટે ઉઘરાણું કરતા રહેતા. તેમનું દવાખાનું લોકોથી ભરેલું હોય. ફી મામૂલી. ગરીબ હોય તો મફત. દવાખાનામાં કાર્યકર્તા પણ પાછળ બેઠા હોય અને ક્યારેક સમાજવાદી પક્ષના નેતાઓમાંથી પણ કોઈ આવી ચડે.

જીજીએ આઠ વર્ષની ઉંમરે ગાંધીજીનાં દર્શન કર્યાં હતાં અને ત્યારથી તેઓ ગાંધીજીના થઈને જીવ્યા. તેમનું મૃત્યુ પણ ગાંધીજયંતીના દિવસે થયું એ પણ કેવો સંયોગ! તરુણાવસ્થામાં જ આઝાદીની લડતમાં ભાગ લીધો અને જેલ ભોગવી. આઝાદી પછી સમાજવાદીઓએ કોંગ્રેસમાંથી બહાર નીકળીને સમાજવાદી પક્ષની સ્થાપના કરી અને જીજી સમાજવાદી પક્ષમાં જોડાયા. ડો. અશોક મેહતા અને ડો. રામ મનોહર લોહિયા વચ્ચે મતભેદ થયા અને તેઓ અશોક મહેતા સાથે ગયા. પ્રજા સમાજવાદી પક્ષમાં તેઓ સક્રિય હતા. એ સમયે સમાજવાદી પક્ષનું રાષ્ટ્રીય કાર્યાલય તાજમહાલ હોટેલની પાછળ આવેલ નેશનલ હાઉસમાં હતું અને જીજી જ તે સંભાળતા એમ કહી શકાય. નેશનલ હાઉસમાં દિગ્ગજ સમાજવાદી નેતાઓ વચ્ચે થતી દલીલો, મતભેદો, ઉગ્ર-આવેશમય ચર્ચાઓ અને નફરતો તેમણે સગી આંખે જોઈ હતી. તેઓ પ્રજા સમાજવાદી પક્ષમાં ગયા અને ખંતથી કામ પણ કર્યું, પરંતુ તેમને પાછા નજીક ન આવી શકાય એટલી દૂરી માફક નહોતી આવતી. ક્યારેક વાત થાય તો પ્રસંગો સંભળાવતા, પણ લખવાનું કે મુલાકાત આપીને વિગતે વાત કરવાનું કહીએ તો રસ નહોતા બતાવતા.

ભારત છોડો આંદોલન વખતે તેમનો યુસુફ મહેરઅલી સાથે પરિચય થયો હતો અને તે વધતો ગયો હતો. રોહિતભાઈ દવે પાસેથી તેમને વૈચારિક ભાથું મળતું હતું. રોહિતભાઈ પણ પક્ષ-કાર્યાલયના રોજના પ્રવાસી હતા. પણ એવામાં એક ઘટના બની. ઉમાકાંત પુતલી નામના તેમના ઉદ્યોગપતિ મિત્રએ એક દિવસ જીજીને કહ્યું કે પનવેલ નજીક તારા નામના ગામમાં મારી પાસે થોડી જમીન છે અને ત્યાં હું જોઉં છું કે ગ્રામીણ લોકો પાસે આરોગ્યની કોઈ સુવિધા નથી. તમે એક વાર આવો મારી સાથે અને જુઓ શું થઈ શકે. જીજી તેમની સાથે ગયા અને રવિવારીય દવાખાનું શરૂ થયું. તેઓ અચૂક જાય, બીજા ડૉક્ટરોને પણ લેતા જાય. અને એ રીતે યુસુફ મેહરઅલી સેન્ટરનાં મંગલાચરણ થયાં. જીજી જાણે કે એમાં ખૂંપી ગયા તે મૃત્યુ પર્યંત. એક હિન્દુએ આપેલી જમીન પર મુસ્લિમના નામે સંસ્થા સ્થપાય એ એ જમાનામાં સામાન્ય ઘટના હતી.

અઠવાડિક દવાખાનું રોજનું થયું અને તેમાંથી હૉસ્પિટલ બની. ગ્રામોદ્યોગ શરૂ કરવામાં આવ્યો. શાળા સ્થાપવામાં આવી. ૧૯૬૧માં પ્રવૃત્તિ શરૂ કરે છે અને ૧૯૬૬માં ભારતના ઉપરાષ્ટ્રપતિ ડો. ઝાકીરહુસેન તેનું વિધિવત્ ઉદ્ઘાટન કરવા આવે છે. આનું કારણ જીજીનું સમર્પણ. ઘણી વાર તો દિવસે જીજી તારા ગયા હોય અને સાંજે દવાખાનામાં બેઠા હોય. અત્યારે સેન્ટરની પ્રવૃત્તિ કચ્છ, સોનભદ્ર (ઉત્તર પ્રદેશ), બિહાર અને અન્યત્ર વિસ્તરી છે. આ સિવાય યુવાપ્રશિક્ષણ દ્વારા રાષ્ટ્રીય એકતા સાકાર કરવા માટે સેન્ટર કામ કરે છે. કમાણીનો એક હિસ્સો કે પ્રત્યેક વર્ષે નિશ્ચિત રકમ સેન્ટરને આપનારા અનેક મિત્રો જીજીએ તૈયાર કર્યા હતા. જીજીનો એવો સંકલ્પ હતો કે વરસમાં કમસેકમ એક વાર એ દરેકને મળવું. નામાંકિત વકીલો, ડોકટરો, ઉદ્યોગપતિઓ અને અન્ય પ્રોફેશનલોનો તેમાં સમાવેશ થતો હતો.

૨૦૧૪થી થયેલ સત્તા પરિવર્તન પછી જીજી સતત ચિંતિત રહેતા અને અંગત રીતે કે નાનામોટા ગ્રુપમાં દેશને ફાસીવાદથી કેમ બચાવવો એની ચિંતા કરતા રહેતા. તેમની ચિંતાનો બીજો વિષય હતો ખાદી. વર્તમાન સરકાર જાણીબૂજીને ખાદીને મારી રહી છે. આપણે ખાદી સંસ્થાઓને સરકારથી મુક્ત કરવી જોઈએ અથવા શુદ્ધ 'ગાંધીખાદી' કે 'બાપુખાદી' જેવો કોઈ માર્કો વિકસાવવો જોઈએ. અનેક બેઠકો કરી અને હાજરી આપી. જૈફ ઉંમરે ખાદી સારુ પ્રવાસ કરે અને એ પણ ટ્રેનમાં. સમાજવાદી વિચારધારામાં માનનારાઓની એકતા અને સમાજવાદી રાજકારણનું પુનરુત્થાન એ ત્રીજો વિષય હતો જે વિષે વિચારતા રહેતા અને પ્રયત્નો કરતા રહેતા. આ સિવાય હિમાલય સંરક્ષણથી લઈને વૈકુંઠભાઈ મેહતા ઇન્સ્ટીટ્યુટ સુધીના પ્રશ્નો માર્ગમાં આવે એ તો ખરા જ. નિરાશા તેમને સ્પર્શતી નહોતી. ૨૦૦૮માં પત્ની મંગળાબહેન ગુજરી ગયાં અને બે વરસ પહેલાં જમાઈ ગુજરી ગયા, પણ જીજીએ ક્યારેય સ્વસ્થતા નહોતી ગુમાવી. એટલે જ એ ગાંધીના હતા અને ગાંધીદિને ગયા. જીજીને પ્રણામ!

**– રમેશ ઓઝા**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# કામિનીબેન દવેની વસમી વિદાય



કામિનીબેનનો જન્મ ૨.૬.૧૯૫૪ના રોજ જૈન પરિવારમાં અમદાવાદ ખાતે થયેલો. પિતાજી બેંકમાં નોકરી કરતા હોવાથી ગુજરાત તેમજ રાજસ્થાનમાં વિવિધ સ્થળોએ પરિવારને રહેવાનું બન્યું. ખંભાત કૉલેજમાં બી.એ.નો અભ્યાસ તેમણે પૂર્ણ કર્યો હતો. પરિવારમાં મોટા હોવાને નાતે નાની વયે જ રસોઈ-ઘરકામ, નાનાં ભાઈ-બહેનોની ચિંતા કરવાની જવાબદારી કામિનીબેને ઉપાડી લીધી હતી. પરિવારમાં ઉપાડેલી આ જવાબદારીએ રજનીભાઈ સાથે જોડાયા પછી વ્યાપક સ્વરૂપ લીધું. રજનીભાઈ પણ જેના સંપર્કમાં આવે તેને ખવડાવવાના શોખીન – પછી તે પરિવારજનો હોય કે મિત્રો હોય ! રજનીભાઈના આ શોખને સ્નેહથી કામિનીબેને અંત સુધી સંભાળ્યો, જેમાં આગલી પેઢીનાં હીનાબેનનો પણ પૂરો સાથ તેમને મળી રહેતો.

રજનીભાઈ સાથે પરિચયમાં આવતાં તેમનો પરિવાર અને દુનિયા વિસ્તરતાં ગયાં. કટોકટીના સમયમાં નાનાં મોટાં કામો – આંદોલનને મદદરૂપ થવાનું હોય કે 'પ્રયાસ' માંગરોળમાં ભારતીબેનને જરૂરી મદદ કરવાની હોય કે રજનીભાઈના લેખન-સંપાદન કાર્યમાં નાની-મોટી મદદ હોય, કામિનીબેન યથાશક્તિ તેમાં ભળતાં. પાછળ રહીને મદદ કરવી એ તેમનો ગુણ. રજનીભાઈનો પરિવાર હોય કે તેમનાં પોતાનાં માતા-પિતા, ભાઈ-બહેનો કે મિત્ર પરિવાર હોય, મદદમાં દોડી જવાનો તેમનો સહજ સ્વભાવ હતો.

રજનીભાઈ એક રીતે અલગારી સ્વભાવના તો વળી ઘણી બાબતોમાં ક્રાંતિકારી વિચાર ધરાવનાર પણ ખરા. કામિનીબેન સાથે પરિચય-પ્રેમસંબંધ બંધાયો-'૭૦ના દાયકામાં. ત્યારે બંનેએ નક્કી કર્યું કે આપણને બંનેને જો એકબીજાના પ્રેમમાં વિશ્વાસ હોય તો ઔપચારિક લગ્નવિધિની વળી શી જરૂર ? અને ૧૯૭૭થી સાથે રહેવાની શરૂઆત કરી.

૧૯૮૮માં રજનીભાઈએ જીવનનો મોટો નિર્ણય કર્યો. રિલાયંસ કંપનીની સારા પગારની નોકરી છોડીને બે બાળકો સાથે અમદાવાદ શહેર છોડીને 'પ્રયાસ' માંગરોળ (તા.રાજપીપળા) રહેવા – કામ કરવા આવી ગયા. કામિનીબેન માંગરોળના વાતાવરણમાં દૂધમાં સાકર ભળે તેમ ભળી ગયાં અને પોતાના હાથના કસબ (રસોઈ)નો લાભ અમને સહુને મળતો રહ્યો, 'સ્વાતિ' પાઉંભાજી ખાવા આવી જજો, અરે આજે ઈડલી-સાંભાર બનાવ્યાં છે, ખાવા આવી જાવ ! મિત્રો હોય કે સંસ્થામાં આવેલ મહેમાનો હોય, કામિનીબેન પ્રેમથી ખવરાવવા તત્પર ! એમનો પ્રિય વિષય.' વળી, માંગરોળમાં સાત વર્ષ રહ્યા પછી રજનીભાઈને નવો વિચાર સૂઝ્યો -એક વર્ષ મૌન અને ધ્યાનમાં ગાળવું છે. કામિનીબેને મન મજબૂત કરીને તેમની આ માંગણી પણ મંજૂર રાખી અને આ દરમ્યાન બાળકો અને પરિવારની જવાબદારી સુપેરે સંભાળીને પોતાની ઠંડી તાકાતનો પરિચય કરાવ્યો.

રજનીભાઈ લખે છે, ''અમે અમારી પાસે જે હતું તેમાં સુખેથી રહ્યા, ન પાટણના કે ન કામિનીના પપ્પાના ઘર પાસે કોઈ અપેક્ષા કે બોજો નાંખ્યો. સગાઓ આવે, ટી.વી., ફ્રીજ વિનાનું ઘર જોઈને આશ્ચર્ય પામે પણ કામિનીએ ઘર માટે કે પોતાના માટે ખર્ચાળ માંગણી ન કરી. ઊલટાની અમારી શક્તિ પ્રમાણે બીજાને મદદ કરવાની વૃત્તિ જ તેની અને મારી રહેલી.

આગળ કહ્યું તેમ આપણા રજ્જુસાહેબ (રજનીભાઈનું અમ મિત્રો વચ્ચે ચાલતું નામ) કામમાં વ્યસ્ત – સંસારી છતાં અલગારી, કામિનીબેને જ બંને દીકરાઓ સિદ્ધાર્થ અને સત્યેનના અભ્યાસ, લગ્ન, પરિવારની બધી ગોઠવણો કરી. અલબત્ત રજનીભાઈ, અન્ય પરિવારજનો મિત્રોનો ટેકો તો ખરો જ ! આપણે જાણીએ છીએ કે વ્યક્તિ જ્યારે વ્યક્તિગત જીવન છોડીને સામાજિક જીવનમાં પ્રવેશે છે ત્યારે તેની દુનિયા – તેનું ફલક વિસ્તાર પામે છે અને તેનો લાભ જાણ્યે-અજાણ્યે પરિવારને પણ મળતો જ હોય છે. સિદ્ધાર્થ – સત્યેનને મળીએ ત્યારે આ વાતની પ્રતીતિ તમને થયા વિના ન રહે.

કામિનીબેનને દમનો રોગ છેલ્લાં પચ્ચીસેક વર્ષથી લાગુ પડેલો, પણ ડગુમગુ ગાડું ચાલ્યા કરતું હતું. છેલ્લાં ૨-૪ વર્ષથી ડાયાબીટીસ અને હૃદયની બીમારી પણ લાગુ પડી હતી. છેલ્લે પિત્તાશય ફાટી ગયું, તે પછી ઓપરેશન અને અન્ય સારવાર કરવામાં આવી પણ આખરે ૮ ઑક્ટોબર ૨૦૨૫ના રોજ વહેલી સવારે વડોદરામાં તેમણે અંતિમ શ્વાસ લીધા. કામિનીબેન પોતાનો ઘણો સમય ધ્યાન, શ્રી અરવિંદ-માતાજીના તેમજ દાદા ભગવાનના કાર્યક્રમમાં ગાળતાં. શિબિરોમાં જવાનું પણ તેમને ગમતું. અનુકૂળતા પ્રમાણે જતાં પણ ખરાં.

કામિનીબેન તેમની મૈત્રી, પ્રેમ, સદ્‌ભાવ માટે હંમેશાં તેમના બૃહદ પરિવારમાં પોતાની સુવાસ ફેલાવતાં રહેશે. સદ્‌ગતને ભૂમિપુત્ર પરિવારની શ્રદ્ધાંજલિ.

**– સ્વાતિ**

---

શિવા-એક સામાન્ય છતાં... (પાન ૨૧નું ચાલુ)




એક સમયના સંવેદનહીન માણસની સંવેદનથી ભીની ભીની કલમથી અવતરેલું આ પુસ્તક વાંચતાં ભાગ્યે જ કોઈ પોતાની આંખો અને મન પર કાબૂ રાખી શકે.

પુસ્તકનું નામ : **શિવા.** લેખક : પ્રશાંત દયાળ. પ્રકાશક : સાર્થક પ્રકાશન. કિંમતઃ રૂ. ૨૦૦ મો. નં. ૯૮૨૫૨ ૯૦૭૯૬

**– આશા વીરેંદ્ર**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# શિવા- એક સામાન્ય છતાં અસામાન્ય નારી

હજી ૨૧ મી સપ્ટેમ્બર-૨૦૨૫, શિવાનીના જન્મદિને પ્રકાશિત થયેલું પુસ્તક 'શિવા' (દાંપત્યજીવન અને પત્રકારત્વના તાણાવાણાથી ગૂંથાયેલી અનુભૂતિ કથા) હમણાં જ એકીબેઠકે વાંચીને પૂરું કર્યું. વાંચીને પુસ્તક ભલે બાજુ પર મૂક્યું પણ શિવાનીએ એવો તો મનનો કબજો લીધો કે, આખું પુસ્તક, એમાંની એક એક ઘટના 'એક્શન રીપ્લે'ની માફક મનમાં ભજવાવા લાગી. જાંબાઝ અને નીડર પત્રકાર પ્રશાંત દયાળે એટલી તો નિખાલસતા અને પારદર્શકતાથી આલેખન કર્યું છે કે, આજના સમયમાં પણ કોઈ ઢાંકપિછોડા કે છોછ વિના 'જેવા છે તેવા' દેખાનાર લોકો પણ છે એ વાતની નવાઈ લાગે! 'સાર્થક' પ્રકાશને જો આ પુસ્તક પ્રકાશિત ન કર્યું હોત તો એક સાચુકલા માણસને ઓળખવાથી આપણે સૌ વંચિત રહી જાત.

૧૬૫ કરતાંય ઓછાં પૃષ્ઠોમાં એમણે પોતાના નાનપણથી અત્યાર સુધીના જીવનનો, પોતાને આવી મળેલાં પાત્રોનો એવો તો બખૂબી ચિતાર આપ્યો છે કે, વાચકના સ્મૃતિપટલ પર બધું કાયમ માટે અંકિત થઈ જાય. ઊઘડતે પાને 'જન્મદિવસની ભેટ' શીર્ષક હેઠળ પ્રશાંત દયાળે જે પહેલું જ વાક્ય લખ્યું છે કે, 'શિવાની મારી પહેલાં જશે , તેવો અણસાર અમને બંનેને હતો.' એ વાંચીને આ પુસ્તકનો અંત શું હશે એ તો સમજાઈ જ જાય છે. પહેલેથી અંત ખબર હોય છતાં છેક સુધી કોઈ પુસ્તક તમને જકડી રાખે એવું ભાગ્યે જ બનતું હોય છે.

એમના જીવનમાં શિવાનીના આગમન પહેલાંના પ્રશાંતભાઈ વિશે વાંચ્યા પછી જેમ જેમ આગળ વધતી ગઈ એમ વિચાર આવતો હતો કે, પુરાણોમાં જેમ વાલિયામાંથી વાલ્મીકિ બન્યાની કથા આવે છે એમ આ સાંપ્રત સમયમાં શિવાનીએ ખરેખર એ કમાલ કરી બતાવી. પ્રશાંતની પોતાની લગ્ન ન કરવાની જીદ છતાં 'આઈ'ને ખાતર પરાણે શિવાનીને (પિયરમાં એનું નામ પ્રવીણા હતું) જોવા ભરૂચ એના ઘરે જવું પડે છે ત્યારે એની પાસે જ 'ના' કહેવડાવવા પોતે દારૂ, ચરસ, ગાંજો લેતા હોવાની અને માંસ, મદિરા ગમતાં હોવાની વાત કરે છે. એની ધારણાથી વિપરીત શિવાની કહે છે, મને વાંધો નથી. લગ્ન કરવા માટે પણ પ્રશાંત શરતો મૂકે છે. એ વાંચતી વખતે થાય કે, હમણાં શિવાની ના કહી દેશે પણ બધું મંજૂર રાખીને એ આ માથાફરેલ, બરછટ અને ઉદ્દંડ માણસ સાથે પરણવા તૈયાર થઈ ત્યારે આશ્ચર્ય થાય કે, આ મુફલિસ દેખાતી વ્યક્તિની ભીતરની તાકાત એણે કેવી રીતે પારખી લીધી હશે? બાકી પ્રશાંત પોતે જ કહે છે કે, 'મને આખો નિચોવી નાખો તોય તેમાંથી પ્રેમનું એક ટીપું પણ ન નીકળે!' આવા માણસ માટે એ શી રીતે 'મૈં તો ચૂપચૂપ ચાહ રહી' એવું અનુભવી શકી હશે?

લગ્ન પછી આઈ-બાબાના આગ્રહથી શિવાની સાથે ફરવા જવા નીકળવું પડ્યું ત્યારે શિવાનીએ 'કપડાં બદલો તો સારું' એમ કહીને પ્રશાંતની નીચેથી થોડી ફાટેલી પેંટ તરફ ઈશારો કર્યો ત્યારે આ ફાટેલ મગજના પતિએ અંદર જઈને જીન્સની પેંટ કાપીને ચડ્ડી બનાવીને પહેરી ને પત્નીને કહ્યું કે, હું આમ જ આવીશ. પતિની આવી બધી વિચિત્રતાઓ સામે શિવાની શાંતિથી, અડગતાથી ઊભી રહી. વર્ષો વીતવા સાથે પ્રશાંતને પત્નીની આંતરિક સૂઝ અને હિંમતનો જેમ જેમ પરિચય મળતો ગયો એમ એનું આશ્ચર્ય અને અહોભાવ વધતાં ગયાં. જ્યાં કંઈક ખોટું દેખાય ત્યાં પંગો લેવાની આ પત્રકારની આદતને કારણે અનેક મુશ્કેલીઓ આવી પણ ઠંડી તાકાતથી શિવાનીએ જે રીતે સામનો કર્યો એ જાણીને વાચક પણ નવાઈ પામી જાય. તેથી જ તો પ્રશાંત ગર્વથી કહે છે કે, 'મને સતત વધુ સારો માણસ બનાવવાની પ્રક્રિયાની તે મુખ્ય હિસ્સેદાર હતી.' વળી બીજી એક જગ્યાએ એ કહે છે કે, 'મારા જીવનમાંથી શિવાની કાઢી નાખો તો મારો ગ્રાફ ૯૦% નીચો જતો રહે.'

પ્રશાંત 'સંદેશ'માં કામ કરતા હતા ત્યારે એમની લખેલી સ્ટોરીને કારણે કોઈ એક સમાજ નારાજ થઈને એટલો ઉશ્કેરાયેલો કે એમના વિરોધમાં અમદાવાદના આશ્રમ રોડ પર મોટી રેલી નીકળેલી. ત્યારે તો ઘરે લેંડલાઈન ફોન જ હતો. એની પર ધમકી આપતા નનામા ફોન આવવા લાગેલા. ફોન પર શિવાનીને કોઈએ કહ્યું, 'અમે તારા ઘરવાળાને મારી નાખીશું.' ત્યારે શિવાનીએ જવાબ આપેલો કે, 'એ માટે તો તમારે મારા ઘરે આવવું પડશે. ચાલો, મારું એડ્રેસ લખી લો.' જે સાવ ગભરુ અને ડરપોક લાગતી હતી એ પત્નીના આવા સોંસરવા જવાબ પછી તો માત્ર પ્રશાંત જ નહીં, આડોશી પાડોશી પણ એની પર આફરીન થઈ ગયેલા. ધીમે ધીમે કરતા એ પતિની કરોડરજ્જુ બની ગયેલી. એણે પતિને જરાય ડગમગવા ન દીધો. પ્રશાંતના બેબાક પત્રકારત્વ અને તેજાબી લખાણોને કારણે લટકતી તલવાર જેવી પરિસ્થિતિ તો જાણે કાયમી બની ગઈ હતી પણ એવી દરેક વેળાએ મજબૂતીથી પતિનો હાથ પકડી એ કહેતી, 'ચિંતા કરતા નહીં. તમને કંઈ થશે નહીં અને કદાચ થાય તો પણ બાળકોને હું મોટાં કરીશ.' એના દુબળા-પાતળા દેહમાં સર્જનહારે આટલું મજબૂત હૈયું મૂકીને ખરેખર કમાલ કરી કહેવાય!

દીકરો આકાશ અને દીકરી પ્રાર્થના હજી તો સાવ નાનાં હતાં ને શિવાનીને બ્રોંકાઈટીસ લાગુ પડ્યો. સમયની સાથે સાથે રોગે પોતાનો પંજો પસારવા માંડ્યો અને જ્યારે હરવા-ફરવાની અત્યંત શોખીન શિવાનીના અરમાન પૂરા કરવા જેવી આર્થિક સદ્ધરતા આવી ન આવી ત્યાં તો દિવસે દિવસે રોગ આ દુર્બળ કાયા છતાં પોલાદી મનોબળ વાળી સ્ત્રીની ફરતે ભરડો લેવા લાગ્યો. માત્ર પચીસ વર્ષના ઉબડ-ખાબડ રસ્તાઓ પર ચાલીને સમથળ માર્ગ પર ડગ માંડી રહેલા દાંપત્યજીવન પછી વિદાય લઈ રહેલી શિવાને છેલ્લી ઘડીએ પ્રશાંતે કહેવું પડે છે કે, 'મને તારી ખૂબ જરૂર છે. તારી વગર એકલો થઈ જઈશ એ પણ મને ખબર છે. છતાં હું તને મુક્ત કરું છું. તું પણ હવે મને મુક્ત કર.' કેવા કકળતા હૈયે એમણે આ કપરી વિદાય આપી હશે એની કલ્પના કરતા પણ ધ્રૂજી ઉઠાય છે. પુસ્તકને અંતે પત્નીને સંબોધીને પ્રશાંત કહે છે, 'મને તે કહેવામાં જરા પણ સંકોચ નથી કે, શિવા! મને તારા વગર ગમતું નથી અને હું એકલો પડી ગયો છું.'

(જુઓ પાન નં. ૨૦)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ખુદાના નેક બંદા : ઈસ્માઈલ દાદા

''સ્વાતંત્ર્યસેનાની,
વનસ્પતિ જગતના મસીહા,
કૃષિવિજ્ઞાનના નિષ્ણાત,
ભોળા ગ્રામજનોના સહાયક તથા માર્ગદર્શક,
વિદ્યાર્થીઓના ગરવા ગુરુવર્ય,
અનાસક્ત સમાજસેવક,
હસતા ફિલસૂફ,
ઇસ્લામ અને હિંદુત્વનો સમન્વય કરનારા,
સમભાવભર્યા આચરણથી સમાજમાં પ્રકાશ પાથરનારા,
વિરલ ઓલિયાસમા નૂતન સૌરાષ્ટ્રના સપૂત, નાગોરી પરિવારના દિપક, એવા ખુદાના નેક બંદા તથા વિશ્વ શાંતિ સેનાનીસમા દાદા (શ્રી ઇસ્માઇલભાઈ આલમભાઈ નાગોરી) અહીં ચિર સમાધિમાં પોઢ્યા છે. એ દાદાને શત શત ભાવવંદના....)

**– શ્રી ઇસ્માઇલદાદા સ્મારક સમિતિ,**
મુ.પો.તરવડા, તા.જિ. અમરેલી.

ઉપરોક્ત પ્રશસ્તિ જેમની મઝાર પર લખાણી છે અને તેનું અનાવરણ, ગાંધીજી જેને બાબલો કહેતા એ શ્રી નારાયણભાઈ દેસાઈના હસ્તે ૨૦મી જૂન, ૨૦૦૪ના રોજ થયું, એવા ઇસ્માઇલદાદાનો જન્મ તા. ૪-૧૧-૧૯૦૪ના રોજ વાંકાનેરમાં થયેલો. માતૃ-પિતૃ બંને પક્ષથી સંસ્કાર અને શિક્ષણનો ઉજ્જ્વળ વારસો પામેલા ઇસ્માઇલભાઈ બાઉદ્દીન કૉલેજ જૂનાગઢમાંથી અરબી-ફારસીના સ્નાતક થયા, આથી ઉર્દૂ - ફારસીની નજાકત અને માધુર્ય બોલવા - લખવામાં જિંદગીભર જળવાયાં.

પરંતુ એ દેશકાળ જુદો હતો. સ્વાતંત્રસંગ્રામનાં વાદળોથી એ સમયનું રાષ્ટ્રીય અવકાશ ગોરંભાયેલું રહેતું. મહાત્માજીનું સર્વસ્વ હોમવાનું આહ્‌વાન યુવાનો હોંશે હોશે ઝીલવા હરીફાઈમાં ઊતરેલા. આવા સમયમાં ઇસ્માઇલદાદા જેવા સંવેદનશીલ યુવાન કેમ અસ્પૃશ્ય રહે ? એ યુવાન પણ ગ્રામસેવાનાં રચનાત્મક કાર્યો કરવા થનગની રહ્યો હતો, પણ કાવ્યો અને સાહિત્યથી તો કેમ સંભવે ? - એની મીઠી મૂંઝવણ એ અનુભવે. પ્રેરણાની કોઈક વિરલ ક્ષણે નિર્ણય લેવાઈ ગયો કે ગ્રામસમાજની વચ્ચે રહેવા, કામ કરવા અને તેને ઉપયોગી થવા કૃષિના સ્નાતક થવું. પુનાની ખેતીવાડી કૉલેજમાં પ્રવેશ મેળવીને એકડે એકથી ભણવાનું શરૂ કર્યું.

એમની વિષય પ્રત્યેની ભક્તિ, વિદ્યાવ્યાસંગ કેવાં હતાં એ એમની એક વાતમાંથી આપણે પામી શકીએ. તેઓ કહેતા, ''હું ભણતો ત્યારે ક્યારેય પરીક્ષાની તૈયારી કરી નથી. કૉલેજમાં જઈને નોટિસ બોર્ડમાં જોઈ લઉં કે આજે કયા વિષયનું પેપર છે ? પોતાના વિષય તો કાયમ તૈયાર જ હોય ને !! આખું વર્ષ ભણ્યા હોઈએ, એ વિષયને પ્રેમ કર્યો હોય પછી તેમાં છેલ્લે તૈયારી શી કરવાની ?''

આવા વિદ્યાના ઉપાસક દાદાએ અભ્યાસ માટે વાંકાનેર રાજ્યની સરકારી, શરતી શિષ્યવૃત્તિ લીધેલી, તેથી રાજ્યની ખેતીવાડીખાતાની ઊંચી, મોભાદાર નોકરી સ્વીકારી. (૧૯૩૦ થી ૧૯૩૫ સુધી) પણ એમ મોભાદાર નોકરી જ કરવી હોત તો એકડે એકથી ફરી ભણવાની ક્યાં જરૂર હતી ? ઇસ્માઇલદાદાનું પોત કંઈક જુદું જ હતું. નોકરી છોડી દીધી. રતુભાઈ અદાણી જેવા રચનાત્મક કાર્યકર મિત્રો જ્યાં કામ કરતા હતા એવા ખોબા જેવડા ગામ તરવડા (જિ.અમરેલી) ગામે પલાંઠી વાળી. એક સ્વાવલંબી ખેડૂત તરીકેનું જીવન જીવવું હતું તેથી પત્નીનાં ઘરેણાં અને વડીલોપાર્જિત મિલકત વેચીને જમીન ખરીદી અને ધરતીપુત્ર થવામાં જીવનની સાર્થકતા અનુભવી. તરવડાની ગ્રામસેવા એમની પૂર્ણ કક્ષાની હતી. ખેતી-ગોપાલનના જ્ઞાતા તરીકે તો લોકોને માર્ગદર્શન આપતા જ, આ ઉપરાંત અસ્પૃશ્યતા, શિક્ષણનો અભાવ, આરોગ્ય, દીકરા-દીકરીના વાંધાવચકા જેવી સામાજિક સમસ્યાઓ, આ બધું એમની સામે આવતું. એ સઘળું સ્વીકારતા, રસ્તો કાઢતા, સમજાવતા. શોખને કારણે સ્વયંભૂ રીતે આયુર્વેદના નિષ્ણાત બન્યા. તરવડા અને આજુબાજુના લોકો એમની વૈદકીય સેવાના લાભાર્થી બન્યા. બીમાર વ્યક્તિને દવા તો આપે સાથે મધની વાટકી પણ આપે જેથી દવાની ત્વરિત, ધારી અસર થાય. બસ સામેનાની પીડા ઓછી થાય, એ જ એમનો મુખ્ય ભાવ.

એક વખત એક માણસ દોડતો દોડતો આવીને કહે : 'દાદા દર્દીને જોઈ દ્યો ને !'

દાદાએ પૂછ્યું : 'પણ દર્દી છે ક્યાં ?'

'દર્દીને ગાડામાં હુવડાવીને ગાડું શેત્રુંજીના સામે કાંઠે રાખ્યું છે' પેલાએ કહ્યું.

'ગાડું નદીને કાંઠે કેમ રાખ્યું છે ?' દાદાએ નવાઈ પામતાં પૂછ્યું.

'નદીની રેતમાં ગાડું હાકું તો બળદને બૌ આલ આવે એટલે ગાડું સામે કાંઠે ઊભું રાખ્યું છે' પેલાએ કહ્યું. દાદા માત્ર હસ્યા. ચાલતા સામે કાંઠે ગયા, દર્દીને તપાસીને દવા આપી પાછા ચાલતા આવ્યા.

આવી જ રીતે એક વખત મધ્યરાત્રીએ એક વાર પોતાના ઘરના સભ્યને ખૂબ તાવ આવેલો એટલે એક ભાઈ બોલાવવા આવેલા. ભાઈને દાદાએ રાહત થાય એવી દવા આપીને કહ્યું કે હું સવારે જોવા આવીશ. 'ઇસ્માઇલ ! તમે આપણા સલીમને તાવ આવે તો સવાર સુધી રાહ જુઓ ખરા ?' દાદાનાં પત્ની ખદીજાબાએ આ એક વાક્યમાં દાદાને વૈદ્યધર્મ સમજાવતાં પૂછ્યું. ખરે જ દાદા ચપ્પલ પહેરીને પેલા ભાઈ સાથે ગયા.

લોકસેવા કે આરોગ્યસેવા તો એમના ગ્રામનિવાસનો પરિપાક હતો પણ એમનું ખરું પોત તો વનસ્પતિજીવનના આરાધકનું હતું. તુલસીદાસજીએ વૃંદાવન ખાતે શ્રી કૃષ્ણની મૂર્તિ જોઈને કહેલું : ''તુલસી મસ્તક તબ નમે જબ ધનુષ્ય લિયો હાથ.'' કહે છે કે કૃષ્ણની મૂર્તિએ રામ સ્વરૂપે તુલસીદાસજીને દર્શન આપેલાં. લોકભારતીના પૂર્વ આચાર્ય મનસુખભાઈ સલ્લાએ નોંધ્યું છે કે જો ઈશ્વર ઇસ્માઇલદાદાને પૂછે કે બોલ બેટા, હું કયા સ્વરૂપે તારી સામે પ્રગટ થાઉં ? તો ક્ષણનો વિલંબ કર્યા વિના દાદા તો કહેવાના કે વનસ્પતિ રૂપે. હું સલ્લાભાઈ કરતાં વિશેષ શ્રદ્ધા સાથે કહેવા તૈયાર છું કે ઈશ્વર જરૂર દાદા સામે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

વનસ્પતિરૂપે આવ્યા હશે !! આવો એમનો વનસ્પતિ-પ્રેમ.

ઈ.સ. ૧૯૫૩માં સ્થાપનાકાળે તો લોકભારતી કેવળ આવળીયાટ. ધોળા દિવસે પણ જતાં બીક લાગે એવી અવાવરું જગ્યા હતી. આજે લત્તામંડપો, ફળોથી લચી પડતા બાગ, બાલમંદિરનાં ભૂલકાંની જેમ ગેલ કરતાં ફૂલછોડથી લોકભારતી રળિયામણી લાગે છે એમાં ઇસ્માઇલદાદાનો ફાળો સૌથી મોટો છે. આવનાર હરકોઈ આગંતુકને લોકભારતીનું આકર્ષણ થાય છે તેમાં તેનું પ્રાકૃતિક ભાવાવરણ પણ જવાબદાર છે.

વૃક્ષ, છોડ વગેરે એમની આગવી દુનિયા હતી. એ છોડ સાથેની એમની વાતો, પરિવારના કોઈ વડીલના, ઘરના સભ્યો સાથેના વાર્તાલાપની કક્ષાએ પહોંચતી. એક વખત લોકભારતીના વિદ્યાર્થીઓએ દાંડિયારાસ માટે કચનારના વૃક્ષની ડાળીઓ કાપીને દાંડિયા બનાવ્યા. એમાં વિદ્યાર્થીઓએ સાવધાની કે કાળજી નહીં રાખેલી એટલે વૃક્ષ વિરૂપ બનેલું. ઇસ્માઇલદાદા ત્યાંથી પસાર થતા એમણે ચામડીઉતાર પીડા અનુભવી. મુખ્ય ગૃહપતિની રજા લઈને તેઓએ સારસ્વત ભવનમાં સાયં પ્રાર્થના પછી વિદ્યાર્થી સામે તરડાયેલા અવાજે કહ્યું..... ''મારા પ્યારા બચ્ચાઓ, તમને શું કહું.... તમે ડાંડિયા માટે કચનારને આવી ખરાબ રીતે વેડી નાખ્યું... તમને જરાય વિચાર ન આવ્યો.... તમારે એને બદલે મારા હાથ કાપવા હતા ને.... આ કામ તો બુચરનું કહેવાય.... અરે... રે બચ્ચાઓ ! મેં તમને શું કહી દીધું.... તમને બુચર ન જ કહેવાય... મારા બચ્ચાઓ વનસ્પતિને પણ જીવ છે, એને ચાહો, એને વિરૂપ ન કરો....''

આટલું બોલતાં તો દાદાના આંસુઓ ગાલની સરહદે આવી ચૂકેલા. વિદ્યાર્થીઓની પણ આંખો ભીની થઈ ગઈ. આ ઘટનાનું પુનરાવર્તન પછી ક્યારેય ન થયું. ''ગુરુસ્તુ મૌનમ વ્યાખ્યાનમ્'' તે આ. ભારતીય વિજ્ઞાની જગદીશચંદ્ર બોઝે જે સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું એ સિદ્ધાંતને દાદા જીવ્યા છે એમ કહેવામાં જરાય ખોટું નથી જ !

વનસ્પતિવિજ્ઞાન અને ખેતીગોપાલન અંગે ઇસ્માઇલદાદાનું જ્ઞાન પણ કેવું અગાધ હતું ! 'ગામડે કામ કરો' એવા ગાંધીના આદેશથી નાનાભાઈ ભટ્ટ ગ્રામ દક્ષિણામૂર્તિ - આંબલામાં ગ્રામશિક્ષણ માટે બેઠા. સાથે મનુભાઈ પંચોળી 'દર્શક', મૂળશંકરભાઈ ભટ્ટ, ન. પ્ર. બુચ વગેરે પણ જોડાયા. આ બધામાંથી કોઈને ખેતીનું જ્ઞાન નહીં. ગામડામાં કામ કરવું અને ખેતીનું અજ્ઞાન એ તો કેમ પોસાય ? એટલે ખેતી શીખવા માટે મનુભાઈ પંચોળીએ ઇસ્માઇલદાદાને ગુરુ કર્યા. છ મહિના તરવડા રહીને પ્રત્યક્ષ ખેતીકામ શીખ્યા. મનુદાદાએ આ છ મહિનાનાં સ્મરણો 'સદ્ ભી સંગ' પુસ્તકમાં લખ્યા છે. મનુભાઈએ લખ્યું છે કે પોતે ત્રણ કલાક ખેતરમાં કામ કરતા અને સાત કલાક ઇસ્માઇલદાદા પાસે ભણતા. કેવો અદ્ભુત સંયોગ ! ગુરુ-શિષ્ય બંને અસામાન્ય.

મનુદાદા કહેતા, ઇસ્માઇલદાદા જેવા ગુરુ દુર્લભ છે તો ઇસ્માઇલ દાદા કહેતા કે મનુભાઈ જેવો શિષ્ય મને બીજો મળ્યો નથી !

મનુદાદા ખેતીનું સર્વાંગી જ્ઞાન દાદા પાસેથી શીખ્યા. આજે આંબલા, મણાર, લોકભારતી અને માયધારની ખેતી અને કેમ્પસ ફળોથી લચી પડતા બાગથી શોભે છે એના પાયામાં ઇસ્માઇલદાદા તરફથી મનુદાદાને મળેલી કૃષિ દીક્ષા છે. 'ઝેર તો પીધાં છે જાણી જાણી'માં દશકિ ગોપાળ બાપાની વાડી સર્જી છે એ પણ ઇસ્માઇલદાદા તરફથી મળેલી દષ્ટિનું જ ફળ છે. ઇસ્માઇલદાદાના પુસ્તક 'વનસ્પતિ જીવનદર્શન'ને આવકારતાં કાકાસાહેબ આ પુસ્તકને વનસ્પતિજગતની ભગવદ્ ગીતા કહે છે એ સર્વથા સાર્થક છે. મારું પોતાનું માનવું છે કે આ પુસ્તકના અધ્યયન વિના કૃષિશાસ્ત્ર કે વનસ્પતિશાસ્ત્રમાં કોઈને સ્નાતકની પદવી ન જ મળવી જોઈએ.

દાદા પાસે ગદ્યનું અદ્ભુત સૌંદર્ય હતું. અભિવ્યક્તિની નજાકત, સૌંદર્ય અને માર્મિકતા એમને કલમવગાં હતાં. ઉર્દૂ, અરબી, હિંદી, સંસ્કૃત ભાષાનું લાલિત્ય તેમાં ભારોભાર ઊતર્યું છે. 'વનસ્પતિ જીવનદર્શન' અને 'વાડી પરનાં વહાલાં' એ બે પુસ્તકોમાં વાચક આ બધું અનુભવી શકે એમ છે. નવમા ધોરણના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં 'વાડી પરનાં વ્હાલાં' પુસ્તકનો અંશ સ્થાન પામ્યો છે એ પણ આજના પર્યાવરણના જતન માટે તાતી જરૂરિયાત જોતાં સુયોગ ગણાય. વનસ્પતિના જીવનદર્શનમાં ડોકિયું કરનાર દાદાને ધર્મ અને પોતાના જીવનનું દર્શન પણ અદ્ભુત હતું !! એમનું આ પાસું 'મુસલમાનનો ધર્મ' અને 'મારું ઇસ્લામ દર્શન' એ પુસ્તકોમાં દષ્ટિગોચર થાય છે. દાદાની આધ્યાત્મિક ઊંચાઈ એવી હતી કે ધર્મ પ્રત્યે સમત્વ એમને સહજસિદ્ધ બનેલું. ભેદની ભીત્યુંને ભાંગીને એમણે એટલી સમરસતા કેળવેલી કે હિંદુ એમને મુસ્લિમ ગણે અને મુસ્લિમો હિંદુ ગણે. એમનાં દીકરા - દીકરીઓના સગાઈ પ્રસંગે એમના આ સહજ ગુણે સમસ્યા ઊભી કરેલી.

ઇસ્માઇલદાદાનું સદ્ભાગ્ય એ ગણાય કે એમને ખદીજાબા જેવાં સહધર્મચારિણી મળ્યાં. 'સદ્ ભી સંગ'માં દર્શકદાદા ઇસ્માઇલદાદાની વંદના કરતાં એ મૂંઝવણ અનુભવે છે કે કોનાં વખાણ કરવાં ચાંદનાં કે ચાંદનીનાં? ઇસ્માઇલદાદાના સ્નેહસંબંધનો પથારો મોટો. ઘરની સાધારણ સ્થિતિમાં પણ ઘર મહેમાનોથી ભરેલું રહેતું. આવા સમયે વિદુરની ભાજીથી પણ ખદીજાબા સ્નેહપૂર્વક યજમાનપદ શોભાવતાં. વાંકાનેરનું સુખ-સગવડભર્યું જીવન પતિના સ્વાવલંબિત જીવનની ઘેલછાથી છોડ્યું. દાદાની સાથે તેઓ પણ ગ્રામસમાજનું અભિન્ન અંગ બન્યાં. સેવામાં પલોટાયાં. જાણે સ્નેહ, સેવાની સરવાણી વહેવડાવવામાં પતિ-પત્નીમાં હોડ લાગેલી !! આવા ગૃહસ્થ દંપતીને શ્રદ્ધાસુમન....

**– મહેશ પઢારિયા**

**ભૂમિપુત્ર**

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨

સંપાદક : **રજની દવે**

સં. મંડળ : **સ્વાતિ • પારુલ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

વાર્ષિક લવાજમ રૂ.૨૦૦

આજીવન અનામત રૂ.૨૫૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (એરમેલ) રૂ.૨૦૦૦

લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઓફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.



YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

'Bhumiputra' Fortnightly Published & Posted at Vadodara RMS on 01-11-2025 R.N.I. No. 1683/57

# કલ્ચરલ ટ્રેઈનિંગ

અનન્યા લીફ્ટની રાહ જોવા પણ ન રોકાઈ. પહેલે માળે જ જવાનું છે. દાદર ચઢીને જઈશ તો જલદી પહોંચી જવાશે. આજનું આ ટ્રેઈનિંગ સેશન કેટલું મહત્ત્વનું છે, એમાં મોડા પડીએ તો કેટલું ખરાબ લાગે! એટલે જ તો સવારથી વહેલી ઊઠીને કામે લાગી હતી. મુન્નીનું માથું ઓળવાનું, પોતાનું ને હેમંતનું ટિફિન તૈયાર કરવાનું, મમ્મીની કેરટેકર બહેન આવવાની નહોતી એટલે એમને નવડાવીને, કપડાં પહેરાવીને તૈયાર કરવાનાં ... કામની યાદી જાણે લંબાયે જ જતી હતી. નજર વારંવાર ઘડિયાળ તરફ જ જતી હતી, ''હેમંત, ગેસ પર દૂધ ગરમ મૂક્યું છે. જરા જોજે ને! અને મમ્મીના બાથરૂમનું ગીઝર ઓન કરી રાખ ને, આ શાક વઘારીને મમ્મીને નવડાવી દઉં.''

''અનુ, હમણાં હમણાં તું મારી પર બહુ ડીપેંડંટ થતી જાય છે. આ બધાં કંઈ મારાં કામ છે? તારે ટાઈમ મેનેજમેંટ શીખવાની જરૂર છે.''

બબડતો બબડતો હેમંત રસોડામાં તો ગયો પણ ડાઈનીંગ ટેબલ પર પડેલાં છાપાં પર નજર પડી કે એ વાંચવામાં મશગૂલ થઈ ગયો. ગેસ પર મૂકેલું દૂધ ઊભરાઈ ગયું. ગેસ અને પ્લેટફોર્મ સાફ કરવામાં દસ મિનિટ ગઈ. આ બધું યાદ આવતાં અનન્યાનો મૂડ ખરાબ થઈ ગયો. મોઢા પર પરાણે હાસ્ય લાવી એ કોંફરંસ રૂમમાં દાખલ થઈ. માર્કેટીંગ મેનેજર, સોફ્ટવેર એંજિનિયર કે ફાયનાન્સ ડિપાર્ટમેંટમાં કામ કરનાર જે કોઈને કંપની દુનિયાના જુદા જુદા દેશોમાં મોકલવાની હતી એ બધાં માટેની આ કલ્ચરલ ટ્રેઈનીંગ હતી.

''હેલ્લો એંડ વેલકમ, વેરી ગૂડ મોર્નિંગ ટુ ઓલ ઑફ યુ. માય સેલ્ફ મીતા મેનન.'' સુંદર વેસ્ટર્ન વસ્ત્રોમાં સજ્જ, સ્માર્ટ મીતાએ હસતે મોઢે સૌને આવકાર્યાં. પરિચય વિધિ પતાવ્યા પછી તરત જ એ મુખ્ય મુદ્દા પર આવી ગઈ હતી. ''જુઓ, આપણે ત્યાં જેમ નામની સાથે ભાઈ, બહેન લગાડાય છે એમ જાપાન, સિંગાપૂર જેવી જગ્યાઓએ માનાર્થે સાન લગાડવામાં આવે છે. જેમ કે, અનન્યાસાન, તરુણસાન કે પરાગસાન વગેરે. એ લોકો તમારાં નામ પાછળ સાન લગાડે એ પ્રમાણે તમારે પણ એમનાં નામ પાછળ સાન લગાડવાનો વિવેક રાખવાનો.''

મીતાની વાતો કરવાની ને સમજાવવાની રીત એટલી સરસ હતી કે, લંચનો સમય ક્યારે આવી ગયો ખબરેય ન પડી. ''મને લાગે છે કે, હવે તમને સૌને એવી તો કકડીને ભૂખ લાગી હશે કે, જો હું બ્રેક નહીં આપું તો મને જ ખાઈ જશો. તો મિલતેં હૈં બ્રેક કે બાદ.''

લંચની વ્યવસ્થા તો કંપની તરફથી રાખવામાં આવી હતી પણ કરણ ને મિહિર જેવા બે-ચાર જણ ઘરેથી ટિફિન લઈને આવ્યા હતા. હેમંતનું ટિફિન બનાવવાનું હતું એટલે અનન્યાએ પોતાને માટે પણ રોટલી-શાકનો ડબ્બો ભરી લીધો હતો. દાદર પાસેની જગ્યામાં પડેલા બાંકડા પર બેસીને એ ખાઈ રહી હતી ત્યાં એને ઉપલા માળના દાદર આગળથી એક ગુસ્સાભર્યો અવાજ સંભળાયો,

''તને નથી ખબર કે, સલાડ અને પાપડ વગર મને નથી ચાલતું? ભૂલી કેમ જવાય?'' ''એ હું કંઈ ન જાણું. ગમે તેટલું મોડું થતું હોય પણ મારું ટિફિન વ્યવસ્થિત હોવું જ જોઈએ. સમજી? નો આર્ગ્યુમેંટ્સ.''

અનન્યાને ખ્યાલ આવ્યો કે અવાજ એના કલીગ મિતેષનો હતો.

લંચ પછી મીતાએ ઈમેઈલ કરવામાં કેવી ભાષાનો, કેવા શબ્દોનો ઉપયોગ કરવો, કોઈ સાથે લંચ કે ડીનર પર જાવ ત્યારે કઈ રીતે વર્તવું એવી જરૂરી માહિતી આપ્યા પછી પૂછ્યું, ''તમારામાંથી કેટલા જણ સ્ત્રી અને પુરુષ સાથીદારો સાથે સમાન વર્તન કરે છે? સ્ત્રીઓ સાથે કામ કરતી વખતે એ તમારાથી ઊતરતી છે એવો ભાવ તમારા મનમાં રહે છે? આ સવાલનો જવાબ મને ભાઈઓ પાસેથી જોઈએ છે.''

એક યુવાને ઊભા થઈને પૂછ્યું, ''આપણી ચર્ચામાં આ મુદ્દાનું શું કનેક્શન છે?''

''કનેક્શન છે, માય ફ્રેંડ. આપણા દેશમાં જેમ અમુક કામ સ્ત્રીઓનાં જ અને અમુક પુરુષોનાં એવું સમજવામાં આવે છે એવું પરદેશમાં નથી. તમે એવું વર્તન ભૂલથી કરી નાખો તો તમારી ખોટી છાપ પડે. હવે મને કહો કે, અહીં જે પરિણીત પુરુષો છે એમાંથી કેટલાની પત્નીઓ ઘરની બહાર જઈને પણ કામ કરે છે?'' ઘણા બધાએ હાથ ઊંચા કર્યા.

''અચ્છા તો હવે મિ.પરાગ, તમે તમારી નોકરી કરતી પત્નીને કંઈ મદદ કરો છો?''

''એની મદદમાં કૂક અને કામવાળી બાઈ છે એટલે મારી મદદની જરૂર નથી રહેતી.''

''મારા ઘરમાં મારી પત્નીને મારી મમ્મીની મદદ મળે છે.''

કરણે મિતેષને આગળ કરતા કહ્યું, ''મેમ, હવે મિતેષનો વારો.''

મિતેષ જરા થોથવાઈને બોલ્યો, ''મારી વાઈફ પાર્ટ ટાઈમ જોબ કરે છે એટલે ઘરનાં કામ મેનેજ કરવામાં એને કંઈ મુશ્કેલી પડે એમ નથી.''

છેલ્લે સવાલો પુછાયા, મીતાએ સંતોષકારક જવાબ આપ્યા અને સેશન પૂરું થયું. બહાર નીકળીને અનન્યા ખાસ મીતાને મળવા ઊભી રહી.

''મેડમ, આપણા ભારતીય સમાજમાં સ્ત્રી-પુરુષ વચ્ચેના જે ભેદભાવ પ્રવર્તે છે એ ઓછા કે નાબૂદ થવામાં હજી કેટલાં વર્ષો લાગી શકે?''

''એ તો હું નહીં કહી શકું પણ એટલું હું ચોક્કસ માનું છું કે, 'ફિર સુબહા કભી તો આયેગી'. કદાચ એને દાયકાઓ પણ લાગે ને કદાચ સદીઓ પણ લાગે. ઓ.કે. બાય.''

અનન્યાને થયું, આજે વહેલી ફ્રી થઈ છું તો ચાલ, ચોથે માળે કામ કરતી મનાલીને મળતી જાઉં. લગભગ અડધા કલાક પછી એ ઘરે જવા નીકળી ત્યારે એણે સ્કૂટર ચાલુ કરતા મિતેષને જોયો. એ આગળ ચાલવા ગઈ ત્યાં એણે જોયું કે, એક સ્ત્રી, એને હેલ્મેટ પહેરવામાં મદદ કરીને પછી પાછલી સીટ પર બેઠી.

''અરે, આ તો મીતા છે! મિતેષની અટક પુરોહિત અને મીતાની મેનન એટલે કોઈને ખ્યાલ ન આવ્યો કે, એ બંને પતિ-પત્ની છે. મીતાએ વેસ્ટર્ન ડ્રેસમાં છુપાવી રાખેલા મંગળસૂત્ર પર અત્યારે સીધો તડકો પડતો હતો અને એ ચમકતું હતું. અનન્યાને એના કહેલા શબ્દો યાદ આવ્યા, ફિર સુબહા કભી તો આયેગી. અને એણે ઘર ભણી પગ ઉપાડ્યા.

(વૈશાલી નગરકરની મરાઠી વાર્તાને આધારે) **– આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું. મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org